শ্রী

ঈশ্বরচন্দ্র বিদ্যাসাগর

શ્રી

જેનખાનજશસાગર

ચિરંજીવી

પ્યારોબીબી સાહેબની

બિસ્મિલ્લાહના શુભ પ્રસંગની યાદીમાં

સર્વે સંબંધીઓને આપવાની ભેટ.

બનાવનાર

કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.

દસાડા. ઝાલાવાડ.

આવૃત્તિ ૧ લી. સંવત ૧૯૬૭ પ્રત ૩૦૦.

ધર્મ વિજય પ્રેસમાં હીરાલાલ વસંતદાસે છાપી.

૪૬૩, રીચીરોડ, અમદાવાદ.

ઈશ્વર સ્તુતિ.

મનહર.

જેના બળવડે બન્યાં, ભૂમિ અને અસમાન;
જશ જેના જગ માંહી, સદાય ગવાય છે.
સરવ મનુષ્ય જેની, સ્તુતિ કરે નીશદિન;
પશુ પક્ષિ કીટ સહુ, જેહી ચિત્ત ચાય છે.
તરૂવર છોડ ઘાસ, સરવ આધાર જેહી;
જળ થળ માંહી જેહી, પ્રતાપ જણાય છે.
તેવા પરમેશની હું, સ્તુતિ કરૂં પ્રેમ થકી;
તમ કૃપા થકી પ્રિતે, ગ્રંથ આ લખાય છે.

પરમ પિતા છો પ્યારા, સરવના છો આધારા;
સરવ મનુષ્ય તારાં, બાળક ગણાય છે.
સદાય સ્વભાવ શાન્ત, આભાર તુજ અપાય;
આપ નામ શુદ્ધ આપ, ભાવથી ભણાય છે.
જગ પાળનાર તાત, જરૂરી ચીજો વિખ્યાત;
જન સુખ સારૂ કીધી, જાહીર જણાય છે.
એવા પ્રતિપાળનાંસુ, ચિંતવન કર્યા થકી;
સેવકનાં દુઃખો સહુ, હર્દમ હણાય છે.

લી. સેવક,

ડાહ્યાલાલ મહુશંકર જોશી.

દસાડા-કાઠીયાવાડ.

દાદા નસીરોદીનની સ્તુતિ.

મનહર.

દાદાહે નસીર તમ, સ્તુતિ કરૂં સ્નેહ થકી;
આપની કૃપાથી, દુઃખ દારીદ્ર તે જાય છે.
અહોનિશ આપનું, સ્મરણ કરૂં પ્રેમ થકી;
સહાય આનંદ મારા, દિલ માંહી થાય છે.
નુરનો ભંડાર તુંહી, સદા સુખ આપનાર;
તમ કૃપા થકી કામ, સફળ જણાય છે.
હસરથ સરદાર, સલામ માનો હજાર;
આપનો સેવક ડાહ્યો, ગુણ આપ ગાય છે.

આપનો પ્રતાપી વંશ, મલેક રાજન અંશ;
પ્રજા પતિપાળ જગ, જાહીર ગણાય છે.
આપની કૃપા થકી, સદાય અમ રાજ તણાં;
સરવ ધારેલ કામ, સફળ તો થાય છે.
સહાય રાખો કૃપાય, નસિરોદ્દિન દાદાય:
તમ પ્રત્યે સ્તુતિ કરી, વિનતિ ભણાય છે.
મલેક રાજાનાં કાર્ય, સફળ કરો સદાય:
તમ કૃપા થકી સદા, આનંદ તો થાય છે.

આમિન.



નામદાર દરબાર શ્રી જેતખાનજી સાહેબ—હસાડા.

અર્પણ પત્રિકા.

દોહરા.

જેનખાન દરબારને, વિનતી કરૂં આ વાર;
લઘુ ગ્રંથ હું આદરૂં, આપ કૃપા નીરધાર.
બિસ્મિલ્લાહુના હર્ષમાં, રચ્યો ગ્રંથ શુભ કાજ;
અર્પણ કરૂં છું આપને, સ્વીકારશોજી રાજ.
સેવક હું છું તમ તણો, સદા ઈચ્છું કૃપાય;
સદા પ્રેમ શુભ રાખજ્યો, જેનખાનજી રાય.
રિદ્ધિ સિદ્ધિ આપને, સફળ કામ શુભ થાય;
આશિષ ડાહ્યાલાલની, સફળ કરો જગરાય.

આમિન.

પ્રસ્તાવના.

નામદાર દરબારશ્રી જેનખાનજી સાહેબનો ઇતિહાસ લખવાની મને લાંબી મુદત થયાં જીજ્ઞાસા હતી. આ રાજા કુમાર અવસ્થાએ હતા ત્યારથીજ તેમનામાં કુદરતી ઉચ્ચ ગુણો ઝળકાઈ આવતા હતા. પોતાની સમીપ રમતાં નાનાં બાળકો તથા હરકોઈ ગરીબ ગરબાં તરફ હમેશાં સખાવત કરવાની તેમની હોંશ મારા જોવામાં આવતી હતી. રમવાનાં રમકડાંથી માંડીને તે કોઇને કપડાં, ખાવાનું પૈસા ઈત્યાદિકથી સંતોષી તેઓને ખુશી થયેલાં જોઈ પોતે પોતાના સુકૃત્યને માટે મનમાં હરખાતા હતા. કીશોર વયમાં રાજકોટ કિંગ કોલેજમાં દાખલ થયા અને ત્યાંના મેહેરબાન માસ્તર સાહેબો તથા અન્ય રાજકુંવરોના ઉચ્ચ સહવાસમાં આવવાથી નામદાર દરબારશ્રીનો કુદ્રતી જે ઉચ્ચ અંકુર તેને ઉચ્ચ શિક્ષણ રૂપ જળ સીંચાયું અને ત્યાંના ઉચ્ચ પ્રસાદથી ઉત્તરોતર એક સારા રાજકુંવરને શોભે તેવા

શુભગુણવાળા અચ્છા રાજકુંવર નીવડયા. પોતાના મગજમાં હું રાજા છું અને પ્રજા તથા અન્ય સમંધી તરફ પોતાની શું ફરજ છે તે સારી રીતે સમજવા લાગ્યા. જેમ કોલેજમાં આવું ઉચ્ચશિક્ષણ મેળવતા હતા તેવીજ રીતે ઘર આગળ પણ તેમનાં માતુશ્રી આચ્છોબા કુંવર સાહેબને બહુ સારૂં જ્ઞાન અપાવવાની ખંત રાખવાથી તથા મેહેરબાન જાફરભાઈ અલીભાઈ જેવા બાહોશ વજીર અને રા. મોતીલાલભાઈ જેવા અનુભવીની કુંવરશ્રીને જેમ બને તેમ ઉચ્ચ શિક્ષણ આપવાની ખંતને લઇ કુંવરશ્રી બહુ સારૂં શિક્ષણ લઇ શકયા. કુંવર કોલેજમાંથી કોલેજના ધારા અનુસાર ઘેર પધારતા ત્યારે તેમના કોલેજમાંથી પસંદ કરેલા ખાનગી ટયુટર રા. જાદવજીભાઈ તથા રા. શીવલાલભાઈ ગોશળીયાના હાથ નીચે ઘેર પણ ખાનગી અભ્યાસ બહુ પ્રેમથી કરતા હતા અને ઉત્તરોતર સારાજ માણસોના સહવાસમાં રહેવાથી કુંવરશ્રીમાં કોઈ પણ જાતનો દુર્ગુણ પેસવા પામ્યોજ નહિ. રજાના વખતમાં પોતે કયારેંક કયારેંક પોતાની કચેરીમાં જાય અને ત્યાં સરકારી કામદારને ઇન્સાફનું કામ કરતા હોય તેમાં વાદી પ્રતિવાદી તરફની દલીલો તથા ગામડાનાં માણસોને જે કાંઈ દાદ કરવા કચેરીમાં આવ્યાં હોય તે હકિક્ત પોતે કચેરીમાં બેશી શાન્તપણે સ્નેહપુર્વક સાંભળતા અને એટલી કીશોર અવસ્થામાં પણ પોતે સારાસારનો નિર્ણય કરી શકતા, અને લગભગ સત્યનું

શોધન કરી કામદારને હસ્તે મુખે પોતે કેટલીક વાત સમજાવવાની હોંશ બતાવી પોતાનો અભિપ્રાય જણાવતા, ત્યારે કામદારશ્રી તેમની આટલી નાની ઉંમરમાં તેમની આટલી બધી હોંશ અને સત્યનું શોધન કરવાની ખંત અને સત્ય શોધી કાઢવાની શક્તિ જોઇ બહુ હર્ષ પામતા.

પોતે ક્રિકેટ, ફુટબોલ, ટેનીસ અગર બીજી મર્દાઇ રમતો તેમજ પાવડી મગદળ વગેરે કસરતના શોખીન હોઇ ભારે વજનના મગદળ પણ પોતાના કુદ્રતી અંગબળને લઇ નાની ઉમર છતાં સહેલાઇથી ફેરવી શકતા.

ઘોડા દોડાવવામાં તથા તેને દોડતો ઠેકાવવામાં પણ આ રાજકુંવર બહુ હુશિયાર નીકળ્યા હતા. પોતાના ગામ કલાડા (હાલમાં જૈનાબાદ) જતાં એક વખત તેમની ઘોડી પુરપાટ વેગમાં જતી હતી, ત્યારે આડી થોરની ઉંચી વાડ તેમના જોવામાં આવી અને તે વાડ ઘોડીને કુદાવતાં વાડની બીજી તરફની ખાઇ તેમના જાણવામાં નહુતી. કુદેલ ઘોડીપરથી ખાઇ જોવામાં આવતાંજ પોતાની ચાલાકી અને હીંમતને લઇ વાડ તથા ખાઇ સાથેજ ઓળંગી ગયા છતાં પોતાને કે ઘોડીને કાંઇપણ હરકત આવી નહિ. (જે અંતર માપતાં અઢાર હાથ થયું હતું)

બંદુક ફોડવામાં તથા અન્ય શસ્ત્ર વાપરવામાં પણ કુંવર શ્રી જેનખાનજી સાહેબ હુશિયાર નીકળ્યા અને ચંચળ વૃત્તિ તો એટલે સુધી કે ફરવા પધાર્યા હોય ત્યાંથી દરબા-

રમાં આવતા હોય ત્યારે અગર ક્રિકેટ કે બીજી રમતમાંથી પધારતા હોય ત્યારે રસ્તામાં સલામ કરતા માણુસોની સલામ લેવામાં પણુ તેમની બેસરત કયારે પણુ થતી ન હતી, તથા રસ્તામાં કોઈ ગરીબ પાંગળું કે દયામણુ સખાવત કરવા લાયક જોઈ તેજ વખત પોતાના તરફથી બનતી સખાવત આપતા અગર આપવાની પોતાના માણુસને ભલામણુ કરતા અને તે સખાવત તે માણુસને મળી ગયાની પણુ ખાત્રી કરતા, ત્યારેજ તેમને સંતોષ થતો. પોતે સદા હિંમતવાન, બહાદુર અને શરીરને વખતે કાંઇ અકસ્માત લાગી જવામાં પણુ પોતે એક મરદ છે તેવી ખુમારીને લઇ કદી કાયર થતા નહિ. કિંગકાલેજમાં હતા ત્યાં એક વખત પોતાની બાઇશીકલ પુરવેગમાં જતી હતી ત્યારે અણુધાર્યું વચમાં આવરણુ આવી જવાથી બાઈશીકલ પડી જવાથી કુંવરશ્રીને વધારે વાગ્યું છતાં પોતે ભીરૂ બન્યા નહિ; તેમજ તળપદ દસાડામાં ટેનીસ રમતાં પોતાના હાથને ભારે ઇજા થવાથી ઉતરી ગએલો હાથ પોતાને હાથેજ ચડાવી લઇ દરબારમાં પધારતા હતા તેવામાં " આળા ઉપર ઠેશ " એ કહેવત અનુસાર પોતે ગામમાં પેશી થોડા આગળ આવ્યા તેવામાં ગામની ભેંસોનું મોટું ટોળું દોડતું સામું આવતું જણાયું પણુ વળવાના વાંક આગળ પુરતી જગ્યા ન હોવાથી હજુરના સાથના માણુસોએ હુશિયારી કરવા છતાં હજુરશ્રીના અકસ્માત થએલા હાથને ભેંસનો જરા ધક્કો વાગવા છતાં પણુ

પોતે હીંમતવાન રહ્યા. તેમજ એક વખત દરબારી બંગલામાં પેટ્રોલ ભરેલ ડબો અકસ્માત સળગી ઉઠી મોટો ભડકો થતાંજ માણુસોની રાહ ન જોતાં પોતાના હાથેજ સળગતો ડબો બહાદુરીથી પકડી લઈ બંગલા ઉપરથી નીચે જમીન ઉપર ફેંકી દીધો. જેમાં પોતાના હાથની હથેળી અને આંગળાંને સાધારણ ઈજા થઇ. માણુસો દોડી આવ્યાં અને દરબારશ્રીને પૂછતાં તેમણે શાન્તપણે જવાબ આપ્યો કે એતો પેટ્રોલનો ડબો કાંઈ અકસ્માતથી ફાટયો તે મેં નીચે ફેંકી દીધો. વળી એક રમુજી દાખલો. ઓસાણ હથીયાર બાદશાહને બીરબલની વાત મુજબ એક વખત નામદાર હજુરશ્રી ઉનાળાની મોશમમાં રાત્રીનો થોડો ભાગ વીત્યા પછી દરબારગઢના બંગલાની બારી નજદીક આમ તેમ ટેલતા હતા. જે વખત ગ્યાસલાઈટ લગભગ ઝાંખી કરી નાંખવામાં આવી હતી તેવામાં હજુરશ્રીના પગના જમણા અંગુઠામાં કાંઇ ઝેરી જંતુ કરડવાની સાથજ હજુરશ્રીએ પોતાનો તે પગ એકદમ તરછોડવાથી તે જંતુ સામેના કબાટ સાથે અથડાયો. હજુરશ્રીને ડંખ ઉપર દોરડું બાંધવાનું તુરતજ સુઝી આવતાં અને માણુસોને બોલાવવાથી થોડી પળ પણ વીતી જાય તેમ ધારી પોતે જાતેજ દોરડાંને માટે પોતાના પેરેલ સુરવાલનું નાડું એકદમ ખેંચી લઇ તુરતજ ડંખ થએલા ભાગની અજુબાજુ મજબુત બાંધી લઇ પોતાથી નજદીક સુતેલા પોતાના મિત્ર અને કુટુંબીભાઈ

બાપુમીયાં સાહેબને તેજ વખત જગાડયા. આમ ઓચીંતા જગાડવાથી બાપુમીયાં સાહેબ પ્રથમ તો ગભરાયા પણ પછી નામદાર હજુરશ્રીએ તેમને તુરતજ હિંમત આપી બનેલ હકિકત તાકીદે ટુંકામાં જણાવી. ચપ્પુ માગ્યો અને ડંખ-વાળો તમામ ભાગ એકદમ કાપી નાંખવાનું કહ્યું પણ કોમળ હૃદયના બાપુમીયાં સાહેબનું દિલ પોતાના જીગરના મિત્રનો ડંખવાળો ભાગ કાપવામાં ચાલવા અચકાતાંજ નામદાર હજુરશ્રીએ સ્વહુસ્તેજ તે ભાગ ચીરી નાંખી જ્યાં સુધી કાળું થઇ ગએલું ઝેરી લોહી પુરેપુરૂં નીકળી ગયું અને લાલ લોહી નીકળવા માંડયું ત્યાંસુધી તે ઉપચાર જાતેજ શરૂ રાખ્યો અને પ્રભાત નજદીક નગીનદાસ અને જીવશંકરભાઈ તથા મેહેરબાન દાકતર સાહેબ કસ્તુરચંદ-ભાઇને ખબર આપતાં તેઓએ દવા તથા પાટાનું કામ કરી હજુરશ્રીએ હુશિયારીથી ડંખ વાઢી નાંખી ઝેરી લોહી કાઢી નાંખવાને માટે સાબાશી આપી. આ ખબર શેહેરમાં એક-દમ ફેલાઇ જતાં પોતાના કુટુંબી ભાઈયો તથા મેહેરબાન થાણુદાર સાહેબ વખતશંગભાઇ તથા મેહેરબાન ફોજદાર સાહેબ અને શેહેરના અન્ય ગ્રહસ્થોએ આવી દરબારશ્રીને ખબર પુછતાં તેમણે શાન્તપણે હકિકત કહી સંભળાવી હતી અને બીજો આખો દિવસ તથા આખી રાતનો દેશી રીવાજ મુજબ ઉજાગરો કર્યો હતો.

આ રાજા પોતાને મળવા આવતાં માણસોને પ્રેમથી

મળે છે તથા શાન્તપણે તેમની વાતો શ્રવણ કરી પોતાથી બનતો ખુલાસો આપે છે તથા અહોનિશ પોતાની રાજા તરીકેની ફરજો સમજે છે. ઇશ્વરી સેવામાં પરાયણ છે અને કોઈપણ જાતનો પંથ ભેદ ન રાખતાં પોતે પરોપ-કારનાં કામ તેમજ ન્યાયમાં સદા સત્યરૂપેજ છે અને કોઇ પણ જાતનું અપલક્ષણ કે દુર વ્યસન નથી. આ રાજાનાં રાજ્ય લક્ષણો જોતાં મને મહાન્ અકબરશાહ બાદશાહના ઇતિહાસનું વારંવાર ભાન થાય છે. આવા રૂડા રાજાનો ઇતિહાસ લખવાની મને લાંબી મુદત થયાં બહુ હોંશ હતી પણ કાંઈ શુભ પ્રસંગ મળે તો તે વખતની યાદીમાં આ વૃત્તાંત બહાર પાડું તેમ મારો અંતઃકરણનો નિર્ણય હતો. નામદાર ચિરંજીવી પ્યારો બીબીસાહેબની બીસ્મીલ્લાહનો માંગલ્ય વખત આવવાથી મારી જીજ્ઞાસા સફળ થઈ તેમ મને લાગ્યું અને મારો આ વિચાર હજુર ટ્રેઝરર રા. રમણ-લાલભાઈ મોતીલાલને જણાવતાં તેમણે પણ બહુ ખુશાલીથી મારા મતને અનુમોદન આપવાથી મને ઉચ્છરંગનો ઊમળકો ઉભરાયો અને તેજ હર્ષના ઝરામાં નામદાર હજુરશ્રી પાસે આવી ચિરંજીવી પ્યારો બીબી સાહેબની બિસ્મિલ્લાહના શુભ પ્રસંગની યાદીમાં “જેનખાન જશસાગર” નામનો લઘુ ગ્રંથ બહાર પાડવાની મારી ઇચ્છા જણાવતાં હજુરશ્રી મારા ઉપર પ્રસન્ન થયા અને મારી હોંશ પુરી પાડવા તેમણે ગ્રંથ છપાવવાની પરવાનગી આપી. આ પુસ્તક ત્રણ ભાગ

રૂપે કરવા મેં ધાર્યું. પ્રથમ ગદ્ય લખાણ, પછી ગુજરાતી કવિતા અને છેલ્લા ભાગમાં કવિત્ત, એ પ્રમાણે ગોઠવણ કરવામાં આવી. બનેલ ક્રમમાં કવિતા ગોઠવવા ધ્યાન આપ્યું છે પરંતુ ગુજરાતી કવિતા અને ભાષા કવિત્તનો જુદો ભાગ રાખવાથી ગુજરાતી કવિતા અને કવિત્તની શાલનો ક્રમ વખતે જુદો જણાય ખરો. આ પુસ્તકમાં જે જે કવિતાઓ અને કવિત્ત છે તે દરબારશ્રી જેનખાનજી સાહેબ કિંગ કોલેજમાં વિદ્યાભ્યાસ કરતા હતા ત્યારથી માંડીને તે ચિરંજીવી પ્યારો બીબી સાહેબની બિસ્મલ્લાહ થઈ ત્યાં સુધીમાં મારાથી જે જે પ્રસંગે જે જે બનેલ તેનો સંગ્રહ મારી પાસે હોવાથી તે એકત્ર કરી તેનો હુજુરશ્રીની પરવાનગી લઇ આ લઘુ ગ્રંથ બહાર પાડયો છે. પ્રસંગે પ્રસંગે રા. મોતીલાલભાઇને આ ગ્રંથમાંની કવિતાઓ સંભળાવતો હતો અને તેઓ પણ સાંભળી પ્રસન્ન થતા હતા વગેરે વગેરે પુષ્ટી આ ગ્રંથ બહાર પાડવામાં સાયંકુળ થઈ છે અને તેથીજ આ લઘુ ગ્રંથ બહાર પાડવા હું શક્તિમાન થયો છું. રાજકોટમાં વિદ્યાર્થિઓને સંસ્કૃતનું મફત શિક્ષણ આપનાર વિદ્વાન શાસ્ત્રીજી ભવાનીશંકરભાઈ ઈંદ્રજીનું બહાર પાડેલ રાજભુષણનું પુસ્તક મારા વાંચવામાં આવ્યું અને મારૂં રાજકોટ જવું થતાં દસાડા માજી થાણદાર સાહેબ રાજેશ્રી જગજીવન બાવાભાઈ ઓઝાની મારફત મને રા. ભવાનીશંકરભાઈને મળવાનો લાભ મળ્યો. આ સમાગમમાં મને બહુ

આનંદ થયો અને તેમના પુસ્તકનાં વખાણ મારે મોઢેથી સાંભળતાં તેમણે જનસમુહ પ્રત્યે પોતાની ઇશ્વરી ફરજ શું છે તેનું સારૂં વ્યાખ્યાન મને આપવાથી મેં તેમનો ભારે ઉપકાર માન્યો હતો અને આ મારા લઘુ ગ્રંથ વખતે મને રા. ભવાનીશંકરભાઇના ગદ્ય પુસ્તકમાં આપેલ શિક્ષણ યાદ આવવાથી નીતિશિક્ષણના સાર રૂપ કવિતા મને બનાવવાની મારી લહરીને રા. ભવાનીશંકરભાઇએ સંમતી આપવાથી મેં પણ મારી માનસીક ફરજ અદા કરી આ પુસ્તકનો એક ભાગ નીતિશિક્ષણ એ નામે કવિતા રૂપે લખ્યો છે.

આ લઘુ ગ્રંથ લખતાં મને કાવ્યના ગ્રંથો તથા કવિ લોકોના સમાગમથી જે કાંઈ પ્રસાદી પ્રાપ્ત થઇ તેના આધારે યથાશક્તિ આ ગ્રંથ લખવામાં આવ્યો છે; પણ એથી જે મારી લાંબી મુદતની જીજ્ઞાસા તે સફળ થવાથી મને બહુ ભારે સંતોષ થયો છે. જેથી મને આ લઘુ ગ્રંથ બહાર પાડવાના અનુમોદન આપનાર મુરબ્બી માન્યવંતાઓનો હું જીગરથી આભાર માનું છું.

લી. હું છું.

રાજા જેનનો સદા કૃપાકાંક્ષિ

ડાહ્યાલાલ મલુશંકર જોશી.

દસાડા—કાઠીઆવાડ.

તા. ૨૦—૫—૧૮ સવારના નવ

જેનખાન જશસાગર

ભાગ ૧ લો

નામદાર દરબારશ્રી જૈનખાનજી સાહેબ, દસાડા.

રાજા જેન ? વસ્તીનો પાલણુહાર જેન, વિદ્યાનો વિલાગ્રી અને કિર્તિનો આકાંક્ષી જેન, સત્યનો શોધક અને ગરીબનો બેલી જેન, પ્યાસાનો મીઠો મેરામણુ જેન, સારાસારનો નિર્ણુય કરી શકનાર જેન, સર્વને શાન્તિ આપનાર શાન્ત પ્રકૃતિ રૂપ જેન, મિત્ર મંડળનો માનીતો, ધર્મ પરાયણુ, અને સગાં સંબંધી તથા સહવાસમાં આવેલ સર્વને શાન્તિ આપનાર જેન, આજે દસાડા તાલુકદાર તરીકે શોભી રહેલ છે. (આ લખાયા પછી હાલમાં જૈનાબાદ તાલુકદાર તરીકે લખાય છે) આ રાજાના વખાણુ કરતાં એક કવિ કહે છે કે, રાજા બહુજ ઉંચા વિચારવાળો, ધર્મિષ્ટ, મનમાં બધું સમજે તેવો, બનતાં સુધી કોઈને દુઃખ ન મનાવનાર, બહુ ઉદાર અને શાન્તિને ચાહનાર છે.

નામદાર દરબારશ્રી જૈન ખાનજી સાહેબનો જન્મ ઈ. સ. ૧૮૮૪ ની સાલમાં થયો હતો. તેમના પ્રતાપી પીતાશ્રી નામદાર જોરાવરખાનજી સાહેબ સારા ઉદાર અને પ્રજા પાલક રાજા તરીકે વખણુાઈ ગયા. છે. તેમનાં ધર્મ પ્રતિપાળ માતુશ્રી આચ્છોબા સાહેબ, તે વઉવા ગામના જાડેજા ઠાકોરશ્રીનાં કુંવરી છે. માતુશ્રી આચ્છોબા પોતાની

ઉદાર વૃતિથી સગાં સબંધી તથા પોતાના સહવાસમાં આવનાર પ્રત્યે શાન્ત રૂપ, અને સદા માયાળુ છે, અને સેંકડો બલકે હજારો નિરાશ્રિત કે ગરીબગરબાંઓને સખાવતથી શાન્તિ પમાડનાર છે. જેમ રાજા જેન પાસે આવેલો અતિથી શાન્ત થઈ આશિર્વાદ આપી પોતાની કાર્યસિદ્ધિના હર્ષમાં રાજા જેનની કિર્તિની પ્રસંશા કરી દુવાગીર થઇ જાય છે, તેવીજ રીતે રાજાની ગેરહાજરીમાં પણ તેમનાં ધર્મ પ્રતિપાળ માતુશ્રી આચ્છોબા સાહેબની ખેરીયત સખાવતને લીધે હજારો ગરીબગરબાં સંતોષ પામી દુઆ આપી રાજી થતાં પોતાના ધામ તરફ જાય છે.

રાજાનાં બીજાં માતુશ્રી દાદીબીબી સાહેબ જેઓ દાસેદનાં ખાનદાન કુળનાં બેટી છે, તેઓ પણ ધર્મપરાયણ, ઉદાર, મીલનસાર અને ગરીબોને મદદ આપનાર છે.

રાજા જેનખાનજી સાહેબનો જન્મ દિવસ, બિસ્મીલ્લાહ, અને સુનતસાદીના ઉત્સવ બહુ સારી રીતે ઉજવાયા હતા. ભારે લાણાં, ખાનપાન, ઈનામ અકરામ અને ગરીબ પ્રત્યેની ઉદાર સખાવતને લીધે દસાડા સર્વદા દીપી રહ્યું હતું. વસ્તીને સોનાનો સૂર્ય ઉગી રહ્યો હતો, અને બંદીજનો, ગવૈયા, કવિ વગેરેનાં તેમની લાયકાત પ્રમાણે ભારે સન્માન થયાં હતાં. તેમની કુંમાર અવસ્થામાં તેમના પ્રતાપી પીતાશ્રી જીનતવાશી થવાથી તેમનાં પ્રતાપી માતુશ્રી આરછોબા સાહેબની દેખરેખ નીચે કુંવરશ્રી ઉચ્ચ શિક્ષણ પામ્યા હતા, અને એક સારા રાજકુંવરને શોભે તેવા સર્વ શુભગુણ-

સંપન્ન કુંવરશ્રી જૈન ખાનજી સાહેબ વિદ્યાભ્યાસ કરવાને લાયક ઉમરના થતાંજ તેઓશ્રીને, શ્રીમન નામદાર સરકારના ધારા અનુસાર રાજકોટ કિંગ કૉલેજમાં વિદ્યાભ્યાસ કરવા માટે દાખલ કરવામાં આવ્યા. કૉલેજમાં દાખલ થતાંજ તેમણે પોતાની ભણવાની ખંત, કાર્યકુશળતા, દીર્ઘદૃષ્ટી, શાન્ત સ્વભાવ, અને ગંભીરપણાને લીધે પોતાને શિક્ષણ આપનાર માસ્તરોનો બહુ સારો પ્રેમ મેળવ્યો હતો.

જેમ જેમ કલાસો પસાર કરતા ગયા અને ઉત્તરોતર ઉપલી કલાસમાં દાખલ થતા ગયા તેમ તેમ તેમનામાં અસાધારણ કુશળતા અને ગુરૂ ભક્તિ વધારે વધારે આવવાથી તેમના કૉલેજના મુખ્ય ગુરૂ કૃપાળુ મેઈન સાહેબ અને વુડીંગ્ટન સાહેબની પુર્ણ પ્રિતિ મેળવવાને તેઓ ભાગ્યશાળી નીવડયા. આ બન્ને માન્યવંતા સાહેબોની તેમના ઉપર અપાર પ્રિતિ હતી, એટલુંજ નહિ પણ તે વખતના તેમની સાથે વિદ્યાભ્યાસ કરતા સર્વ રાજકુમારોની તેમના ઉપર બહુ ભારે પ્રિતિ હતી, તે એટલે સુધી કે, કુંવરશ્રી જૈનખાનજી સાહેબને તેઓ કોઈ કોઈ વખત પોતાના ખાનગી અગર કલાસના કામમાં સર્વની વતી ટ્રસ્ટ કે મેમ્બર નીમતા હતા. આ પ્રમાણે પ્રેમાળુ જેન બધાનો પ્રેમ સંપાદન કરવાને શક્તિમાન થયા હતા.

કુંવર જૈનખાનજી સાહેબ પોતાનો વિદ્યાભ્યાસ પુર્ણ થતાં ગુરૂ પ્રસાદ મેળવી દસાડે પધારતાં તેમને રા. વેણિશંકરભાઇ જેવા બાહોશ મેનેજરની દેખરેખ નીચે વ્યવહા-

રીક શિક્ષણ લેવાની ગોઠવણ થઇ. પોતાની શિક્ષણ સમજ અને જાતિ અક્કલને લીધે તેમણે ટુંક મુદતમાં પોતાના કામથી રા. વેણિશંકરભાઇને બહુ સારો સંતોષ આપ્યો. જેમને માટે રા. વેણિશંકરભાઇએ કુંવરશ્રીની લાયકાત અને પ્રવિણુતાને માટે સરકારમાં બહુ સારો રીપોર્ટ કર્યો.

નામદાર કુંવરશ્રી જેનખાનજી સાહેબને રાજ્યાભિષેકનો વખત નજદીક આવવાથી નામદાર સરકારના ફરમાનથી તેઓ હિંદુસ્તાનના પ્રવાસે પધાર્યા જેમાં પોતાની સાથે રાજેશ્રી માર્કરસાહેબ, મુસાહેબ મલુકભાઇ, હજુરી ડોસુભાઇ, તથા રાઠોડ નજુ સાથે ગયા હતા. જેઓ ગુજરાત, મુંબાઈ, નિજામનું રાજ્ય, મ્હેસુર. મદ્રાસ, બંગાળા, લખનૌ, આગ્રા, દિલ્લી, જયપુર, અજમેર, વગેરે સ્થળે થઈ ઘેર પધારતાં તેમને ભારે માન આપવાને શહેરમાં ધજા પતાકાઓ અને રોશની તથા આતસબાજી કરવામાં આવી હતી તથા ગરીબગરબાંને ભારે સખાવત આપવામાં આવી હતી અને સમંધીજનો તથા પ્રજા વર્ગમાં ભારે ઉત્સાહ છાઈ રહ્યો હતો.

દેશાટણથી ઘેર આવ્યા પછી પુરતા ઉમરલાયક અને રાજનિતિજ્ઞ થતાંજ નામદાર સરકારે તેમને રાજ્યની કુલ લગામ સોંપી. આ રાજ્યાભિષેક વખતે નામદાર જન્મિ સુપ્રીન્ટેન્ડેન્ટ હોટસન સાહેબ તથા અન્ય સમધીયોએ સારી હાજરી આપી હતી, અને ભારે સરપાવ વહેંચાયો હતો. તથા રાજ્યાભિષેકની શુભ યાદગીરીમાં આચ્છોબા લાયબ્રેરી ખુલ્લી મુકવામાં આવી. રાજા જેનખાનજી સાહેબ

વિદ્યાને ઉત્તેજન આપનાર છે, તેઓ વખતોવખત સ્કુલમાં પધારી સ્કુલના વિદ્યાર્થી અને કન્યાશાળાનાં કન્યાઓને સારાં ઈનામો વહેંચે છે. તેમણે દસાડામાં મદ્રેસા સ્કુલ ઉઘાડી છે તેમજ એક ગૃહસ્થના પુત્રને ઉચ્ચ કેળવણી લેવા માટે અલીગઢ કૉલેજમાં જવાની ભલામણ કરી મદદ આપી છે. તેમજ કલાડા ગામનું નામ બદલી, જૈનાબાદ પાડયું છે.

દસાડામાં વૉટર વર્કસ બગીચો, હવામેહેલ, અને દરબારગઢમાં કેટલાક સુધારા, તેમજ માલણપુર બગીચો, જૈનાબાદજીન વગેરે બનાવી સુધારાનાં સારાં સારાં કામો કર્યાં છે. પોતાના ગામડામાં પોલીસ પટેલો તરફ ફરમાન કરી ગામડામાં વસતા કોઈપણ અનાથ, માંદાં, લુલાં, પાંગળાં કે હરકોઈ બીમારી ભોગવનાર માણસને રોગ મુક્ત થઈ સુખી થવાને માટે અમદાવાદ કે હરકોઇ સ્થળે દવા કરાવવા જવામાં પોતાની તરફથી બનતી મદદ આપે છે. તેમજં ગરીબગરબાં તથા નબળા ખેડુતોને મોસમમાં આગતર તથા પાસતર મોલની માંખળો તોળાતાં સારી સખાવત આપે છે. પોતાનાં સઘળાં ગામોમાં પુષ્કળ ઝાડો રોપાવ્યાં છે. અને વીસાવડી ગામના લોકની સગવડતાને માટે જૈન પરૂં બંધાવ્યું છે.

ચાલતા યુદ્ધમાં નામદાર જૈનખાનજી સાહેબે પોતાના તરફથી એક મોટોરકાર તથા પૈસાની બનતી મદદ આપી નામદાર સરકાર પ્રત્યેની પોતાની ફરજ બજાવવામાં ભાગ્યશાળી નીવડયા છે.

કેટલાક ગામડામાં રાજાએ મીઠા પાણીના કુવા ખોદાવી લોકોનો તથા અબોલ પશુઓનો મીઠા પાણીનો ધરવ પુરો કરી બહુ ભારે આશિર્વાદ વહોરી લીધો છે. અને હજીપણ પોતાની પ્રજા જેમ બને તેમ વધારે સુખી થવા તરફ ભારે ખંત રાખે છે. તાલુકદારી કલબ કાઢી બનતાં સુધારા કરવા કોશીષ કરે છે. પ્રભુ તેમની ઈચ્છા સફળ કરો. આમિન.

રાજા જેનખાનજી સાહેબને હાલમાં એક પાંચ વર્ષનાં કુંવરીશ્રી પ્યારોબીબી સાહેબ, અને એક વર્ષની ઉમરના કુંવરશ્રી છે. તેમનાં હાલનાં રાણી સાહેબ તેઓ ધોળકાનાં મીયાં સાહેબનાં કુંવરી છે. તેઓ પ્રેમાળ તથા શાન્ત સ્વભાવનાં અને ધર્મિષ્ટ છે.

રાજા જેન સર્વદા સુયશ પામો. તેમનાં સર્વ કાર્ય સિદ્ધ થાઓ; અને એક ઉત્તમ રાજ્ય કર્તા તરીકે જગત્ પ્રસિદ્ધ થાઓ એવી અમારી સર્વદા દુઆ છે.

લી. સ્નેહાધીન સેવક,
ડાહ્યાભાઇ મુળશંકર જોશી.
દસાડા.

તા. ૭-૨-૧૮. બિસ્મિલ્લાહ પ્યારો બીબી સાહેબ.

કુંવરશ્રી જેનખાનજી સાહેબને રાજકોટ કિંગ કૉલેજમાં ડાહ્યાલાલે લખેલો પત્ર.

કુંડળીયો.

સ્વસ્તિ શ્રી તે નગરને, જહાં ભણે જેનખાન,
જોરાવરના પુત્રને, પ્રિતે કરૂં પ્રણામ;
પ્રિતે કરૂં પ્રણામ, દાસ ડાહ્યો હું તારો,
ગુણિયલ તું નામદાર, નિત્ય લાગે છે પ્યારો;
સદા શાન્ત સ્વભાવ, જરા જેની નહિ મસ્તી.
જશવંતા જેનખાન, હજ્યો તારૂં નિત્ય સ્વસ્તિ.

છપ્પો.

પત્ર લખ્યો તો એક આપને પ્રેમ કરીને,
ઉભરાયો આનંદ અતીશે જોર કરીને;
કુંવરશ્રીની ખુશ ખબર જાણવા કાજે,
પત્ર લખ્યો તો એક આનંદ ઉર માંહી ગાજે;
તે કારણથી પત્ર લખી જોઇ રહ્યો શુભ વાટથી,
પણ શાણા સરદારનો પત્ર નાવ્યો પાટથી.

૨

ચકોર ચંદની સાથ લગની લાગી જેવી,
ત્યમ અમ છો શિરતાજ લગની જાણું તેવી;

દર્શનનો મહિમાય મહિમાવંત જાણે છે,
આપના દર્શન તણો અર્થ ફોટોજ સારે છે;
પણ આપના દિદારનો દર્શન લ્હાવો જેટલો,
ફોટાથી કેમ બની શકે પ્યારા આનંદ તેટલો.

૩

પૂર્ણ થયો વરસાદ આજની રાતે પ્રિતે,
વધાઇ શુભ નામદાર પ્રિતથી ધરજ્યો ચિત્તે;
વાવેતર ભલી ભાત કર્યાં છે પ્રેમ કરીને,
ત્રણ દિવસ વરસાદ થયો ફર ફર કરીને;
પણ આજ રાત આખી તણો પડીયો મુશળધારથી,
ડાહ્યાલાલ વિનતિ કરે વારૂંવાર હજારથી.

૪

સંકેસર ને સમી તણા સમાચાર આવ્યા,
મેહ છે મુશળધાર વાવેતર ખુબ કરાવ્યાં;
વારૂં દેશ વઢીયાર વરસ્યો છે પ્રેમ કરીને,
લોકના થોક આનંદ માંહી ફરે પ્રેમ ધરીને;
શ્રીમંત નવાબ સરકારને વધાઇ આ શુભ આપજ્યો,
સલામ વારંવારના સેવક તણા કહાવજ્યો,

દોહરો.

છેવટ વિનતિ એટલી, અર્જ ધરીને વિર;
ત્રણે બ્રાતની કુશળતા, જણાવશો રણધિર.

આમિન !

શ્રીમન નવાબ સાહેબ રાધણપુર તથા દરબારશ્રી જેનખાનજી સાહેબ-દસાડા.

ચોપાઇ.

(દરેક લીટીનો પહેલો અક્ષર વાંચો.)

શ્રીમંત શાણા છો સરદાર, નયણે નિરખું વારંવાર;
મંદીરમાં ફોટો છે તમો, જેનખાનજીને મનગમો.
તમ પ્રતાપે આનંદ અહીં, જેનખાને પ્યારા છો સહી;
નથી જુદાઇ વહાલા જરી, સલામ અમારા માનો ફરી.
વાત કહું વહાલા એટલી, અરજી ઉર ધરો તેટલી;
બહુ ઇચ્છે મળવા કારણે, જેનખાન ઉભા બારણે.
સરસ તમારી મૂર્તિ જેહ, અમ હૃદયમાં વ્યાપી એહ;
રજની દીવસ રટતાં જાય, મહુમદ શેરખાન ચિત્ત ચાય.
કાય અહીં ને પ્રાણ તમ પાસ, પ્યારા દિલોજાન છો ખાસ;
રસ વાધે તમે નામે કરી, વારંવાર કહું શું ફરી.
શ્રીમંત આપતણું જે નામ, રટતાં આનંદ આઠે જામ;
શેહેર રાધણપુર રૂડું જેહ, આબાદ ઇશ્વર રાખો તેહ.
રહો સુખેથી પ્રીતે તહીં, પ્રીતિ અમ નીભાવો સહી;
મનમાનતા આવો તમ જોગ, સદા સુખ તણો સંજોગ.
હસતે વદને વિનતી કરૂં, આપ પાસ અર્જ ઉચરૂં;
મહેર કરીને કુશળક્ષેમ, પત્ર પ્રિતથી પાઠવો તેમ.

દયાળુ દેવ દયાળુ તમો, બને દોસ્તો આનંદે રમો;
ખાંત કરીને રક્ષણ કરો, દોસ્તોનાં કાર્ય શુભ કરો.
નથી જુદાઇ વહાલા જરી, ખરી પ્રીત નીભાવો ખરી;
જીસ્કુ દીઠે દિલ હરખાય, સુખી રાખો આ બન્ને રાય.
તમ કૃપા કરીને ઇશ, રાખો સુખ માંહી જગદીશ;
થાપો સુંદર પદવી ઇશ, જશ સદા વાધો જગદીશ.
શ્રી સુંદર હસાડા ગામ, જેનખાનજીનાં શુભ ધામ;
મંદિર માંહી કૃપા કરો, નવાબશ્રી આનંદ ઉર ધરો.
તસ્વી તમ તણી ઉર ધરૂં, વારંવાર હું વિનતી કરૂં;
દયાળુ દેવ દયા છે તમો, પરમેશ પાસે માગું અમો.
રથ, ગજ, ઘોડા ને સારથી, દિન દિન શોભાવો સરવથી;
બાળક પ્રભુ અમો તાહરા, મનોરથ પુરો માહરા.
રટણ તમારૂં કરતાં અમો, માગું છું પ્રભુ ચિત્ત અમો;
શ્રી સુંદર તમારૂં નામ, સફળ કરો બન્નેનાં કામ.
જેના મોટા છે પરતાપ, હે જગપાળક મોટા બાપ;
નથી તમારા સમ કોઇ તાત, મનોરથ પૂરો ખરી ખાંત.
ખાન પાન ને ખુબીયો કરો, બન્ને દોસ્તોને સુખ ધરો;
નગરી બન્નેની સરવદા, સુખી રાખજ્યોજી હે ખુદા.
જીસ્કુ રટણ કરૂં ભલી બાત, પુરી કરો બન્નેની ખાંત;
બહુ મહિમા છે તારો દેવ, અર્જ ઉર ધારો તતખેવ.
હાથ જોડીને વિનતી કરૂં, આપ પાસ અર્જ ઉચરૂં;
દુલા દેવ દયાળુ તમો, કોઇ નથી અવર તુજ સમો.

રસના એ રટતાં શુભ નામ, સિદ્ધ થાયે અમારાં કામ;
નામ તમારૂં નયણે કરૂં, વારંવાર વિનતી ઉચરૂં.
પરમ દયાળુ છોજી તમો, બન્ને દોસ્તો આનંદે રમો;
રજની દિવસ રહો રળીયાત, સુખી રાખજ્યો બન્ને ભ્રાત.
મેહેર કરીને આપો એહ, દિન દિન પ્રત્યે અદકો સ્નેહ;
શહેર તેમનાં સુખી સદા, પ્રીત કરીએ માગું ખુદા.
વસ્તીને બહુ મોટાં સુખ, એ આપો ખુદા પ્રમુખ;
રમત ગમત ને આનંદ લ્હેર, બન્નેને પ્રિતી સુખ પેર.
હર હમેશ સમંધી સુખી, બન્નેની પ્રજા નહીં દુઃખી;
મે વરસે મન માન્યા તહીં, સર્વદા લીલા રહો સહી.
શાન્તિ આપો હે જગરાય, સુખી રાખજ્યો બન્ને ભાય;
રટણ કરી માગું હે બાપ, પ્રેમ પરસ્પર એ ખરી ખાય.
ક્ષણ ક્ષણ વિનતી કરી કહું અમો, પ્રેમ સદા નિભાવો તમો;
નખશીખ નિરખુ બન્ને રાય, નીરખીને આનંદ બહુ થાય.
કુથન કહું લાવીને સ્નેહ, બન્ને સુખી રાખો તેહ;
રોજ રોજ અદકો આનંદ, અધિક વધારો પરમાનંદ.
તસ્વી તમ તણી હે તાત, ફેરવી માગું દિવસ રાત,
થાય બેયને પ્રીત સદાય, રજન દિવસ આનંદે જાય;
સ્તુતિ પ્રિતે કરી છે અમો, ડાહ્યાલાલ તણે દિલ ગમો.

તથાસ્તુ.

શ્રીમંત દસાડા દરબાર શ્રી જેનખાનજી સાહેબના

વિવાહ સંબંધી વર્ણન.

સરદારપુર.

રાગ પુનમ ચંદની.

આજે આનંદથી આવ્યો જ્યાં દરબારમાંરે,
છઠી વખતે મંગાયો સઉ સજ્જનનો સાથ;
મશાલ મનગમતી રાજાની પાસે થઇ રહીરે.

સાખી.

જશ જેના છે જગ વિષે, જોરાવરના તન;
માતુ આહુબા તણા, કુળદીપક રતન.

બેઠા દરબાર ભરીને રાજા શ્રી દરબારમાંરે,
નયણે નીરખી આવે આનંદ અંગ અપાર;
શોભા બહુ જામી છે જશવંતા જેનખાનજીરે.

સાખી.

સાલ તેર તેવીશની, માનું મોહરમ માસ;
ચાંદ સોળમો આવીયો, આનંદનો ઉજાસ.

શ્રીમંનશ્રીની પાસે સૌ સજ્જન શોભી રહ્યાંરે,
આનંદેથી આવ્યો દરશન કરવા કાજ;
કૃપાસાગરે માન આપીને બેસારીયોરે.

સાખી.

મનમાં આનંદ અતી ઘણો, કામદાર મોતીલાલ;
મલુકભાઈ ઉસમાન ને, ઉરમાં છે બહુ વાલ.

માતુ આસુબાને ઉછરંગ અંગ માંહી ઘણોરે,
સર્વે સજ્જન મનમાં આનંદનો નહિ પાર;
આનંદ આનંદ સૌના ઉર માંહી વ્યાપી રહ્યોરે.

સાખી.

બેઠા આસન પ્રિતથી, મનમાં લાવી વાલ;
મધુર વચને મુખ થકી, ઉચર્યા મોતીલાલ.

માસ્તર ? રાજાશ્રીનો વિવાહ આવ્યો ઢુંકડોરે,
માટે મોજો માણો આનંદે અપાર;
માસ્તર મણિશંકર પાસેથી રજા મેળવોરે.

સાખી.

એવાં વચનો સાંભળી, ઉભરાયો આનંદ;
ઉરમી આવી ઉરમાં, ધન્ય ધન્ય આજનો દિન.

હવે મનગમતી મોજો કાંઇ સર્વે માણશુંરે,
સુંદર રાજાશ્રીના શાદી કેરા દિન;
દીવાળીથી અધિકો આનંદ ઉરમાં આવીયોરે.

માંજા સંબંધી.

રાગ—પડવે પેલી તથ ગુણ ગાઉ તારારે.

છે સૌને આનંદ આજ, ધન્ય ઘડી જાણું રે
પેર્યો માંજો અમ રાજન, અધીક સુખ માણું રે
વાજીંત્રો વિધ વિધ વાગીયાં, ધન્ય જાણું રે
બાજે છે સુંદર ઢોલ, મુખે શું વખાણું રે
નગરીમાં આનંદ લ્હેર, અધિક ઉભરાએરે
ગરીબ ને શ્રીમંત, ઉર હરખાએરે
શુભ સાદી કેરા દિન, આજે આવ્યારે
અમ ભાગ્ય તણો નહીં પાર, પ્રિતે વધાવ્યારે
સોનાનો સૌને સૂર્ય આજે ઉગ્યોરે
અમ હૈયામાં ઉછરંગ, પુરણ પ્રગટયોરે
મોતીલાલભાઇને ઉર, આનંદ ઉભરાએરે
માતુ આછુબા મન, ઉમંગ નવ માએરે
જાફરભાઈ કેરા તન, જુગતે જાણું રે
ઉસમાન મીયાંનુ મન, બહુ હરખાણું રે
મુશાબ ઉમરભાઈ ભ્રાત, મલુકભાઈ મળીયારે
સૌ સજ્જન કેરી સાથ, ભાવેથી ભળીયારે
અધીક આનંદનો ઓઘ, મન ઉભરાએરે
બડી ધામધુમની સાથ, ધુમ મચાએરે

દસરથ પરના દરબાર, પ્રિતે પરણેરે
સૌ નગરીનાં નરનાર વીગતે વર્ણેરે
મેનેજર સાહેબ મન, અતિ હરખાએરે
કચેરી મંડળ સર્વ, પ્રેમ છવાએરે
જોરાવર કેરા તન, દુલ્હા દાખુંરે
જશવંતા જેનખાન, મુખથી ભાખુંરે
શુભ શાદી કેરા દીન, વાગે વાજાંરે
દસરથપરમાં આનંદ, પરણે રાજારે
દાદી બીબીને હર્ષ, ઉરમાં આવેરે
ખાલા બીબી તે આજ, ખુબ હરખાવેરે

મંડપ સબંધી.

રાગ–મેતાજીરે શું મહી મુલ બતાવું.

શી શોભારે મંડપનીરે વખાણું, શાદીનું સુંદર ટાણું;
શુભ ચાંદ એકવીશ આવ્યોરે,
સઉ સજજનને મન ભાવ્યોરે;
આજ આનંદરે સરવના મનમાંહી,
વિવાહના દિવસ જ્યાંહી. શી શોભા.
આનંદ ઉરમાં નવ માએરે,
નગરીમાં લોક ઉભરાએરે;
આજ ઉજવળરે દીવસ સૌને આવ્યો,
સૌ નગરીને મન ભાવ્યો. શી શોભા.

સર્વેને એજન દેવાએરે,
સઉ હરખે તૈયાર થાએરે;
સઉ સજજનરે સંગતીહાંકણ આવે,
ધન્ય દીવસ સફળ ઉર લાવે. શી શોભા.
આમંત્રણથી સૌ આવ્યાંરે,
સઉ સજ્જન ઉર હરખાયાંરે;
મંડપમાંરે માણસ તો નવ માએ,
નરનારી સરવ ભરાએ. શી શોભા.
ગઢ સાથના દરબાર આવ્યારે,
બહુ માન આપીને વધાવ્યારે;
દરવાજેરે બેઠક બની બહુ સારી,
નયણે નીરખે નરનારી. શી શોભા.
બારસાથના દરબાર ભળીયારે,
મોટા મનથકી સઉ મળીયારે;
ઉછરંગનારે ઓઘ આવે બહુ ભારી,
શોભે છે નર ને નારી. શી શોભા.
બની શોભા સભાની સારીરે,
બેઠા આનંદ ઉર વધારીરે;
તાન ટ્યારે ગાયન શ્રવણ થાએ,
આનંદ ઉરમાં નવ માએ. શી શોભા.
કસુંબા પ્રીતે ઘોળાયરે,
બહુ ભાવ થકી અપાયરે;
ઉછરંગ નારે ઓઘ સઉને આવ્યા,
હૈયામાં હરખ ભરાયા. શી શોભા.

મલેક છે મોટું નામરે,
દસરથપુર સુખ ધામરે;
નગરીનારે નૃપ બન્યા બહુ ભારી,
સઉ નીરખે નયણે ધારી. શી શોભા.
કચેરી મંડળ મળીયાંરે,
જુદી બેઠકે વળીયાંરે;
આનંદે રે વાત વિવાહની કીધી;
શેઠ શાહુકારે બેઠક લીધી. શી શોભા.
પટેલો આવ્યા પ્રીતેથી રે,
માઝન આવ્યું શુભ રીતે રે;
અન્ય વર્ણોરે આમંત્રણથી આવ્યાં,
ઉમળકો અંતર લાવ્યાં. શી શોભા.
મેનેજર સાહેબ આવ્યારે,
ઓડીટર સાહેબ સાથે લાવ્યારે;
એમ પ્રેમથીરે દર્શન સહુને દીધાં;
મુખડાંને રંજન કીધાં. શી શોભા.
સૌ ઉઠી ઉભાં થાએરે,
મન ગમતાં માન અપાયરે;
સામા ચાલેરે મોતીલાલ સઉને લેવા,
બેઠક દરજાની દેવા. શી શોભા.
દાકટર સાહેબ પ્રેમે પધાર્યારે,
સ્કુલ માસ્તર શંકર મણિ આવ્યારે;
સરકારી નોકર ભાવથી આવ્યા,
સૌને પ્રિત કરી પધરાવ્યા. શી શોભા.

શુભ ગાન શરૂ થઇ જાએરે,
એક ચિત્તે સઉકોય થાયરે;
આજ ઉરમાંરે આનંદ ઓઘ મળીયા,
સઉકો ભાવેંથી ભળીયા. શી શોભા.
પ્રિત કરીને ચા પીવાયરે,
સહુ અંતરમાં હરખાયરે;
ધન્ય દીવસરે ઉજવળ સહુને આવ્યો,
હૈયામાં હરખ ભરાયો. શી શોભા.
માતુને આનંદ નવ માએરે,
ગઢસાથનાં બીબીઓ આવેરે;
બારસાથનાંરે બીબીઓ પધારે પ્રીતે,
બેઠક આપી શુભ રીતે. શી શોભા.
માન માતુશ્રી સઉને આપેરે,
સઉ બીબીઓને આનંદ વ્યાપેરે;
ગાન તાનરે તીહાં રચું છે ચાલી,
તલપુર જગા નહીં ખાલી. શી શોભા.
દાળોદ બઇરાજ બાઇ જેહરે,
બહુ પ્રેમે પધાર્યા તેહરે;
વણોદનાંરે માજીમા હરખેં આવ્યાં,
ઉમળકો અંતર લાવ્યાં. શી શોભા.
નગરની સ્ત્રીઓ સઉ પ્રીતેંરે,
આવી છે પ્રેમ ખચીતેંરે;
માન આપીરે બેઠક સઉને દીધી,
આછુબાએં નજરજ કીધી. શી શોભા.

એ રીતેં ભેગાં મળીયાંરે,
સહુ આનંદ માંહી ભળીયાંરે;
થાળ ભરી સુઘડ સુંદરીઓ આવી,
વાજીંત્રો લીધાં વધાવી. શી શોભા.
વાજીંત્રો વિધ વિધ વાગ્યાંરે,
ઉરમાં આનંદી લાગ્યાંરે;
આજ સઉનેરે હરખ કયો નવ જાએ,
નરનારી બહુ હરખાએ. શી શોભા.
લાણું કર્યાં શુભ રીતેંરે,
માતુ આઇબા પ્રીતેંરે;
પ્રેમ લાવીરે સરવને બોલાવે,
સઉકો ઉરમાં હરખાવે. શી શોભા.
પાન સોપારી અત્તર વેંચાયાંરે,
ગુલાબ જળ છંટાયાંરે;
ઠાઠ જામ્યોરે મંડપનો બહુ ભારી,
સઉ નગરીનાં નરનારી. શી શોભા.
દરબારોએ રજા લીધીરે,
કચેરી બરખાસ્ત કીધીરે;
છડીદારેંરે હાકલ કરી બહુ સારી,
તૈયાર થાએ નરનારી. શી શોભા.
પ્રેમ લાવીને છુટા પડીયારે,
પોતપોતાને દરબારેં વળીયારે;
જશવંતારે જેનલમુત્સદ્દીમાં આવ્યા,
હૈયામાં હરખજ લાવ્યા. શી શોભા.

છડીદારેં જ્યાં જાણુજ કીધીરે,
સઉ મુત્સદીને વરધી દીધીરે;
પ્રેમ લાવીરે સરવ સભા થઈ ઉભી,
હજુરને કુરનસ કીધી. શી શોભા.
દરબારેં જ્યાં બેઠક કીધીરે,
સરવ સભાએં બેઠક લીધીરે;
મન ભાવ્યારે શરોદ તીહાંકણુ કીધા,
સઉને શ્રવણેં સુખ દીધાં. શી શોભા.
એમ આનંદ લ્હેર રહી જામીરે,
નથી હર્ષમાં કાંઈ ખામીરે;
ખુબ ઉત્સવરે સરવને ઉર આવ્યો,
ધન્ય દીવસ રૂડો દેખાયો. શી શોભા.
સાકર વેંચી શુભ રીતેંરે,
અત્તર ગુલાબ બહુ પ્રીતેંરે;
પ્રીતેંથીરે પાન સોપારી અપાય,
સઉ સભા બરખાસ્ત થાએ. શી શોભા.
હર્ષિત મુખેં સઉ જાયરે,
મનમાંહી આનંદ ઉભરાયરે;
અંતરથીરે ભેટી પરસ્પર પ્રીતે,
ગયા નીજ ધામેં શુભ રીતેં. શી શોભા.
પુરૂષ વર્ગે ગતી મંદ કીધીરે,
બીબી સરવેએં રજા લીધીરે;
જેનખાનજીરે માતુશ્રી પાસ પધાર્યા,
માતુએં વહાલેં વધાવ્યા. શી શોભા.

બરાતનું વર્ણન.

રાગ-બાઈ ભગતી સાચી તમારી છે જગ કર્તાને પ્યારી.

શી શોભા વખાણું તમારી,
આ બરાત બની બહુ ભારી;
શુભ ચાંદ બાવીશ આવ્યો,
સૌને મનમાં બહુ ભાવ્યો;
સામગ્રી સઉ તૈયારી. આ.
થયો ડંકોરે જેણીવાર,
ત્યારે સરવ થયાં તૈયાર;
વાજીંત્ર વાગ્યાં અપારી. આ.
ચડી શુભ સ્વારી આ વાર,
તેની શોભાતણો નહીં પાર;
નીરખે સઉ નરને નારી. આ.
ધામધુમથી વંડે આવ્યા,
તીહાં થોડી મુદ્દત રોકાયા;
જાનૈયા કરે તૈયારી. આ.
ગઢ સાથના જેહ રાજન,
પ્રીત ધારી પધાર્યા મન;
આવ્યા બારસાથના દરબારી. આ.
ગઢ સાથનાં બીબીઓ આવ્યાં,
બારસાથનાં હરખજ લાવ્યાં;
સૌ મળીયાં કાજ શુભકારી. આ.

સઉ એકઠાં થયાં જે વાર,
થયો ડંકો પ્રીતેં બહુ સાર;
ચાલ્યા સરવે આનંદકારી. આ
ચારઠ શોભે બહુ સાર,
શિઆમનો નાવે પાર;
ઘોડાં ઉંટને વેલો અપારી. આ.
ઘુઘરમાળ બહુ ઘણુઘણુતા,
શુભ ઘોડા ત્યાં હણુહણુતા;
શેલંકા સ્વાર શુભકારી. આ.
અશ્વ ચાલતો સારસકાવે,
દોડતા હરણુ જણાવે;
તેની શોભા જુવે નરનારી. આ.
દુલ્લા દસરથ પર દરબાર,
સંચર્યા રસ્તા મોઝાર;
નિશાન ડંકા શુભકારી. આ.
વાજીંત્ર બહુ વિધ વાગે,
ઉરમાં આનંદી લાગે;
મન મોદીત છે નરનારી. આ.
સુઘડ સુંદરીઓ ત્યાંએ,
ગીત મધુર રાગથી ગાએ;
અંતરમાં ઉમંગ અપારી. આ.
મન હર્ષિત આછુબા માત,
બેન રૂખી બહુ રળીયાત;
બાલાબીબીને આનંદ ભારી. આ.

માન્યવંતારે મોતીલાલ,
ઉર માંહી આવે બહુ વાલ;
સરભરા કરે શુભકારી. આ.
સારથી શુભ ગાયન કરતા,
હૈયામાં હરખજ ધરતા;
ડચકારા કરે પ્રેમ ધારી. આ.
ધોરીને ઉમંગ આવે,
દોડવાને પ્રેમજ લાવે;
હૈયામાં હરખ અપારી. આ.
શુભ ઘોડા ત્યાં હણહણતા,
શ્રમ લેશ માત્ર નવ ગણતા;
સરવને ઉમંગ અપારી. આ.
ધોરીને ઝુલ બહુ શોભે,
મછીયા વડે મનડાં લોભે;
જેની તારીફ કરે નરનારી. આ.
આજ જાવું વીરમગામ શહેર,
ત્યાં જઇને કરવી લહેર;
સવારે સ્ટેશન સુખકારી. આ.
જોતજોતાં વીરમગામ આવ્યું,
સરવેને મનડે ભાવ્યું;
થયા બંદુક બાહાર આવારી. આ.
મેનેજર સાહેબ આવ્યા,
ભુપત ભાઈ સાથે લાવ્યા;
મળીયા ત્યાં સૌ પ્રેમ ધારી. આ.

તાયફો નગરનો પ્રિતે,
આવ્યો શુશોભિત રીતે;
એન્ડ અમદાવાદ આ વારી. આ.
પાટડીના નરેશજ કાવે,
શાણા સુરજમલ મન ભાવે;
પ્યાર ઉભરાયો નામદારી. આ.
નિજ મનુષ્ય અત્રે મેલી,
કીધી આનંદની બહુ હેલી;
કરી કદર સ્નેહની સારી. આ.
વણોદ કુમાર જેહ,
હુશેન મહમદખાં તેહ;
ઉમંગ આવે બહુ ભારી. આ.
વઢવાણથી પોતે પધારી,
સાથે નાગરદાસ કારભારી;
મળ્યા વીરમગામ નામદારી. આ.
વહીવટદાર મોહનલાલ,
અગાઉ ધરી આવ્યા ખ્યાલ;
બનાવી રસોઈ રસદારી. આ.
સાથે ઓઘડ મોદી સાર,
કામ કરવામાં હુશિઆર;
સામગ્રી રાખી બહુ સારી. આ.
અદા મીયાંની સ્વાગત સારી,
હૈયામાં હરખજ ભારી;
ખાનપાન મીષ્ટ સુખકારી. આ.

વાહ અહા મીયાં દરબાર,
વિવેક કર્યો અપાર;
ભ્રાતૃભાવ જણાવ્યો ભારી. આ.
જમી રમી પોઢ્યાં નરનાર,
હૈયામાં હરખ અપાર;
ઉઠ્યાં પ્રભાત થયે પ્રેમ ધારી. આ.

સ્ટેશન પર જવાની ધામધુમ.

રાગ—મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી.

ઉઠયા સૌકો પરભાત ચિત્તથી ચાવા
હૈયામાં હરખ અપાર સ્ટેશને જાવા
થયા વાજીંત્રોના નાદ તનડાં જાગ્યાં
શરણાઇ કેરા સુર આનંદી લાગ્યા
બેન્ડ વાજાંનો ઝણુકાર પ્રેમ બહુ આપે
ખમંડળ સુધી નાદ તેહનો વ્યાપે
સજ્જનને આનંદ લ્હેર અધીક ઉભરાએ
માતુ આછુબા મન હરખ નવ માએ
ચડયો સઉ સજ્જનનો સાથ સ્ટેશને જાવા
બડી ધામધુમની સાથ લ્હાવો ખુબ લેવા
વાસીત વીરમગામ નીરખવા આવે
દસરથ પરના દરબાર જોઈ ખુશ થાવે

એમ બરાત કેરો ઠાઠ પરવર્યો પ્રીતે
જોતજોતામાં સ્ટેશને પહોંચ્યા શુભ રીતે
સ્ટેશન પર જઇને પ્રીતે બેઠકો લીધી
માસ્તરને સ્પેશ્યલ ટ્રેનની વરધી દીધી
તીહાં તણાં નરનાર જોવાને આવે
જશવંતા જેનલખાન પેખી ખુશ થાવે
સ્ટેશન પર સૌ નરનાર વિશ્રામે બેઠાં
થઇ સ્પેશ્યલ જ્યાં તૈયાર પ્રિતથી પેઠાં
ફર્સ્ટ ને સેકન્ડ ક્લાસ ઈન્ટર જે કાવે
રઢીયાળાં નર ને નાર બેસી ખુશ થાવે
બેઠાં જ્યાં થોડીવાર નજર સૌ લાગી
સીટી થઈ સ્પેશ્યલ તણી ચાલવા લાગી
થાય ગાડીનો ધમકાર બારણું ગાજે
હૈયામાં હરખ ન માય વાજીંત્રો વાજે
ગુણસાર સુંદરીઓ ગીત રૂડાં ત્યાં ગાએ
છે આનંદ અપરમપાર દિલ ખુશ થાએ
સુંદર ગાડીનો વેગ અધીકો કા'વે
ચોપાસ તણો પ્રદેશ જોતામાં જાવે
રથ અગ્નીનો આનંદ કહ્યો નવ જાયે
સૌ સજ્જન કેરાં તન પ્રફુલ્લીત થાયે
અલ્પ સમયમાં બહુ સ્ટેશનો આવે
જે પંથ જલદ કપાય ગણિત જણાવે
કોઇ ગાડીમાં ગુણ ગાય વગાડે વાજાં
જશવંતા જેનલખાન રૂડા અમરાજા

માન્યવંતા મેનેજર વેણીભાઈ પ્યારા
રાજાશ્રી કેરી પાસ શોભે બહુ સારા
દસરથ પરના દરબાર પરણવા જાએ
સૌ સ્ટેશન પર નરનાર નીરખવા ધાએ
ગઢ સાથ તણા દરબાર શોભે બહુ સારા
બાર સાથ તણા દરબાર લાગે છે પ્યારા
સૌ કોને દેખી આનંદ અધીક ઉભરાયે
શુભ શાદી કેરા દિન દિલ ખુશ થાયે
સુંદર વેણીભાઇ ગુણ કહ્યા નવ જાયે
રાજાશ્રીને નીરખી બહુ હરખાયે
ધન્ય ધન્ય આજનો દીન ધન્ય ઘડી જાણું
માતુ આછુબા દીલ ખુબ હરખાણું
એવી રીતે સૌ કોય બહુ ખુશ થાયે
ઉભરાયો છે આનંદ અંગ ન માયે
વાત કરતાં લાગે વાર વડનગર આવ્યું
દેખી નરનારી તણું મન ઉભરાયું
ઉતર્યા ત્યાં સૌ કો વિર સરદારપુર જાવા
મણિભાઈનુ આશ્રમ સ્થળ લાગ્યું દેખાવા
ચાલ્યો સૌ સજ્જનનો સાથ આશ્રમની માંહી
હૈયામાં હરખ અપાર કહું શું ગાઈ
બેઠાં ત્યાં નર ને નાર દીલ ખુશ કરવા
કોઇ આનંદી જોનાર માંડે છે ફરવા
આશ્રમ સ્થળની માંહી ઉતારો ભારી
છે સામગ્રી તૈયાર બેઠાં નરનારી

ફરતી સુંદર પરશાળ દીસે છે ભારી
ઓરડીયો અપરમપાર ખરી સુખકારી
વચ્ચે છે સુંદર ચોક કુવો પણ શોભે
નિર્મળ પાણી ભરપુર પીવા મન લોભે
જેશંકર ને ગુણવાન મીરાંજી પ્રીતે
આગળથી અહીં આવી રહ્યા શુભ રીતે
બરાત તણી સારવાર કરી બહુ ભારી
છે લખમીરામની મદદ સાથમાં સારી
નગીનદાસને આનંદ ઉર બહુ આવે
જેનરાજાની સંઘાત સદા શોભાવે
છે મોટું સરોવર અહીં હજુર વાત જાણી
ગયા જોવા સરોવર સાર પ્રેમ ઉર આણી
આ વડનગર છે ગામ ખરે રઢીયાળું
નાગરનું પ્રાચીન ક્ષેત્ર અતિ રૂપાળું
ઈતીહાસે જુનું શેહેર આ પણ કહાવે
જોવા સઉને ઉમંગ મન બહુ આવે
ચાલ્યા રાજાની સાથ સરોવર જોવા
સઉ શાણા સજ્જન સાથ લાવો શુભ લેવા
સુશોભીત દેખી શેહેર દીલ હરખાણું
કિલ્લા બંધી શ્રીકાર દરવાજાવાળું
નીકળ્યા નગરીની બહાર સરોવર જાવા
મનમાં આનંદ અપાર નીર નીરખવા
સુંદર સરોવર સહુ નિર્ખે વિશાળ
છે પાણીથી ભરપુર શોભીત છે પાળ

પગથીઆં પથ્થર તણા પ્રેમેં બાંધેલાં
તે શોભાનો નહીં પાર રૂડાં રચેલાં
નિર્મળ પાણી તે માંહી ભરેલું જોયું
તે દેખી અમ રાજનતણું મન મોહ્યું
બેઠા સરોવર તીર સઉ મુજ વીર
આનંદ થયો અપાર રૂડા રણધીર
બેઠા ત્યાં થોડીવાર શ્રીમંત શુભરાજા
ઉઠયા જાવા આશ્રમ પ્રેમથી ઝાઝા
સુંદર જમણ આવાર અહીં રખાણું
મગજને મોતી ચુર અહીં અપાણું
લલીત છે લીલાં શાક દાળ ને ભાત
જમવાની છાકમ છોળ કરૂં શી વાત
મેનેજર સાહેબ મણિ વેણીભાઇ જેહ
ઉતર્યા છે બીજી પાસ બંગલે તેહ
તે હટકેશ્વરની પાસ બંગલો ભારી
ઉતારો ત્યાં શ્રીકાર ઉતર્યા શુભકારી
માંહે સોઈ છે બહુ સાર બેઠકો ભારી
ફરનીચર કેરો ઠાઠ શેત્રંજી સારી
નાગર તણી રસોઇ જુદી અહીં થાય
આ ઉતારો શ્રીકાર ઉર હરખાય
શાણા વેણીભાઇ સંગ ભુપતરાય શોભે
તુળજાશંકર ગુણવાન પંડયાજી સંગે
હટકેશ્વર દેરૂં વિશાળ અહીં છે પાસ
ઉછરંગની આવે રેલ જોયું મેં ખાસ

ત્યાંથી રાજાની પાસ ઉતારો જોવા
પરવર્યો હર્ષ અપાર દિલ ખુશ કરવા
સુંદર બંગલાની માંહી બીરાજે રાય
નિરખીને શેવક ઉર બહુ હરખાય
બંગલામાં બીજો ખંડ જોયો શુભકારી
બીબીઓ ઉતરીયાં ત્યાંય પ્રેમ ઉર ધારી
ત્યાં થોડી વાર આરામ લીધો સહુ પ્રીતેં
સરદારપર જાવા કાજ ઉઠયાં શુભ રીતેં
સરદારપરના દરબાર પીરૂભા ભારી
મેલ્યાં વાહન અપાર હરખ અપારી
તુરંગને ઉંટ અપાર લેવા ત્યાં આવ્યાં
વેલો કેરો બહુ ઠાઠ ઉરખાયાં
થઇ નોબત જ્યાં શ્રીકાર ડંકો ગડગડીયો
સઉ સજ્જન કેરો સાથ પંથતો પડીયો
હૈયામાં લાવી હેત ચાલવા આગે
થયા શરણાઇના સુર રંજીત બહુ લાગે
શોભે સ્વારી બહુ સાર ચાલ્યા વિરરાજા
નિરખે નગરીનાં લોક પ્રેમથી ઝાઝા
સ્વારીનો શુભ દેખાવ જુએ નરનારી
તૃષિત મનને ત્યાંહીં સંતોખે ભારી
શુભ ચાંદ ગણું તે વીશ યાદીમાં લખીયો
સરદારપર તણો પંથ જોઇ હરખીયો
પોચ્યા સઉ સરદારપૂર સાંજરે પ્રીતેં
થયા બંદુકોના બાહાર ભલા શુભ રીતેં

બહુ પ્રીતેં વાગ્યું બેન્ડ નગારાં ગાજે
ડંકાના થયા અવાજ પ્રેમથી ઝાઝે
દીવીનો નાવે પાર રોશની ભારી
હુલક્યાં નગરીનાં લોક સઉ નરનારી
આવ્યું સામૈયું ત્યાંય શોભા બહુ ભારી
વધાવ્યા છે રાજન નિર્ખે દીલ ઠારી
નિરખીને શ્રીરાજન ઉર હરખાણું
ગુણુ સુંદર નારી મુખ ગીત ગવાણું
ચાલ્યું ધામધુમની સાથ સરઘસ આભારી
ઉતારાની મોઝાર બેઠક શુભકારી
ઉતરીયા છે શુભરાય ઉતારા માંહીં
થઈ જમવાની હાકલ સજ્જનને ત્યાંહીં
પીરૂભા મોટે મન કરી તૈયારી
ખાંતે લાવીને પ્યાર રશોઈ ખુશકારી
રંધાવ્યો છે કંસાર ઘૃત માંહીં ભારી
દાળ શાક તણો છે સ્વાદ ભાત શ્રીકારી
બહુ ખેંચ કરીને પ્રીતે કંસાર પીરસાવ્યો
પીરૂભાને ઉર માંહી હરખ બહુ આવ્યો
જમાડ્યાં સહુ નરનાર ખંતથી ખાંતે
ચાલ્યા ઉતારા માંહી સજ્જન સૌ સાથે
છે આલમખાનને ઉર આનંદ બહુ ભારી
કાજી છે શુભ ગુણુવાન સરભરા સારી
સઉ ઉતારા મોઝાર પોઢ્યાં છે રાતે
હૈયામાં હરખ અપાર ઉઠ્યાં પરભાતે

કર્યાં ચા પાણી તૈયાર સવારે પ્રીતે
પીએ છે નર ને નાર બાળક શુભ રીતે
સુંદર ભર્યો દરબાર જેનખાં રાજા
થાય તંબાળુના નાદ ગમ તે ઝાઝા
માંહી શરણાઇના સુર રહ્યા છે ગાજી
બેન્ડ વાજાંના ઝણુકાર રહ્યા છે વાગી
ડંકાના બહુ અવાજ શ્રવણે આવે
ઢોલ વાજીંત્રના નાદ ઉપમા નાવે
બીરાજ્યા બહાદુર વીર સભાની માંહી
સઉ દસરથ પર દરબાર પધાર્યા ત્યાંહી
ગવૈયા ગાએ ગીત મધુર સ્વર થાયે
તે દેખી સઉ નરનાર ખુબ હરખાયે
સતાર તણા ઝણુકાર રહ્યા છે ગાજી
માંહી સારંગીના સુર રહ્યા છે વાગી
વારંગના કેરાં ગીત ગવાવા લાગ્યાં
સૌ થઈ એકાગ્ર ચિત્ત સાંભળવા લાગ્યાં
એવી રીતે આનંદ રહ્યો છે જામી
શું મુખે કરૂં વખાણુ નહિ કાંઇ ખામી
બંદીજનો બહુ ગુણ રાયના ગાયે
રાજાને નિરખી દીલ ખુબ હરખાયે
ગઢ સાથ તણા દરબાર અમીર મીયાં જેહ
પ્રીતેથી રજા લઇ ઉઠ્યા છે તેહ
તે સાથે બીજા ભાઈ રજા લઇ ચાલ્યા
જઇ પોતાને મુકામ આનંદે માલ્યા

પછી અમીર મીયાં દરબાર પ્રીતે મન કીધું
નગરીમાં કસુંબા તણું નોતરૂં દીધું
પાયો કસુંબો પ્રેમ કરી તે વાર
હૈયામાં તે દરબાર હરખ અપાર
એ રીતે શુભ આનંદ નગરમાં થાયે
આનંદી સઉ જન દીલ ખુબ હરખાયે
માન્યવંતા મેનેજર વેણીભાઇ પ્યારા
શાં મુખે કરૂં વખાણ મુરબ્બી મારા
સૌ સેવકજનને માન આપી બોલાવે
જાણી પોતાનાં બાળ દિલ ખુશ થાવે
વૃદ્ધ ને બાળક સૌ કોય પાસે જે જાયે
આપે આદર ને માન દીલ ખુશ થાયે
લે છે સૌની સંભાળ નિત્ય નામદાર
ગુણવંતા કેરા ગુણ અપરંપાર
તેઓની બેઠક માંહી વારંગના ગાયે
સઉ બેઠેલા સજજન ઉર હરખાયે
ભોજન કેરો વખત થયો જે વાર
જમવાને પંઠા માંહી ગયાં નરનાર
સુંદર શીરો પીરસાય ઘૃત વખાણું
દાળ ભાત ને લીલાં શાક પ્રીતે અપાણું
બહુ ખેંચ કરીને ભાવ થકી જમાડે
સરદાર પરના દરબાર આનંદ પમાડે
આરોગીને નરનાર ઉતારે આવ્યાં
હૈયામાં હરખ અપાર પ્રીતથી લાવ્યાં

જે આનંદી સઉ નાર ગાયના શરૂ કીધું
ઢોલ સાથે રમવા તણું મન તો સીધ્યું
એમ કરતાં વખત બરી તણો તો આવ્યો
સૌ બરાત કેરાં જન હર્ષે ઉભરાયો.

બરીની તૈયારી.

ચોપાઇની ચાલ.

શુભ બરી ભરવી આ વાર, અંતરમાં હરખ અપાર;
તૈયારી કીધી નરનાર, વાજીંત્રો આવ્યાં તે વાર.
બેન્ડ વાજું વાગી રયું, સૌ સજ્જનનું લક્ષજ ગયું;
ઝાંઝતણો થાએ ઝમકાર, ત્રોઇ વાગે છે અપરમપાર.
ઝણણણણું ઝણકારા થાય, સૌ સજ્જન હૈયાં હરખાય;
ત્રાંસાંનું લાગ્યું છે જોર, ઢોલ કરે છે ત્યાં બહુ સુર.
વાહ વાહ વાહ વાજીંત્રોનાદ; ઇંદ્ર ચડયો એમ આવે યાદ;
બરીતણી જામી બહુ પેર, સૌને હૈયે આનંદ લ્હેર.
છાબો પુરવા માંડી સાર, સોનાના દાગીના અપાર;
સોનેરી વસ્ત્રો બહુ સાર, થઇ રહ્યું છે ઝાકઝમાળ.
જાણું લક્ષ્મી શોભે સાર, નીરખે નયણે નરને નાર;
પુરી રૂડી રીતેં બરી, મોતીલાલે પ્રેમજ કરી.

માતુ આછુબા શુભ પેર, હૈયામાં આવે છે લ્હેર;
બરી ભરી સૌ જોતાં સાર, સૌને હુઇએ હરખ અપાર.
ગાન તાન તો ગાજી રહ્યું, સરવ ત્યાં આનંદી થયું;
સૌના ઉરમાં આનંદ થાય, વારવાર રળીઅુ હરખાય.
થાળો ત્રણુ તૈયારજ કરી, મોતીલાલે પ્રેમજ કરી;
સોનાના દાગીના તેહ, પાટડીવાળા શેઠજ જેહ.
પરશોતમ માલા નીરધાર, સોંપ્યા તેમને લાવી પ્યાર;
દાગીના ચાંદીના સાર, સોંપ્યા કવિને તે વાર.
એક થાળ સોના મય સાર, ધનજી ઠકરને તે વાર;
ભારે મુલ્યવાન વસ્ત્રો જેહ, સુંદરીઓને સોંપ્યાં તેહ.
બરી લઇ ચાલ્યાં નરનાર, મન ગમતાં માલે તેવાર;
ગાએ નારી સુંદર ગીત, સરવનું ચોટયું છે ચિત્ત.
ચાલ્યા સરવે સઘળા વિર, આનંદે પ્યારા રણુધીર;
ગાજાં વાજાં વાગે સાર, તે શુણી આવે બહુ પ્યાર.
ધીમે ધીમે ચાલી રહ્યાં, સઉ સજ્જન ભરાઈ ગયાં;
ચાલ્યાનો જડે નહીં માગ, પેશી જાએ જોઇ લાગ.
વાજાંનો થાએ બહુ શોર, થાય અતીશે આનંદ જોર;
આવી રીતે ચાલ્યાં સઉ, સૌ સજ્જન હરખાએ બહુ.
નગરીનાં સૌ નરને નાર નયણે નિર્ખે શોભા સાર;
ચારે ચૌટે ટોળે મળ્યાં, પ્રિત કરી સંઘાતે ભળ્યાં.
બજાર ભરાણી છે શુભ પેર, સૌને હૈયે આનંદ લ્હેર;
શોભીતું સરદારપુર સાર, ફર્યા સહુ સજ્જન નરનાર.

ઘર, અટારીં, મેડીસાર, ઈત્યાદી ધામો અપાર;
મંદીર, માદેવ, શ્રાવક સાર, દેરાં આવે રસ્તા મોઝાર.
મસ્જીદોમાં મુલ્લાં સાર, નિર્મે ખરી લાવી પ્યાર;
એ રીતેં પ્રિતેં બહુ વાર, ખરી ફરી છે પુર મોઝાર.
એમ કરતાં આવ્યો દરબાર, તેની શોભાનો નહિં પાર;
પેઠાં ત્યાં સૌ નરને નાર, આનંદ આવે અપરમપાર.
જાજમ બીછાવી શ્રીકાર, સૌકો બેઠાં છે તે ઠાર;
ગીત ગાય છે રૂડી પેર, સૌને ઉરમાં આનંદ લ્હેર.
ખરી વધાવી છે તે વાર, અંતરમાં લાવીને પ્યાર;
સ્ત્રીઓ ગઈ વેવાણો પાસ, મરદ બેઠા ચોગાને ખાસ.
મળીયા ત્યાં પીરૂભા મીયાં, દેખી સૌ આનંદી થયાં;
વેવાઇનો સ્વભાવ બહુ સાર, સભ્યતા છે અપરમપાર.
થોડીવાર જ્ઞાનગોષ્ટી થઈ, આનંદ લીલા જામી રહી;
પ્રીતેથી ઉઠ્યા લઈ રજા, સરવેને આવી છે મજા.
ગાતાં વાતાં આવ્યાં ઘેર, ઉતારે સૌ રૂડી પેર;
એમ કરતાં તો સાંજજ થઇ, જમવાની વખત જણાઇ.
જમવા ચાલ્યાં નર ને નાર, સૌને હૈયે હરખ અપાર;
શુભ જમણુ જમ્યાં નરનાર, પીરસે લાવીને બહુ પ્યાર.
જમી રહીને નર ને નાર, આવ્યાં ઉતારા મોઝાર;
એમ કરતાં ઘડી રાતજ ગઇ, મેંદીની તૈયારી થઇ.
આવી મંડપની સૌ નાર, અંતરમાં લાવીને પ્યાર;
ઢોલ ત્રંબાળુ સરણાઈ સાર, સતારના થાયે ઝણકાર.

બેન્ડ પણ ત્યાં ગાજી રહ્યું, સૌ સજ્જન આનંદી થયું;
મેંદી હજુર હાથે સાર, ચર્ચી અંતર લાવી પ્યાર.
ગીત ગાયે સૌ સુંદર નાર, સૌને હૈયે હરખ અપાર;
મેંદીની શુભ રીતો જેહ, સર્વે શોભી રહી છે તેહ.
એ રીતે શુભ કામજ કરી, ગીત ગાતાં નારી પરવરી;
કામ મેંદીનું પુરણ થયું, સરગસ ઉપર લક્ષજ ગયું.

સરગસની ધામધુમ.

રાગ—મુજ ઉપર ગુજરી.

સુંદર સરગસને કાજ કરી તૈયારી
મળ્યો સજ્જન કેરો સાથ પ્રેમ છે ભારી
શુભ શેરો જે તૈયાર કરેલો પ્રીતે
પેરાવ્યો અમ ભુપાળ સઉ શુભ રીતે
થયા વાજીંત્રોના નાદ બેન્ડ ત્યાં વાજે
ધન્ય ભાગ્ય તણો નહિ પાર સરગસ ચડે રાજે
મળ્યાં નગરીનાં નરનાર પ્રીતથી જોવા
હૈયામાં હરખ અપાર લ્હાવા શુભ લેવા
જોરાવર કેરા તન પરણવા આવ્યા
પ્રીતેથી નર ને નાર નિરખવા આવ્યાં
રોશનીનો નાવે પાર દીવી અપારી
સુંદર સરગસને કાજ ભારે તૈયારી

નગરીમાં લીલા લ્હેર હરખ અપારી
સઉ નિરખે નર ને નાર સરગસ બહુ ભારી
બેન્ડ વાજાં કેરા સુર ગગન જઈ પડીયો
ઢોલ તંબાળુનો નાદ આકાશેં અડીયો
સુંદર તેજી તોખાર પાણીનો ભારી
શણુગાર્યો લાવી પ્યાર સાવ સોનેરી
બેઠા તેપર દરબાર પ્રીત કરીને
જુએ સજ્જનનો સાથ પ્રેમ ધરીને
બેસુને મોતી બેય હજુરી જેહ
રક્ષણને માટે પાસ ચાલે છે તેહ
સુંદર વાડીની શોભા લાગે બહુ ભારી
નીરખે છે નરને નાર નયને ધારી
જ્યમ જ્યમ વખત વહી જાય મળે જન ઝાઝા
હૈયામાં હરખ અપાર નિરખે રાજા
વિવેકી વેણીભાઈ પધાર્યા પ્રીતે
કચેરી મંડળ સાથ રૂડા શુભ રીતે
વણોદતણા કુમાર સરગસેં ભળીયા
હુશેન મહમદખાન આવીને મળીયા
ગઢ સાથતણા દરબાર શોભે છે ભારી
બારસાથતણા કુમાર આનંદ ઉર ધારી
થઇ વારંગના તૈયાર મજરો શુભ કરવા
ચાલી સરઘસની સાથ દીલ ખુશ કરવા.
સૌ સુંદરીઓ ગુણ સાર ગીત શુભ ગાએ
ત્યમ ત્યમ સઉ સજ્જન સાથ ચિત્ત હરખાએ

જશવંતા જેનલખાન સરગસ બહુ શોભે
નિરખવા વારમવાર નયનાં લોભે
જાણે ઇંદ્ર ચડયો છે આજ સ્વારીએ ફરવા
જશવંતા જેનલખાન ચડયા ચિત્ત હરવા
ચૌટે ને ચકલે ગીત વારાંગના ગાએ
સૌ સજ્જન કેરાં ચિત્ત ખુબ હરખાએ
માણુસોનો નાવે પાર ભીડ બહુ થાએ
ત્યમ ત્યમ જાનૈયા ચિત્ત ખુબ હરખાએ
વેણીશંકરભાઈ સાથ હર્ષથી આજે
સઉ સજ્જન કેરી સાથ અગ્ર બીરાજે
દારૂખાનાની રમત શરૂ કરી દીધી
છોડનારા શુભ વિર જેહ વરધી દીધી
મોટાં નાળીએરી ઝાડ રહ્યાં છે ગાજી
તે દેખી સૌ નરનાર થાય બહુ રાજી
ભોં કોઠીનો નહીં પાર જોશમાં છુટે
દારૂખાનાની અનેક રમતો ફુટે
જાતે જાતનાં ઝાડ રહ્યાં ગોઠવાઈ
ભારે અવાજો સાથ રહ્યાં છોડાઈ
રાતાને પીળા રંગ તે માંહી થાએ
લાલને ઉદા રંગ માંહી દેખાએ
ગુલાબી ને પીરોજ રંગ તો શોભે
પચરંગી રંગો જોઈ મનડાં લોભે
લગાડતાં રોશની થાય દીલ ખુશકારી
તે રંગ બેરંગી થાય છુટે બહુ ભારી

બંદુકો કરતાં બહાર બહુ વિધ થાએ
સૌ સજ્જન કેરાં દિલ ખુબ હરખાએ
જાણે વૃજ તણો તો દેશ રહ્યો છે દાઝી
આતસબાજીની ઠોર રહી છે ગાજી
આતસબાજી જે જોર કરીને છુટે
જાણે સહસ્ત્ર બંદુક સાથમાં ફુટે
માંહે મોટા મોટા ગોળા માટલી જેવા
છુટે છે કરીને જોર તોપના જેવા
સરવે મનુષ્યની નજર ત્યાં કણે લાગી
ફુલ ઝરે અપરમપાર માણુસ રહે ભાગી
દારૂખાનાની રમત બહુ વિધ થાએ
હાથીને વાઘ તણી લડત લડાએ
સરવે રણ રંગની રમત અહીં જણાએ
તે દેખીને આનંદ ખુબ ઉભરાએ
ચાલે ધીમે નરનાર ધરીને પ્યાર
ત્યાં છુટે રમત અનેક થંભે બહુ વાર
કોઈ ફરતાં જાએ ઝાડ ફુદડી ખાઈ
જોતાં અતી આનંદ કહું શું ગાઇ
હવૈ તણો બહુ વેગ ગગનમાં જાએ
તે દેખી સૌ નરનાર ખુબ હરખાએ
દારૂખાનું બહુ પેર જોશમાં છુટે
ગોળા ચડે આકાશ પછી ત્યાં ફુટે
છૂટેલાં તેનાં ફુલ રંગ બેરંગી
એવી રીતે આતસબાજી થઈ જંગી

ગબારા કરીને વેગ ગગનમાં જાએ
જોતજોતામાં આકાશ તારા જણાએ
એક ચડેને બીજો તરત થાય તૈયાર
તે પણ જોતામાં જાય ત્રીજો તૈયાર
જાણે દેવ બેશી વિમાન ગગનમાં જાએ
એમ લાગે સઉને ઉર ખુબ હરખાએ
સુંદર સુંદરીઓ ગીત બહુ વિધ ગાએ
તે સુણી સઉ નરનાર દિલ હરખાએ
મધુરા તેના રાગ પ્યારા બહુ લાગે
જાણે ગાંધ્રવનાં ગીત ઉરમાં લાગે
એમ ફરીયા સારૂં શહેરે સરગસોં ફરતાં
ઉભરાયો અતી આનંદ રમત નીરખતાં
ફરીને સારૂં શેહેર મંડપે આવ્યા
પીરૂમીયાં દરબાર બહુ હરખાયા
વધાવ્યા શ્રી નામદાર સરબત પવાયાં
શિકંદરખાનનાં દિલ ખુબ હરખાયાં
ઉતરીયા શુભ રાજન ભલા શુભ રીતે
તોરણ ઘોડાની રીત દીધી છે પ્રીતે
મંડપની શોભા જેહ વર્ણી નવ જાએ
સૌ સજ્જન કેરાં દીલ ખુબ હરખાએ
સુંદર પુર્યો દીપમાળ રોશની ભારી
ગાદીને તકીયા સાર સુંદર તૈયારી
બેસાયાં શ્રીરાજન મંડપની માંહી
સરવે તરેહની સોઇ અહીં જણાઈ

મંડપનાં સજ્જન સઉ આનંદ નવ માએ
રાજાશ્રીને નીરખી ખુબ હરખાએ
નીકાનો શુભ વખત જણાયો જ્યાંહીં
આવ્યા કાજી ધરી પ્યાર આનંદે આંહીં

નીકો પઢતી વખતનો આનંદ.

રાગ—ચાલો ચાલોરે સખીનો સાથ પાણી ભરવારે.

આજે આનંદ આનંદ (૨) ઉર માંય રાજા પરણેરે;
જુવે જુવેરે હાંહાંજી (૨) સજ્જનનો સાથ શોભા વર્ણેરે. આજે.

જાનૈયા ને માંડવીયા, સઉ બેઠા સભા મોઝારરે;
સરવે ભાઈઓ સાથે શોભે રાજાશ્રી સહુ સાર. રાજા.

સાહેદ સરવે શુભ પ્રસંગે, હાજર હોંશ અપારરે;
વર કન્યાના વિવાહ માટે, રહેલા હુંશિઆર. રાજા.

કાજીસાહેબ શુભ રીત કરીને, પઢાવે નીકો બહુ પ્યારરે;
નયણે નિરખી આનંદ આવે, સૌ સજ્જન આ વાર. રાજા.

શુભ નીકો પઢાવ્યો પ્રીતે, આનંદ અંગ ન માયરે;
નરનારી સૌ નેહ કરીને, પ્રીતે જોવા ચ્હાય. રાજા.

શુભ કામ નીકાનું સરવે, પુર્ણ થયું જે વારરે;
સુંદર ગીત ગવાવા લાગ્યાં, ગવૈયા શ્રીકાર. રાજા.

ગણિકા તીહાં તાળ મેળવીને, તાળી વગાડી ગીત ગાયરે;
હાવભાવ કરી બહુ રીતેથી, અંતરમાં હરખાય. રાજા.
સારંગી ને સતાર શરોદા, વાજે અપરમપારરે;
શ્રોતાને બહુ આનંદ આપે, સુણતાં હરખ અપાર. રાજા.
પ્રેમ કરી દરબાર ભર્યો ત્યાં, અંતર લાવી પ્યારરે;
સુંદર કસુંબા ઘોળાએ, આનંદ વરતે અપાર. રાજા.
પરસ્પર કસુંબા પીવાએ. આનંદ અંગ ન માયરે;
ચા પાણી ને પાન સોપારી, પ્રીતેથી અપાય. રાજા.
સુંદર ગુલાબ અત્તર ચર્ચાએ, શોરીમ છુટે સારરે;
ફુલના તોરા ફુલની છડીયો, વહેંચાયાં તે વાર. રાજા.
લાણું કર્યાં બહુ પ્રીત કરીને, ભાવ કરી અપારરે,
સૌ સજ્જન રાજાને નીરખી, અંતરમાં હરખાય. રાજા.
ગાન તાન ગવાયાં પ્રીતે, આનંદે બહુ વારરે;
રાજાશ્રી ઉઠ્યા મળવાને, અંતર લાવી પ્યાર. રાજા.
સૌ દરબારોને મળીયા રીતે, હુશેન મહમદખાં સારરે;
મોતીલાલને મળીયા પ્રીતે, મળીયા સસરા સાર. રાજા.
જાનૈયા ને માંડવીયા સઉ, મળીયા શ્રી નામદારરે;
માતુ આછુબાને નમીયા, આનંદે અપાર. રાજા.
સૌ બીબીઓને મળીયા પ્રીતે, સુજ્ઞ અમ નામદારરે;
ખાલા બીબીને મળીયા પ્રીતે, હર્ષ લાવી અપાર. રાજા.
બરાતની સૌ સુંદરી પ્રીતે, ભામણાં લે રાજનરે;
અંતરમાં ઉમળકો આવે, બહુ હરખાયે મન. રાજા.

સાસુજીને મળીયા પ્રીતે, સુંદર એમ રાજનરે;
ઉછરંગના બહુ ઓઘ આવે છે, સાસુજીને તન. રાજા.
મંડપનાં સહુ સગાં સબંધી, મળીયા શ્રી દરબારરે;
પ્રીત કરીને પછી પધાર્યા, ઉતારા મોઝાર. રાજા.
ઉદાર મનના મેનેજરને, મળવા પધાર્યા નામદારરે;
બહુ આનંદે સન્મુખ આવ્યા, વેણીભાઈ સરદાર. રાજા.
ગાયન ત્યાં ગવૈયા ગાયે, સુંદર રાગે અપારરે;
ગુણવંત ગુણીકા મજરો કરવા, લાગી છે આ વાર. રાજા.
નાનાં મોટાં સૌ સભાજનો ત્યાં, બેઠાં સભા મોઝારરે;
ઉમળકો સૌને ઉર માંહી, આવે છે અપાર. રાજા.
હાથ ગરણાં સૌ હેત કરીને, કરે છે લાવી પ્યારરે;
હેતે શ્રી નામદાર વધાવે, સુંદર પુષ્પે સાર. રાજા.
એમ આનંદ વધ્યો છે અધીકો, ઉઠ્યા શ્રી દરબારરે;
કચેરી બરખાસ થઇને, ઉઠ્યા સઉ આ વાર. રાજા.
શુભ આશિષ સૌકોએ દીધી, અંતર લાવી પ્યારરે;
રાજ્ય કરો શુભ શાન્તી થકી, વર્ષ ક્રોડ નીરધાર. રાજા.
ગાજતે વાજતે ચાલ્યા રાજા, ઉતારાની મોઝારરે;
આનંદે સહુ નરનારી તે, નીરખે લાવી પ્યાર. રાજા.
એ રીતે શુભ આનંદ જામ્યો, સીધ્યાં સુંદર કાજરે;
જલવા આદી બાકી રીતો, પુર્ણ કરી શુભ આજ. રાજા.
જમવાની ત્યાં વખત જણાઈ, બોલાવે લાવી પ્યારરે;
જમવા માટે સહુ પધાર્યા, હર્ષ વધ્યો અપાર. રાજા.

પરવા દેવા વિષે.

રાગ-ક્ષત્રિકલંક.

પરવા દેવા પધાર્યા મોતીલાલ,
આનંદ આજ અતી ઘણોરે;
ઉર માંહી લાવી બહુ વાલ. આનંદ.
સાથે સરવે સજ્જન કેરો સાથ. આ૦
એક બીજાના ઝાલીને ચાલે હાથ. આ૦
ઢમ ઢમ કરી વાગે બહુ ઢોલ. આ૦
માંહી શરણાઇ કેરા સુર. આ૦
બેન્ડ તણો થયો ભારે ઝણકાર. આ૦
પડઘમ સુર કરે છે અપાર. આ૦
મળ્યાં હલકે નગરીનાં લોક. આ૦
જીહાં જુવે તીહાં દીસે થોકે થોક. આ૦
થયું માગણ સરવને જાણ. આ૦
તાગ દેછે દસરથ પર ભાણ આ૦
આજે દાળદરનોરે ચુરો થાય. આ૦
એમ મુખ થકી વેણુ સઉ વાય. આ૦
થયાં એકઠાં માગણ નરનાર. આ૦
તાગ લેવા માટે હરખ અપાર. આ૦
તહાં જોવા તણી તો મજા થાય. આ૦
મેદની તીહાં અતીશે દેખાય. આ૦

માગણ કહે ભાગવી છે ભુખ. આ૦
સારી જીંદગીનાં કાઢવાં છે દુઃખ. આ૦
અઠાવનમાં હતોરે દુકાળ. આ૦
તાગ તોય ભલો દેવા ભરી ફાળ. આ૦
તેથી અધીકો આપો આણીવાર. આ૦
જશ જગમાં વધે નીરધાર. આ૦
એક હોય તેનાં પચાસ ગણાય. આ૦
એવો માગણ માગે છે પરવાય. આ૦
જેથી સજ્જન સહુરે ખુશી થાય. આ૦
ઘેટાં ઘોડાંના માગે છે પરવાય. આ૦
મોટા મનના મોતીલાલ જેહ. આ૦
શીલબંધ થેલા લાવ્યા પ્રીતે તેહ. આ૦
વરસાદ પેરે વૃષ્ટિ થાય. આ૦
એક હોય તેનાં પચાસ અપાય. આ૦
વાહ વાહ માગણ ખુશ થાય. આ૦
સાબાશ સાબાશના શબ્દ સંભળાય. આ૦
જેમ મેઘ કેરી ધારા વરસાય. આ૦
એમ પરવા અનેકને અપાય. આ૦
તાગ આપે મોતીલાલ ધરી પ્યાર. આ૦
થોભ મીરાંજી મદદ બહુ સાર. આ૦
દુવા આપે છે માગણ નરનાર. આ૦
જેનખાન જીવો વરસ હજાર. આ૦
શુભ કામદાર મોતીલાલ જેહ. આ૦

જશ પામો બહુ જગ માંહી તેહ. આ૦
એમ ભાગ્ય તણો નહિ પાર. આ૦
એમ બોલે છે માગણ નરનાર. આ૦
સરદાર પર ધરતી જેહ. આ૦
માગણથી ઢંકાણી બધી તેહ. આ૦
માગણની જાતો જાણો જેહ. આ૦
આવી સરદાર પરમાં તેહ. આ૦
જ્યમ જ્યમ તાગ અધીક અપાય. આ૦
ત્યમ ટોળાં ઉપર ટોળાંરે દેખાય. આ૦
બહુ પ્રીત કરી દાન તો દેવાય. આ૦
ઘેટાં ઘોડાંના અપાયા પરવાય. આ૦
એમ ઘણો અપાયો પરવાય. આ૦
સર્વ માગણ મુખે વાહ થાય. આ૦
માગણ સઉ બોલે મુખે બોલ. આ૦
કોણ આવે જેનખાનને તોલ. આ૦
ધન્ય કામદાર મોતીલાલ સાર. આ૦
તેં તો દસાડું શોભાવ્યું નીરધાર. આ૦
ખુશી થાય છે માગણ નરનાર. આ૦
બોલે મુખથી સઉ નીરધાર. આ૦
માગણ બાર માસ આવે જેહ. આ૦
શીકા ધરતી ઉપર જડે તેહ. આ૦
એવી રીતે આનંદ કરી સાર. આ૦
આવ્યા સરવે ઉતારા મોઝાર. આ૦

કવિ તણી તીહાં કવિતા ગવાય. આ૦
શેલાં, પાઘડી ને શાલો ત્યાં અપાય. આ૦
નાણું કેરા થાયે ભારે સરપાવ. આ૦
જેનખાન આપી લેછે બહુ લાવ. આ૦
એમ સરપાવ થયો બહુ સાર. આ૦
કવિ હરખનો નાવે કાંઈ પાર. આ૦
ધન્ય દસરથપુર દરબાર. આ૦
નામ કાવ્યમાં ટંકાયું નીરધાર. આ૦
કવિ છોકરાંનાં છોકરાં જેહ. આ૦
સર્વ સ્થળે શુભ કાવ્ય ગાશે તેહ. આ૦
એમ ભારે ભારે જશ તો ગવાય. આ૦
સરવ મુખ થકી વાહ વાહ થાય. આ૦
સાંજ પડી એમ કરતાં સાર. આ૦
સઉ જમવા પધાર્યા નીરધાર. આ૦
જમીને જમણુ શરીકાર. આ૦
પોઢ્યાં પોતપોતા ઉતારા મોઝાર. આ૦
બીજે દીવસ સૂરજ ઉદે થાય. આ૦
અતી ઘણો હર્ષ તીહાં ઉભરાય. આ૦
આવ્યાં માગણોનાં ટોળાં અનેક. આ૦
તાગ અમારો આપોને ધરી ટેક. આ૦
ઉદાર દિલનાં આહુબા માત જેહ. આ૦
મોતીલાલભાઈ તાગ આપો તેહ. આ૦
દુલ્લા જેનખાનનો દરબાર. આ૦

કેમ પાછાં ફરે યાચક આ વાર. આ૦
તાગ દેવા માંડ્યો લાવી બહુ પ્યાર. આ૦
એમ ત્રણ દિવસ આપ્યો નીરધાર. આ૦
જઇ મોકલે છે બીજાં નરનાર. આ૦
માંહે લીધેલાં ભળે છે બીજી વાર. આ૦
તોય દસરથપર દરબાર. આ૦
છુટે હાથે આપે વારમવાર. આ૦
એમ પરવા અગણીત અપાય. આ૦
સઉ માગણો ખુશી બહુ થાય. આ૦
જેમ યાચક ખુશી થઇ જાય. આ૦
ત્યમ દસાડા દરબાર હરખાય. આ૦
એમ ત્રણ દીન તાગ આપ્યો જેહ. આ૦
શેષ વર્ણવા શક્તિ નથી તેહ. આ૦
આપે માગણો આશિષ સઉ તેહ. આ૦
ક્રોડ વર્ષ સુધી રાજ્ય કરો એહ. આ૦
વધો કુળદિપક વિસ્તાર. આ૦
પ્રજા પાળક શોભો બહુ સાર. આ૦
માતુ આછુબા મુગટમણિ જેહ. આ૦
સર્વ સમયમાં સુખી રહો તેહ. આ૦
કુંવરના કુંવર મુજ માય. આ૦
તેહ તમ નજરે પોંખાય. આ૦

બરાતને વિદાયગીરી.

રાગ—રઘુનાથજીની ઘોડલી.

આજે આનંદ અમને અતી ઘણો,
પ્રીતે શીખ બરાતને થાયરે.
આનંદ ભલે આવીયો,
મળી સુઘડ સરવે ત્યાં સુંદરી,
ગાએ ગીત મધુર લાવી પ્યારરે. આનંદ.

વાજાં વાગે ત્યાં વિધ વિધ રાગનાં,
માંહે શરણાઇ સુર શ્રીકારરે. આ૦

ઢોલ ત્રંબાળુ નાદ થાએ ઘણા,
માંહે ભેર વાગે બહુ સારરે. આ૦

દાયજો આપ્યો પીરૂભા ભલીભાતનો,
તેતો વર્ણવતાં નવ આવે પારરે. આ૦

ધામધુમથી સ્વારી સઉ નીસરી,
આવી સરદારપરની બહારરે. આ૦

દરબાર પીરૂમીયાં ત્યાં પધારીયા,
વેગે બરાત વળાવા લાવી પ્યારરે. આ૦

માગણ મળીયાં છે ભુરકી લેવા ઘણાં,
સખાવત કરી છે બહુ સારરે. આ૦

હેતે હળીમળી સરવે જુદાં પડયાં,
ચાલ્યાં આનંદે રસ્તા મોઝારરે. આ૦
રસ્તે આનંદ આવે અતી ઘણો,
તેતો વર્ણવતાં નવ આવે પારરે. આ૦
ધોરી કોટે ઘુઘરમાળ ઘણુઘણે,
ત્યાંકણુ હણુહણે અશ્વ અપારરે. આ૦
સ્વાર ચાલે છે અતી શોહામણા,
તેતો વડનગરની વાટરે. આ૦
રસ્તે જાચક આવે અતી ઘણાં,
દાન આપી કરે છે રળીયાતરે. આ૦
ગીત, ગાએ વેલોમાં સુઘડ સુંદરી,
રૂડા લાગે છે રાગ નીરધારરે. આ૦
એમ કરતાં વડનગર આવીયું,
પોચ્યો સરવે સજ્જનકેરો સાથરે. આ૦
શુભ આશ્રમ સ્થળ માંહે ઉતર્યા,
સૌના હૈયામાં હરખ અપારરે. આ૦
ત્યાંકણુ સામગ્રી સરવે કરી ઘણી,
સુંદર રસોઈ રાખેલ તૈયારરે. આ૦
જમવા બોલાવ્યાં સૌ નરનારને,
બહુ જુગતે જમ્યાં છે લાવી પ્યારરે. આ૦
પછી પોઢયાં તે પ્રીત કરી સહુ,
ઉઠયાં આનંદે સહુ પરભાતરે. આ૦

સ્પેશ્યલ સ્ટેશનપરે ભલીભાતથી,
હાજર રહી છે હજુર સાહેબ માટરે. આ૦
બડી ધામધુમેથીરે નીસર્યા,
આવી રહ્યા સ્ટેશન મોઝારરે. આ૦
વડનગરના બ્રાહ્મણ ત્યાં આવીયા,
તેમને ખુશી કર્યા આપી દાનરે. આ૦
મળવા આવ્યા મણિભાઈ પ્રીતથી,
શેઠ વડનગર સુજાણરે. આ૦
કર્યો વિવેક શેઠે ભલી ભાતનો,
સૌને સંતોષ આપ્યો છે સારરે. આ૦
એ રીતેથી આનંદ અતી ઘણો,
વરત્યો છે ત્યાં જયજયકારરે. આ૦
સહુ બેઠાં ત્યાં સ્પેશ્યલ ટ્રેનમાં,
સીટી થઈને ચાલી સુસવાટરે. આ૦
વેગ વધતો ચાલ્યોરે પળપળતણો,
બદલાય સ્ટેશનો વારમવારરે. આ૦
રસ્તે ચાલતાં શોભા તેની શી કહું,
તેતો વરણવતાં નાવે પારરે. આ૦
એમ કરતાં વીરમગામ આવીયું,
અગ્ની રથથી ઉતર્યા નરનારરે. આ૦
થયું બેન્ડ તીહાંકણે ચાલતું,
બીજાં વાજીંત્રનાદ અપારરે. આ૦

ઢોલ ત્રંબાળુ સુર થાએ ઘણા,
થાએ ડંકાના નાદ અપારરે. આ૦
મળીયા અદામીયાં અહીં પ્રીતથી,
હુરખ ઉભરાયો સૌને અપારરે. આ૦
સામા માનપત્ર માટે આવીયા,
સ્ટેશન સ્ટાફ લાવી બહુ પ્યારરે. આ૦
હાર પુષ્પના પેરાવ્યા પ્રીતથી,
સરવે હજુર સોભતી તે વારરે. આ૦
મીઠાઇ પ્રેમ કરીને ભેટ કરી,
પાન સોપારી પ્રીતે શ્રીકારરે. આ૦
વિવેક ત્યાં દીધો શ્રી જેનખાનજી,
તેતો ઉદાર મને લાવી પ્યારરે. આ૦
પછી પ્રીત કરીનેરે પરવર્યાં,
આવી રહ્યા ઉતારા મોઝારરે. આ૦
જમણુ ત્યાં રખાવ્યું રૂડી રીતનું,
પ્રેમે જમીયો છે સજ્જન સાથરે. આ૦
જમી રમીને રાજન નીસર્યાં,
આવ્યા માલણપર મોઝારરે. આ૦
રૂડાં સામૈયાં કર્યાં ભલી ભાતનાં,
પ્રેમે નગરનાં લોક તે વારરે. આ૦
ગાજતે વાજતે નગરમાં પધરાવીયા,
સૌના હૈડામાં હરખ અપારરે. આ૦

બડી ધામધુમે ઉતારે આવીયા,
સૌને વરત્યો છે આનંદ અપારરે. આ૦
જમ્યા રસોઈ તીહાં સઉ પ્રીતથી,
પછી પોઢયાં અંતર લાવી પ્યારરે. આ૦
પ્રભાત થતાં ઉઠયાં સઉ પ્રેમથી,
પીધાં ચાપાણી પ્રીતે તે વારરે. આ૦

માલણપરમાં દરબાર ભર્યાં તે વિષે.

રાગ–મુજ ઉપર ગુજરી.

ભર્યો માલણપર દરબાર જેનખાંરાય
પરભાતે લાવી પ્યાર દિલ હરખાય
થયો ડંકો જેણીવાર સૌ જન મળીયા
હૈયામાં હરખ અપાર પ્રીતથી ભળીયા
શરણાઇ કેરા સુર છે આનંદકારી
હરખે ભર્યો દરબાર લાગે બહુ ભારી
ઢોલ ત્રાંસા કેરા સુર અતીશે થાયે
તે સુણીને નરનારી દિલ હરખાયે
મળીયાં નગરીનાં લોક માન મન લાવી
થાય વાજીંત્રના નાદ કહું શું ગાઇ
એ રીતેથી દરબાર ભર્યો બહુ ભારી
હરખે નગરીનાં લોક સઉ નરનારી

પટલીયા આવ્યા પ્રીત કરીને ત્યાંહી
આજ આનંદનો નહીં પાર વદે મુખ માંહી
ધન્ય ધન્ય આજનો દીન એમ ઉચ્ચરતા
રાજાશ્રીને નીરખી હરખ બહુ ધરતા
ધન્ય જોડજી અમ માત પધાર્યા પ્રીતે
આનંદ આવ્યો અપાર માતુ શુભ રીતે
એ રીતે બોલે બોલ પ્રેમ બહુ ભારી
સૌને હરખ અપાર નગર નરનારી
ગવાયાં શુભ ગાયન સભા હરખાયે
સૌ બરાત કેરાં જન અહીં જણાયે
કાવા કસુંબાની ધુમ પ્રીતથી લાગી
બહુ ઉમળકાની સાથ ઝડી તે લાગી
અપાયો આણી પ્યાર પ્રેમ ધરીને
આપે છે બીજી વાર ખેંચ કરીને
એ રીતેથી આનંદ થયો છે આંહી
ચાના કટોરા ભર્યા આવ્યા છે ત્યાંહી
ઉત્તમ ચા પીધો સર્વે મળીને પ્રીતે
પરસ્પર ચાલે વાત ભલી બહુ રીતે
થઇ કચેરી બરખાસ ઉઠ્યા ગુણી રાજા
સૌ નમે સજ્જનનો સાથ પ્રીતથી તાજા
આવ્યા ઉતારા માંહી સદા સુખકારી
જમવાની હાકલ થઇ રસોઇ તૈયારી
સુંદર લાડુ ધરી પ્યાર બનાવ્યા પ્રીતે
અન્ય સામગ્રીનો સ્વાદ ભાત શુભ રીતે

જમીને સૌ નરનાર ઉતારે ચાલ્યાં
ત્યાં મનગમતા મુખવાસ સરવને આલ્યા
થયો ચાર બજ્યાનો ટાઇમ જેણીવાર
બહુ પ્રીત કરી રાજન ભર્યો દરબાર
દીધાં દરશન રાજન મહા સુખકારી
ધન્ય આનંદનો નહીં પાર વરણે નરનારી
થઇ સાંજ તણી વખત મશાલ પ્રીતે
છડીદારે હાકલ કરી સુણી શુભ રીતે
મશાલનાં દરશન થયાં સઉકો જ્યારે
રાજન પધાર્યા સ્વ ઉતારે ત્યારે
સાંજે પ્રીતે રસોઈ જમ્યાં નરનારી
પોઢ્યાની વેળા થઈ કરી તૈયારી
ઉઠ્યાં પરભાતે સહુ સુખથી જ્યારે
એ જન પટલીએ આપ્યું પ્રીતથી ત્યારે
સ્વીકાર્યું તે સુજાણ જેનખાંરાય
હૈયામાં હરખ અપાર વસ્તીને થાય
ભર્યો આઠ બજે દરબાર પ્રીતથી ત્યાંએ
ધન્ય માલણપરનાં ભાગ્ય હર્ષ ઉભરાયે
પાટડીનાં માણસ જેહ રજા ત્યાં માગી
જવું છે પાટડી શહેર લગની લાગી
આપી રજા દરબાર પહેરામણી કીધી
પાઘ ને ઝોટા શાલ શીખમાં દીધી
થઈ ભોજનની વખત ઉઠ્યા શુભ રાજા
તે સાથે સજ્જન સઉ પ્રેમથી ઝાઝા

જમીયા લાડુ ભલી ભાત શાક ને દાળ
ભાત માંહે દુધ દેવાય શોભે છે થાળ
જમીને સૌ નરનાર સ્થાનકે આવ્યાં
સુણી દસરથપર જવું દિલ હુરખાયાં
થયો ચાર બજ્યાનો ટાઇમ જેણી વાર
સૌ થઇ ગયાં તૈયાર સજ્જન નરનાર
થયો ડંકો જેણીવાર રાજા સીધાવ્યા
સૌ નગરીનાં નરનાર ભાવથી આવ્યાં
ઢોલ શરણાઇના સુર વેગથી થાયે
ત્રાંસા કેરા અવાજ ઉર હરખાયે
અશ્વ રથની માંહી શોભે છે રાજા
નિરખે નગરીનાં લોક તાનથી ઝાઝા
ઇચ્છે છે સૌ આશિષ અર્જ આ વારી
તપો અવિચળ રાજન મહા સુખકારી
જયજય થાજો જગ માંહી જેનખાંરાજા
રિદ્ધિ સીદ્ધિનાં સુખ પામજયો ઝાઝાં
માતુ આહ્ફુબા કુંવર કેળવો પ્રીતે
સહુકુટુંબ બહુ આનંદ વાધો શુભ રીતે
એ રીતે દે આશિષ સહુ નરનારી
ચાલી પ્રીતે બરાત આનંદ ઉર ધારી
રસ્તામાં આનંદ લ્હેર રહી છે જામી
શું મુખ કરૂં વખાણુ નહીં કાંઇ ખામી

એમ કરતાં દસરથપૂર જણાયું જ્યારે
હૈયામાં સૌ નરનાર હરખ બહુ ત્યારે
એ રીતે અમદરબાર દસાડે આવ્યા
કરી શુભ વિવાહનાં કામ હર્ષ ઉર લાવ્યા
પોંખ્યા છે શ્રીનામદાર પ્રીત કરીને
જુવે નગરીનાં લોક પ્રેમ ધરીને
માતુ આછુબા ઉમંગ કયો નવ જાય
દાદી બીબીને હર્ષ બહુ ઉભરાય
છે કવિતણી આશિષ હર્ષથી ભારી
મનવાંચ્છીત ઇચ્છા પુર્ણ થાઓ દરબારી
પુર્ણ વાધો વિસ્તાર કુળ અજવાળાં
સદા સુખી રહો કુટુંબ રૂડાં રઢીયાળાં
કરો ક્રોડ દીવાળી રાજ પ્રજાની પ્રિતિ
માતુ આછુબાનાં માન રાખો શુભ રિતિ
એવી અનેક આશિષ જશ બહુ થાજયો
ગુણ જેનખાન દરબાર જગ ગવાજયો

તથાસ્તુ.

લી. ચર્ણરજ સેવક,

ડાહ્યાલાલ મલુશંકર જોશી.

દસાડા કાઠીયાવાડ.

દરબારશ્રી જેનખાનજી સાહેબ.

છપ્પા.

જશવંતા જેનખાન, કુળમાં દીવો જાણું;
જશવંતા જેનખાન, દિપક પ્રગટયો પ્રમાણું.
જશવંતા જેનખાન, નીતિ લક્ષણ છે કેવાં;
જશવંતા જેનખાન, લક્ષણ શુભ અકબર જેવાં.
જોરાવરના તનને, અહોનિશ આશિષ એટલી;
રાજાશ્રી અવિચળ રહો, મુરાદ સફળ શુભ જેટલી.

♠ ♠ ♠ ♠

બચપણમાં અભ્યાસ, કર્યો બહુ પ્રેમ કરીને;
કુમાર કૅાલેજ માંહી, અતીશે પ્રેમ ધરીને.
પૂર્ણ કરી અભ્યાસ, થયા છો પંડિત પુરા;
ભાષા ભણીયા પૂર્ણ, ગુણના સાગર શુરા.
કુશળતા કૅાલેજમાં, મોટી આબરૂ મેળવી;
યશસ્વી રાજન તેં, ભણવામાં જીવ ભેળવી.

♠ ♠ ♠ ♠

દિલ્હીમાં દરબાર, ભરાયો જ્યારે ભારી;
જશવંતા જેનખાન, તણી ત્યાં થઈ તૈયારી.
પ્રિતે પ્રિન્સીપલ સાથ, કૅાલેજના પ્રેમ ધરીને;
નવાબ રાધણપુર સાથ, પધાર્યા પ્રિત કરીને.

પહોંચ્યા ત્યાં શુભ પ્રેમથી, નીરખી આનંદ પામીયા;
જશવંતા જેનખાનજી, આનંદે શુભ આવીયા.

પ્રથમ થયાંતાં લગ્ન, માન્યવંતા શુભ પ્યારા;
વણોદ રાજન જેહ, કમુબા શોભે સાર.
તેમનાં મહા ગુણવાન, કુંવરી પરણ્યા પ્રિતે;
પરણેતર એક વર્ષ, રહ્યું પછી થયું અઘટીતે.
તે કારણથી સરદાર, પ્રિતે પરણવા નિસર્યા;
આનંદ વાધ્યો સર્વને, પ્રિતે પરણી પરવર્યા.

આજ મને આનંદ, ઉરમાં આવે ભારી;
પરણ્યા શ્રીરાજન, હૈયામાં હોંશ અપારી.
પુર્ણ વિધિ વિવેક, સખાવતથી શુભ કીધો;
મનોરથ મંગત સહુ, પુર્ણ રીતે શુભ સીધ્યો.
જેનખાન રાજા તણો, જશ જગમાં વાધ્યો ઘણો;
ડાહ્યાલાલ કે દિલથી, ઉચ્છરંગ અમ છે તે તણો.

માતુશ્રી આચ્છોબા સાહેબ.

સખાવત દિલનાં માત, આચ્છુબા દીસો સારાં;
નિર્મળ ગંગા તુલ્ય, વિવેકે સુંદર ધાર્યા.
જાડેજી ગુણવાન, નામ જગ માંહી ગવાયું;
બહુ બહુ આપ્યાં દાન, દસાડું ખુબ દીપાવ્યું.
જેનખાન રાજા તણું, માતુશ્રીને પ્રેમથી;
આષિશ એ છે અમ તણી, રહો કુશળ ને ક્ષેમથી.

આજ મને આનંદ, આવે બહુ માતા મારી;
દેશ દેશમાં ખ્યાત, વધારી છે બહુ સારી.
મોટાં કીધાં કામ, હામ હૈયામાં લાવી;
પરોપકાર અપાર, ધરમનાં કામ કરાવી.
જેનખાન રાજનનાં, માતુ આશિષ એટલી;
આનંદ વાધો આપનો, ઇચ્છા મનની જેટલી.

જશવાળાં બહુ કામ, કર્યાં છે પ્રીત કરીને;
જુનાં કારજ જેહ, કર્યાં છે ખંત ધરીને.
બહુ બહુ ખરચી દામ, કામ મોટેરાં કીધાં;
મોટાં મેલી મન, માન જગમાં બહુ લીધાં.
જેનખાન રાજનનાં, માતુએ બહુ પ્રિતથી;
જશ જગ માંહી દીપાવીયો, લાખેણો શુભ રીતથી.

મોટા દિલથી કાર્જ જોરભાનું તો કીધું,
જમીયું સારૂં શેહેર, ટાણું શુભ રીતે દીધું.
ક્ષુદ્ર મેલી મન, હજારો જન જમાડયાં;
બહુ નોતરનાં લોક, પ્રિતે પરસાદ પમાડ્યાં.
ત્રાંબાની ગોળી તણાં, લ્હાણાં શુભ કીધાં ઘણાં;
જશ જગમાં દીપાવીયો, આનંદમાં નવ રહી મણા.

♠ ♠ ♠ ♠

સુનત કુંવરની સાર, પ્યાર બહુ માતા ધારી;
દિલ તણાં દરિઆવ, ઉરમાં આનંદ ભારી.
સગાઈ સુંદર જેહ, વિવેકે વણોદ કરીને;
બહુ લીધો છે લ્હાવ, ઉરમાં પ્રેમ ધરીને.
આશરો શુભ ચાહનારને, મદદ આપી છે ઘણી;
સખાવત દિલનાં માતને, આશિષ શુભ છે અમ તણી.

♠ ♠ ♠ ♠

જશ રેખા છે માત, આપના હાથે ભારી;
આચ્છુબા ગુણવાન, શોભાવી નગરી સારી.
કુંવર શાદી કીધ, સરદારપુર પ્રીત કરીને;
આનંદ અધિકો લીધ, વિવાહ શુભ રીત કરીને.
જેનખાન રાજનનાં, માતુ આશિષ એટલી;
પૂર્ણ થાઓ તમ તણી, ઇચ્છા મનની જેટલી.

માતુશ્રી દાદી બીબી સાહેબ.

દાદી બીબી માત, સ્વભાવે છો બહુ સારાં;
જેનખાન દરબાર, તણાં માતુ છો પ્યારાં.
પીયર મોગલ કુળ, સોથલખાનજી તમ તાત;
સુંદર છો ગુણવાન, કહે સૌ કો સાક્ષાત.
જેનખાન રાજા તણાં, માતુ આશિષ પ્રેમથી;
આનંદ વાધો આપને, રહો કુશળ ને ક્ષેમથી.

વેણિશંકરભાઇ.

છપ્પા.

ગુણવતા ગુણ સાર, વેણિભાઇ નાતમનાગર;
સુંદર અમ સરદાર, શીળના દીસો સાગર.
કુશળતાથી કામ, કરો છો સરવે સારાં;
નામદાર સરદાર, સરવને લાગો પ્યારા.
વળિ વસ્તીને વિવેકથી, કુશળતાએ કેળવી;
ન્યાયના નિપુણ તેં, મોટી આબરૂ મેળવી.

મોતીલાલભાઇ.

શીલવંત સરદાર, મોતીલાલ શોભે સારા;
વિવાહમાં વધાઇ, બડો યશ પામ્યા પ્યારા.
માગણને બહુ મોજ, આપી છે પ્રીત કરીને;
ત્રણ દિવસ તો તાગ, દીધો છે પ્રેમ ધરીને.
જેનખાન રાજાતણા, કામોને શુભ કેળવી;
ડંકા જશ દીધા ઘણા, મોટી આબરૂ મેળવી.

જાફરભાઇ વજીર, જોડ હતી બહુ સારી;
મોતીલાલનું મન, હૈયામાં હોંસ અપારી.
યુગ્મ જોટો જેહ, વખાણું પ્રેમ કરીને;
મોટાં કીધાં કામ, દરબારી શુર ધરીને.
શિર છત્ર રાજા તણાં, કામો કીધાં તનથી;
ઉત્સાહ લાવ્યા ઉરમાં બન્ને એકે દિલથી.

છપ્પા

જાફરભાઇ વજીર, મોતીલાલ પ્રેમ કરીને;
જુનાં કારજ સાર, કરાવ્યાં પ્રેમ ધરીને.
સુનત સાદી જેહ, કરાવી જગ વખાણે;
વણોદતણી સગાઇ, સર્વકો ઉરમાં આણે.
વણોદતણા કામમાં, બહુ વિધ કામો કેળવી;
જશ વધાર્યો જગ વિષે, મોટી આબરૂ મેળવી.

તે પછીનાં કામ, મોતીલાલે શુભ કીધાં;
પ્રમાણિકપણે બહુ સાર, કામ રાજાનાં સિધ્યાં.
જાણી પોતાનો ધર્મ, કામ ધણીનું શુભ કરતાં;
ન ગણે તડકો ટાઢ, ફરજને માટે ફરતાં.
અહો નિશ દરબારના, કામોમાં જીવ ભેળાવી;
આનંદ આપ્યો અતી ઘણો, કામોને શુભ કેળવી.

આજે મને આનંદ, ઉરમાં આવે ભારી;
મોતીલાલનાં કામ, આનંદ આપે અપારી.
સરસ કર્યો વેવાર, દેશ દેશની માંઈ;
જેનખાન દરબાર, આબરૂ જગ સવાઈ.
દિર્ઘ આયુષ્ય ભોગવી, કામરાયનાં કેળવો;
આશિષ એ છે અમતણી, દુનિયાંમાં યશ મેળવો.

ઉસમાનમીયાં

જાફરભાઈના તન, ઉસમાનભાઇ ઉરમાં આણું;
અહોનિશ દરબાર, તણું શ્રેય ઇચ્છો જાણું.
વડીલ તમારા જેહ, ધણીનું કામજ કરતા;
મોટાં રાખી મન, હૈયામાં હિંમત ધરતા.
તેવી રીતે આપ પણ, હામ હૈયામાં મેળવી;
સુખી રહોજી સર્વદા, રાજ્ય કામને કેળવી.

મલુકભાઇ.

મલુકભાઈ મુસાબ, રહો રાજાની પાસ;
ઉમરભાઈના ભ્રાત, ડયુટી બજાવો ખાસ.
અહોનિશ દરબાર, તણાં શુભ કામો કરતા;
આનંદ અંગ અપાર, હામ હૈયે નિત્ય ધરતા.
જેનખાન રાજા તણા, મુસાબ સાચા સ્નેહથી;
મુસાફરી ભારતતણી, કરી આપે શુભ નેહથી.

દરબારશ્રી પીરૂમીયાં સરદારપુર.

પીરૂમીયાં પ્રખ્યાત, સરદારપુર શોભે સારૂં;
કુળ દિપક કુળવાન, નામ શોભાવ્યું પ્યારૂં.
પુર્ણ લાવીને પ્રેમ, વિવાહ કીધો શુભ પ્રિતે;
સરભરા કરી બહુ સાર, બરાતની રૂડી રીતે.
કુળદિપક એ રાયને, અહોનિશ આશિષ એટલી;
આનંદ વાધો સર્વદા, ઇચ્છા મનની જેટલી.

આલમખાનજી.

મલેક આલમખાન, મામા સસરા જે કહાવે;
જેનખાન સજન, તણા અંતરમાં ભાવે.
વિવાહના શુભ કામ, પ્રસંગે આનંદ લાવી;
સરભરા કરી બહુ સાર, પોતાની ફરજ બજાવી.
પીરૂમીયાં દરબારનાં, કામો કીધાં તનથી;
આનંદ આપ્યો છે ઘણો, આપે મોટા મનથી.

કાજી છોટામીયાં.

કારભાર શ્રીકાર કરે છે, કાજી શુરા;
છોટામીયાં છે નામ, વિવેક માંહી છે પુરા.
સ્વભાવે દીસે છે શાન્ત, સભ્યતા દિલમાં સારી;
બરાતનાં સૌજન, વખાણે પ્રિત તમારી.
વિવાહના શુભ કામમાં, ફરજ બજાવી પ્રિતથી;
સંતોષ આપ્યો સર્વને, લાખેણો શુભ રીતથી.

નામદાર દરબારશ્રી જેનખાનજી સાહેબનો રાજ્યાભિષેક.

આનંદોત્સવ.

દોહરા.

શુભ શાલ બાસઠતણી, મંગળ છે માહ માસ;
જેનખાન દરબારનું, ગાદી મહુરત ખાસ.
સજ્જન મળીયાં સ્નેહથી, હર્ષ અતી ઉભરાય;
દિન દિવાળી આવીયો, વાહ વાહ મુખ થાય.

હરિગીત.

૧ જશ જામજ્યો જગમાં ઘણો, જશવંત જેનખાનજી;
આનંદ આજે અતી ઘણો, ખુશી પ્રજા તમામજી.
સોનાનો સુર્ય આજ ઉગ્યો, તપો અવિચળ ઇશજી;
જશવંત જેનલખાન, અવિચળ રાખો શ્રીજગદિશજી.

૨ છે શાણા અમ નરેશ, શિશુવેષ વિદ્યા મેળવી;
કુમાર કોલેજ માંહી, ભારે પ્રેમથી મન ભેળવી.
ગુણવંત ગુરૂનો પ્યાર, અધિકો મેળવ્યો નરેશજી;
જશવંત જેનલખાન, અવિચળ રાખો શ્રીજગદિશજી.

૩ કુમાર કોલેજ માંહી, ભારે યશ ભુપે મેળવ્યો;
સંતોષ આપ્યો સર્વને, ભણતરમાં જીવ ભેળવ્યો.

શિશુ વેષમાં સુકિર્તિ પ્રાપ્ત, કરી એમ નરેશજી;
જશવંત જેનલખાન, અવિચળ રાખો શ્રીજગદિશજી.

૪ મોટા મને મુસાફરી, ભારતની ભુપે કરી;
આનંદ વાધ્યો છે ઘણો, રીતભાત જોઈ છે ફરી.
મુકાબલો મન સાથ કીધો, રાયજી દિન નિશજી;
જશવંત જેનલખાન, અવિચળ રાખો શ્રીજગદિશજી.

૫ મુસાફરી મન માનતી, કરીને કુંવર આવીયા;
આસ્કુબાને ઉચ્છરંગ, અતીશે પ્રેમથી વધાવીયા.
મોતીલાલને મલુક, ઉસમાનભાઈને આનંદજી;
જશવંત જેનલખાન, અવિચળ રાખો શ્રીજગદિશજી.

૬ શુભ રાજકેરાં કાજ, શિક્ષણ શીખવા ઑાડર થયો;
બારમાસ શીખ્યા ભુપ, વેણિભાઇને આનંદ થયો.
સરકારે સારા સ્નેહથી, આજ સોંપ્યો છે કારભારજી;
જશવંત જેનલખાન, અવિચળ રાખો શ્રીજગદિશજી.

૭ આસ્કુબાને ઉચ્છરંગ અતીશે ઉરમાંહી થાય છે;
દાદીબીબીને આજ, ઉચ્છરંગ ઉરમાં ઉભરાય છે.
નાના મોટા સર્વ જનો, ઉમંગનો આવેશજી;
જશવંત જેનલખાન; અવિચળ રાખો શ્રીજગદિશજી.

૮ છે દિલના દરીઆવ, શાણા તેજવંત શોભતા:
પરમાર્થી પ્રેમાળ પ્યારા, અધિક જ્ઞાને ઓપતા.
છે ન્યાયમાં નીપુણ, રૂડા લક્ષવંતા શ્રીશજી:
જશવંત જેનલખાન અવિચળ રાખો શ્રીજગદિશજી.

૯ પ્રજાને પુરણ પ્રેમ આજે, ઉરમાં ઉભરાય છે;
વારમવાર નીરખવા, ચતુર ચિત્ત ચાય છે.
દિવાળીથી અધિક, ઉજવળ દિન આપ્યો ઈશજી;
જશવંત જેનલખાન, અવિચળ રાખો શ્રીજગદિશજી.

૧૦ સુપ્યાર પ્રજા મેળવો, મોટા મનેથી મહિપતી;
આનંદ આપો સર્વને, નિર્મળ ન્યાયે અધીપતી.
શિશુ વેશ યશ દીપાવશો, જગમાં બહુ નરેશજી;
જશવંત જેનલખાનને, અવિચળ રાખો ઈશજી.

૧૧ સાચા દિલેથી સ્નેહ સાથે, કવિ આશિષ એટલી;
આનંદ વાધો આપને, ઈચ્છા મનની જેટલી.
કરો ક્રોડ વર્ષ રાજ સુંદર કાજ, અમ નરેશજી;
જશવંત જેનલખાન, અવિચળ રાખો શ્રીજગદિશજી.

૧૨ પ્રતાપીને પવિત્ર રૂડા, પુત્ર થાજ્યો રાયજી;
કુળ દિપકને ગુણવાન, જગ માંહી જશ ગવાયજી.
પ્રજા પાળક પૃથ્વી મહીં, શોભો સરવદા ઈશજી;
જશવંત જેનલખાન, અવિચળ રાખો શ્રીજગદિશજી.

૧૩ માતુનાં સુંદર લાડ પાળી, આશિષ અધિકી મેળવો;
સુન્યાયમાં નીપુણ રહીને, રાજ્ય કામો કેળવો.
આશા સરવદા ઈશ પુરો, શાણા અમ નરેશજી;
જશવંત શ્રી જેનખાન, અવિચળ રાખો શ્રીજગદિશજી.

દોહરો.

સકળ વિશ્વના ઈશને, વિનતી કરૂં આવાર;
જેનખાન દરબારને, સહાય કરો નીરધાર.
કવિ કર જોડી કહે, હે જગપાળક ઇશ;
અમ શાણા સરદારનું, રક્ષણ કરો દિન નિશ.

ઇશ્વર સ્તુતિ.

ચોપાઇ.

દરેક લીટીનો પહેલો અક્ષર વાંચો.

શ્રી સુંદર પરમેશ્વર નામ, રટણ કરૂં હું આઠે જામ;
જય જગજીવન વંદું અમો, પ્રેમે વિનતી શુણજ્યો તમો.
ગહનગતિ તારી કહેવાય, તમ કૃપાએ આનંદ થાય;
નિશ દિન કૃપા તારી ઈશ, એ માગું પ્યારા જગદિશ.
અંતરમાં આવે આનંદ, અધિકો પ્યારા પરમાનંદ;
તાબેદાર પ્રભુ તાહરા, મનોરથ પુરો માહરા.
અમને આનંદ અંગ ન માય, તે તારી પ્રભુ કૃપાય;
માત તાત તમો જગદિશ, અંતરમાં પ્યારા છો ઈશ.
રાખો કૃપાદૃષ્ટી તાત, એ માગું પ્રભુ સાક્ષાત;
લોક તણા તમો આધાર, પ્યારા તાત તમો નીરધાર.

કર જોડીને માગું એહ, દિન દિન પ્રત્યે અદકો સ્નેહ;
પ્રિતિ તાત તમારી જેહ, અમ હૃદયમાં વ્યાપો એહ.
યશ રૂડા પ્યારા જુગધાર, દુનિઆંમાં ગાએ નરનાર;
રાત દીવસ ને સાંજ સવાર, પળપળ પ્રિતી બક્ષો સાર.
જાણું તાત તમારી શેવ, એ ઉરમી આપો તતખેવ;
શ્રી સુંદર તમારૂં નામ, રટતાં આનંદ આઠે જામ.
જેના મોટા છે ઉપકાર, ગુણ ગણુતાં નવ પામે પાર;
નરનારી સૌ તારૂં ઈશ, રટણ કરે પ્યારા જુગદીશ.
ખાનપાનને ખુબીઓ જેહ, તમ કૃપાથી પ્યારા તેહ;
નખશીખ વર્ણન ગુણનું જેહ, કથતાં પાર ન આવે તેહ.
જીજ્ઞાસા મનમાંહી જેહ, પ્યારા પાર પાડો છો તેહ;
બહુ કીધી કૃપા આ વાર, મનોરથ પુર્યા જુગદાધાર.
હાથ જોડીને વંદું અમો, પ્રેમે વિનતી શુણુજ્યો તમો;
દુરબળ બાળ પ્રભુ તાહરાં, પરમ પીતા છોજી માહરા.
રટણ કરી માગું આવાર, અધીકો આનંદ બક્ષો સાર;
નુર તમારૂં શોભીત જેહ, કોણ પાર પામેજી તેહ.
સરસ સૌથી યુક્તી એહ, તમ ભક્તી બક્ષોજી તેહ;
રટણ કરી માગું હે તાત, સ્વીકારો અરજી સાક્ષાત.
વરદાન મુખથી માગું એહ, જેનખાન સુખી રહો તેહ;
દાતા માગું છું આવાર, જેનખાન સુખી જયકાર.
રક્ષણ રૂડું કરજ્યો ઇશ, માગું છું પ્યારા જુગદીશ;
ક્ષણ ક્ષણ મદદ કરો જયકાર એ માગું છું જુગદાધાર.

નખશીખ વિનતી શુણુજ્યો તમો, આપપાસ માગું છું અમો;
કરજ્યો કૃપા અદકી એહ, સૌ વસ્તી સુખી રહે તેહ.
રોજં રોજ અદકો આનંદ, બક્ષો પ્યારા પરમાનંદ;
તમ કૃપાએ આનંદ લ્હેર, મેઘ વૃષ્ટી થાજ્યો શુભપેર.
થાજ્યો રાય પ્રજા સહુ સુખી. અદલ ન્યાયમાં કોનહીં દુખી;
સ્તુતિ કરી પ્રીતેથી અમો, મન વાંચ્છીતફળ બક્ષો તમો.

દોહરો.

આનંદ અધીકો આપજ્યો, હે જગપાળ ઈશ;
જેનખાન બહાદુરનું, રક્ષણ કરો દીન નીશ.

તથાસ્તુ.

લી. ચર્ણરજ સેવક,
ડાહ્યાલાલ મલુશંકર જોશી
ના પુન: પુન: સલામ સાથ આશિર્વાદ.

દરબારશ્રી જેનખાનજી સાહેબ બહાદુરની યશસ્વી
રાજ્યનીતિનું વર્ણન.

હરિગીત છંદ.

દરેક લીટીનો પહેલો અક્ષર વાંચો

શ્રીમન શ્રી જેનખાનજી સંસારમાં સુખી રહો,
મંદીરમાં મન માનતી મોજો લાખેણી બહુ લહો:

તસ્વી પડું તમ નામની નખશીખ ન્યાળું નરપતી,
જે જે ઉચ્ચારૂં ઉરથી આનંદ મુજને છે અતી.

નહીં દેશ માંહી દુઃખ સૌને સુખ છે શાણુા ધણી,
ખાનપાનની છે ખુબીયો રૈયત રાજેશ્વર બણી;
નરપતી તમારી નામના સહુ દેશમાં માંહી છે છતી,
જીત મેળવી છે જશ તણી સંસારમાં છત્રપતી.

સહવાસમાં સઉ સજ્જનો સારા સ્વભાવે શોભતા,
રથ ઊંટ ઘોડા રાયના અધીક સારા ઓપતા;
વચન પાળક વીર છો રણધીર રૂડા રાયજી,
દાતાર છો દરબાર ગુણવંત જન ગુણ ગાયજી.

સત ન્યાયમાં નીપુણ છો સતસંગ માંહી શોભતા,
હરદમ હૈયે હોંશ આનંદ માંહી રાય ઓપતા;
કુશળ છો કારભારમાં ખામી નહીં લવલેશજી,
ટુંકી વૃતિ નહીં નરપતી કીર્તી વધી બહુ દેશજી.

બહાદુર છો નીજ ધર્મમાં ગુણવંત જ્ઞાની છો ઘણા,
સુધારા કીધા સર્વદા નહીં રાજ્યનીતિમાં મણા;
ખીજમત ખાસા સ્નેહથી ખુદાતાલાના નામની,
રજની દીવસ સંભાળ રાખો શુભ સઘળા ગામની.

હોંશીયારીથી હમેશ કીધાં પ્રજાનાં દુઃખ દુરજી,
આનંદ વાધો ઉરમાં પ્રજા સુખી ભરપુરજી;
મીજમાનીયો બહુ મોજમાં લાડુ જમે છે લોકજી,
નખશીખ નીરખ્યું નરપતી સુખી પ્રજા નહીં શોકજી.

દોહરા.

એવી રીતે આપની, રાજ્યનીતિ છે રાય;
આનંદ સૌને અતિ ઘણો, જેનખાન ચિત્ત ચ્હાય.
આશિષ ડાહ્યાલાલની, છે પ્યારા દીન નીશ;
સફળ કરો સૌ કામના, જગપાળક જગદીશ.

લી. આનંદના ઝરામાં ઉછળતો આપનો સેવક.

શ્રીમન દરબારશ્રી જેનખાનજી સાહેબની યશસ્વી

રાજયસભા–કીર્તિ પ્રકાશ.

૨૭-૧૦-૧૮

ચાલ–કવિત.

દિવાળીકો દિન મોહે, મન દરબાર આજ;
નિરખ્યા નેનું ભરી મેં, પ્યારા પ્રભાતમેં.
જેનલ જશવંત ને, ધીમંત બળવંત અતી;
ગુણવંત અનંત જ્ઞાન, સકળ શુભ વાતમેં.
જોરાવર નંદ સુખ કંદ, શોભે વૃંદ માંહી;
અગણિત ઉડગણ મહીં, શશી શુભ ખ્યાતમેં.
દાનો રાજન શિરતાજ, જ્ઞાન ગુણ મહીં;
નીરખ્યો નરેંદ્ર આજ, પ્રેમે ભલી ભાતમેં.

♠ ♠ ♠ ♠

સુંદર સુજાણ કુળ ભાણ, જોરાવર નંદ;
દીઠે દરબાર મહીં, અતી સુખકારી હો.

તખ્તેં બિરાજી દીદાર, દીયો દાસનકું;
આનંદ અપારી, સરવ નરનારી કો.
લેત ખબર શિશુ, બુઢા જવાન સહુ;
શરણે રહેલ સહુ, દાસ દરબારી કો.
પ્રજા પાળક રણુધિર, પુર્ણ પ્રિત થકી;
નિરખું રાજન મેં તો, સાંજ સવારીકો.

↑ ↑ ↑ ↑

સખાવત સારી ઉર ધારી, રૂડા રાયજી તેં;
દેત અપાર દાન, દાતા ભોજ ભારીપેં.
અદલ નીયાય આપ, જહાંગીરશા શાહ તુલ્ય;
સુણ તસબીરારી, એસેંહી ટેક ધારી તેં.
પ્રજા પાળક ચિત્ત, સદાય છે શાન્ત જેહી;
એસેંહી તીહારી ટેક, સદા સુખકારી તેં.
ધર્મરાજન જેસી રીતિ, જેનખાન રાય;
સદા પવિત્ર નીતિ, પ્રજાકું આભારી તેં.

↑ ↑ ↑ ↑

જાડેજી માત જશ ખ્યાત, સહુ દેશ મહીં;
આચ્છોબા નામ ગુણ ધામ, ધર્મ ભારી હેં.
સાગર સમાન યશ, અધિકો અપાર લીધ;
આચ્છોબા માત સત્ય વાત, પુર્ણ પ્યારી હેં.
પ્રજાકો પ્યારતેં અપાર, માત મેળવ્યો તેં;
સરવ પ્રકારકી સંભાળ, બહુ સારી હેં.

પ્રભાતકો નામ શુભ, ગામ યું તમામ કહે;
આચ્છોબા માત ધર્મવાન ઉર ધારી હે.

♠ ♠ ♠ ♠

શાણાં સુજાણ માત, સરદાર બીબી જાણું;
પવિત્ર પીરૂ મીયાંકી, પુત્રી હુંશિયાર હો.
સ્વામિ સેવામેં અહોનિશ, શુદ્ધ ચિત્ત જાકો;
સાસુ સેવામેં આપ, તત્પર તૈયાર હો.
પ્યારા પઠાણ કુળ, જન્મ જણાય જાકો;
નેકી અને ટેકી તુમ, ધર્મપેંહી પ્યાર હો.
સત અને ખંત થકી, કીર્તિ ગવાય આપ;
આચ્છોબા માત કેરા, હઇયાકા હાર હો.

♠ ♠ ♠ ♠

ડોસુમીયાં સાથ મહીં, શોભે દરબાર શુભ;
સકુમીયાં જોડ મહીં, શોભે શુભ રીતમેં.
સખા સમાન રાય, જાણે નીજ સાલનકો;
ત્રણેની યારી નીહાળી, પુર્ણ પ્રીતમેં.
વિદ્યા વિચાર મહીં, પરસ્પર પ્રિત થકી;
આપત અભિપ્રાય, આનંદ શુભ ચિત્તમેં.
શાણા સુજાણ અને, નમ્ર ગુણવંત કેરી;
પ્રીતિ બહુ ભારી, નીહાળી ખચીતમેં.

♠ ♠ ♠ ♠

બાપુમીયાં સાબ આજ, આયે અમારે ઉર;
સરસ વિદ્વાન ગુણવાન, શુભ રીતમેં.

શાણા સુશિલ નર, નમ્ર સ્વભાવ જેહી;
આનંદ અપાર લીન, બંધુકી પ્રિતમેં.
જેનલ જશવંતસંગ, પ્યાર જોડાયો જેહી;
કરત ગુણવાન જ્ઞાન, ગોષ્ટી શુભ ચિત્તમેં.
ઇંદોર કૉલેજ માંહી, કીર્તિ અપાર લીન;
જેનલ જશવંત સાથ, નિરખું પ્રભાતમેં.

♠ ♠ ♠ ♠

જાડેજા વિર બળ ધિર મામા કાનજીમેં;
દેખ્યા દરબાર મહીં, શુરવીર સુજાણ તેં.
હિંમત ને હોંશ, અતી આનંદ માંહી ઉર;
ભાણેજ શેવામાં, સદાય કુળ ભાણ તે.
રાજ કેરાં કાજ કરે, ખંતથી ખાંતીલા એહ;
રાત દિન સતવાત, ધારી પ્રમાણ તેં.
કદરદાન ગુણવાન, જાહેર જાડેજા વિર;
દાખું દરબાર મહીં, સાચી ઓળખાણ તે.

♠ ♠ ♠ ♠

મામા સસરા, મહા મુલ્ય ગુણવાન ગણું;
આલમખાં નામ, શુભ કામ દરબારમેં.
હાથ હથીયાર લઇ, ચડે હજુર સાથ;
રાત દિવસ ઓહી, સાંજ સવારમેં.
નેક અને ટેક થકી, કરત દરબારી કામ;
જાહીકો જોર આજ, નિરખ્યો અપારમેં.
સાચા શુજાણ અને, નમ્ર સ્વભાવ જેહી;
દેખ્યા દરબાર મહીં, અતી હુશિયારમેં.

♠ ♠ ♠ ♠

મોતીલાલ માન્યવંત, રૂડા દરબાર મહીં;
પુરણુ દરબારી કામ, કરત પ્રમાણુંમેં.
રાજનકે કામ મહીં, ચિત્ત રાત દિન જાકો;
આનંદ ઉર ભારી, નર શાણુા ઉર જાણું મેં.
સ્વામિ શેવા મેં, તનમન જેહી અરપત;
આનંદ અપાર, બોત પ્રિતિકો વખાણું મેં.
શાણુા સુજાણુ શુભ, જ્ઞાની હે અપાર એહી;
નીરખું નેકદાર જેહી, સદા ઉર આણું મેં.

♠ ♠ ♠ ♠

ચંદ્ર સુદ પુનમકે, શિતળ સમાન શુભ;
દિવાન વિદ્વાન ચંદ્રશંકર, શુભ વાતમેં.
રાજન કે કામ મહીં, તન મન ધન સહુ;
અરપત આનંદી એહ, નીરખ્યા ભલી ભાતમેં.
સ્વામિ કે કામ મહીં, ચિત્ત રાત દિવસ હે;
ચિવટ અપાર જેહી, જણુાય દિન રાતમેં.
પરજાને પ્યારો બહુ સારો દિવાન આજ;
નીરખ્યો નેકદાર ઓહી, સદાઈ શુભ શાન્તમેં.

♠ ♠ ♠ ♠

વજીર ઉસમાન ભાઈ વિવેકવંત વીર,
સૈયદ સુજાણુ કુળ ભાણુ ગુણુ જ્ઞાનપેં.
તન મન ધન સહુ જાણુત હે રાયજીકું,
કરત કુરબાન તન સ્વામિકે કામપેં.

નીમકહુલાલ નેકદાર શુભ વજીર તેં,
કરત કારભાર જેહી હજુર શુભ પ્રિતમેં.
શુરો સતવાદી રાજ કાજમાં અપાર લીન,
એસો હે વજીર જેહી ચાહુતમેં ચિત્તમેં.

♠ ♠ ♠ ♠

ફોજદાર ફેશનમાં દીઠી અપાર આજ,
અશ્વેં સવાર હોત બહાદુર બળવાન તેં.
શુરન કો શુર ભરપુર બળ બહાદુરી મેં,
હિમત હજારી દૃઢ સારી ગુણવાન તેં.
અસ્ત્રને શસ્ત્ર બાંધે ભાવ થકી ભડ વિર,
ભાળી ભાગત જેહી ચોરા ચંખાન તેં.
રાત ને દિવસ સ્વામિ સેવામેં ચિત્ત જાકો,
સદા હુંશિયાર જોયા શુરવિર સમાન તેં.

♠ ♠ ♠ ♠

સૈયદ શુજાણ રૂડા, મુશાબ મલુકભાઈ;
રાજનકે કામનપેં, દેત દિલભારી એ.
શાન્ત સ્વભાવ શુભ, શાણા શુજાણ એહી;
નેક ટેક રાખી કરે, કામ દરબારી એ.
અહો નિશ આનંદમેં, કામ દરબારી કરે;
પ્રિત ઉર ભારી, દિલ ધારી રીત સારી એ.
વિવેક વિર ધરે ધીર, ઉર આનંદમેં;
સ્વામિ શેવા મેં સદા, પ્રિતિ નીહારીએ.

♠ ♠ ♠ ♠

વહીવટદાર તુળજાશંકર, હે નામ જાકો;
કરે વહીવટ ઉર, આનંદ અપારી તેં.
નીમકહુલાલ સત, નેક અને ટેક થકી;
કરત દરબારી કામ, પ્રેમ ઉર ધારી તેં.
નરશીદાસ નેક થકી, કામ કરે રાજનકે;
ખામી ન આવે તલભારી ટેક ધારીકે.
લખમીશંકર આદીક, નોકર જાણાય સબી;
રાજનકે કામ કરે, હામ હોંશ ભારી તેં.

♠ ♠ ♠ ♠

મનુભાઇ મોજ બહુ, માણુત દરબાર મહીં;
જુના વજીર જશવંત, નર જાણું મેં.
આનંદ અપાર બહુ, પ્યાર નીજ રાજનપેં;
સદાય શુભ જ્ઞાની, આનંદી ઉર આણું મેં.
આવેલ મીજમાન, ગુણવાન સબી દેશનકે;
કરત મનવાર શુભ, પ્રિતિ પરમાણું મેં.
વિવેકવંત વિર, ધિર ગુણ જ્ઞાનનપેં;
પાવત બહુ પ્યાર કરી, વિવેક વખાણું મેં.

♠ ♠ ♠ ♠

ખાલા બીબી સત્ય, ખરી ખંતથકી નીશ દિન;
રહત દરબાર મહીં, આનંદ શુભ ધારીને.
તન મન ધન સહુ, જાણુત હે રાયજીકું;
આનંદ અપારી એ હુજારી શુભકારીને.

આચ્છોળા માત સાક્ષાત, જોહી ચિત્ત માંહીં;
અથાગ જણાય પ્રેમ, જોહી ગુણગારીને.
રાત દિન રટન કરત, આપ ઉર મહીં;
આચ્છોળા માત શુભ, સદાય પ્રેમ ધારીને.

♠ ♠ ♠ ♠

શુશિલ સ્વભાવ મન, માનું માશાળ આજ;
રહત દરબાર મંહીં, આનંદ અપારી એ.
જાડેજી માતકી, તેહનાત માંહી પ્રિત કરી;
કરત ગુણવાન જ્ઞાન, ગોષ્ટી ઉર ધારીએ.
રજની દિવસ ઉર, આપત આશિશ એહી;
સદાય આનંદ રહો, સરવે દરબારી એ.
એવાં ગુણવાન શુભ, આચ્છોળા પાસ નિત્ય;
આવત આનંદ મહીં, સાંજ ને સવારી એ.

♠ ♠ ♠ ♠

રળી બુ રાત દિન, રહત દરબાર મહીં;
આચ્છોળા માતકી, તેહનાત માંહી પ્રિતથી.
આનંદ અપાર, અહો નિશ ઉર મહીં જાકો;
કરી કામકાજ, ગુણવાન શુભ રીતથી.
તન મન ધન સહુ, માનત દરબાર મહીં;
નીમકહલાલી, ભરાઈ છે અચિતથી.
એવા ગુણવાન, શુભ જ્ઞાની દરબાર મહીં;
કરે દરબારી કામ, જાણી શુભ હીતથી.

તા ૨૭-૧૦-૦૮. ડાહ્યાલાલ-દસાડા.

દરબારશ્રી જેનખાનજી સાહેબ બહાદુરના શુભ વિવાહનો આનંદોત્સવ. ધોળકા.

આજે આનંદ અમને આવે ઘણો જો,
શુભ વિવાહ વખાણું જેનખાં તણો જો;
શુભ ચાંદ વીશ માસ છઠ્ઠો જાણજો જો,
સન ઓગણુતીશ હીજરી પ્રમાણુ છે જો. આજે.
શોભા બની બરાત બહુ વીધની જો,
અતી શોભે સવારી નવ નીધથી જો. આજે.
ઢોલ ત્રાંસાના શગ શુભ સાંભળ્યા જો,
શરણાઇના રાગ તે માંહી મળ્યા જો. આજે.
આચ્છોબા તે અતી હરખાય છે જો,
દાદી બીબીને હરખ નવ માય જો. આજે.
સગાં સંબંધી આનંદ બહુ થાય છે જો,
બહુ હરખે કરીને ચિત્ત સ્હાય છે જો. આજે.
ગાડી ઘોડા ને રથ શણગારીયા જો,
ઊંટ શોભે અતી વીકાનેરીયા જો. આજે.
સાબેલા બન્યા છે સહુ શોભતા જો,
એક એકથી અધીક તેહ ઓપતા જો. આજે.
શુભ ડંકો થયો ને સહુ ચાલીયાં જો,
જઈ વીરમગામ માંહી મ્હાલીયાં જો. આજે.

રેલ ગાડીમાં રસ બહુ જામીયો જો,
સઉ સજ્જન સંઘ સુખ પામીયો જો. આજે.
આવ્યું ધોળકાને ધન્યવાદ થાય છે જો,
ગાડીમાંથી ડોકાઇને જોવાય છે જો. આજે.
આવ્યું સ્ટેશને બરાત શુભ ઉતરી જો,
શુભ સામૈયાં કર્યાં બહુ પ્રિતથી જો. આજે.
મીયાં હુશેનખાનજીને માંડવે જો,
બહુ સનમાનથી આનંદ થાય છે જો. આજે.
ખાનપાનની ખુબી માંહી નહીં મણા જો,
શું વખાણુ કરૂં સરભરા તણાં જો. આજે.
સરગસની શોભા બહુ સારી બણી જો,
દેવ દુંદભી બજાવે નીકળે ધ્વનિ જો. આજે.
જેશંકર જશ બહુ થાય છે જો,
બંદોબસ્ત રૂડો રખાય છે જો. આજે.
આતસબાજીની શોભા અતી ઘણી જો,
મેં તો લંકાપુરીની ઉપમા ગણી જો. આજે.
સરગસે ફરીને રાય આવીયા જો,
શુભ મંડપ માંહી પધરાવીયા જો. આજે.
કુળવંત કન્યાને પધરાવીયાં જો,
નીકા કાજી સાહેબે પઢાવીયા જો. આજે.
શુભ લ્હાણાં વેહેંચ્યાં છે સર્કરા તણાં જો,
સઉ લઇને થયાં છે રાજી ઘણાં જો. આજે.

પરણીને ઉઠ્યા છે પૃથ્વીપતી જો,
આજે આનંદ આવે સર્વને અતી જો. આજે.
નમ્યા હોંશ કરીને નીજ માતને જો,
શુભ આશિષ પામ્યા ભલી ભાતને જો. આજે.
પછી મળીયા છે સહુ શુભ સાથને જો,
ભલી ભાતે મળ્યા હાથો હાથને જો. આજે.
મોજ માગણ જનને આપી ઘણી જો,
દુઃખ દારિદ્ર તેહનાં નાખ્યાં હણી જો. આજે.
શુભ આશિષ આપે છે રાયને અતી જો,
બહુ સુખી થજ્યો પૃથ્વીપતી જો. આજે.
પેરામણી કરી છે બહુ પ્રીતથી જો,
આપ્યો દાયજો અતીશે શુભ રીતથી જો. આજે.

જય ઈષ્ટદેવ

શાલીગરા ઉત્સવ.

રાગ—મુજ ઉપર ગુજરી.

દસરથપુર નામે શહેર દીસે છે સારૂં
જ્યાં મલેક કેરૂં રાજ્ય પ્રજાને પ્યારૂં
વસ્તી સરવે આબાદ સહુ સુખ ભારી
નહિ લેશ માત્ર ઉદવેગ આનંદ નરનારી

સદા શાન્ત નગરમાં રાય જેનભા ભારી
પ્રજા પાળક નામદાર સદા સુખકારી
પ્રજાનો પુરણ પ્યાર સંપાદન કીધો
પુષ્કળ જનનો રાજન આશિર્વાદ લીધો
પરમેશ્વર પ્રત્યે પ્રજા મુખથી ભાખે
અવીચળ પદવી રાજન તણી ઉર દાખે
જોરાવરખાંના તન પવિત્ર જાણું
આચ્છુબા સરખાં માત દયા ગુણ જાણું
ધન્ય ધન્ય જેનભા રાય રાત દિન ભાખું
અવીચળ પદવી રાજન તણી ઉર દાખું
સોનાનો સૂર્ય ઉદે થયો છે જ્યાંય
ધન્ય ધન્ય પ્રજાનાં પુણ્ય શાણા છે રાય
જન્મ દિવસનું વર્ષ આજે બદલાયે
વસ્તી ને શુભ વધાઈ આનંદ ઉભરાયે
સુંદર છે જીલહજ માસ જુમાદિન સારો
સને છે તેરપચીશ હીજરી ધારો
ધન્ય ધારૂં તેરમો ચાંદ ધન્ય દિન આજે
દરબારે લીલા લેહેર હર્ષ મન ગાજે
સોનાનો સૂર્ય ઉદે થયો છે આજે
ધન્ય ધન્ય પ્રતાપી રાય શોભે શીર તાજે
અમ ભાગ્ય તણો નહિ પાર સુદર્શન કરીએ
શુભ રાજાને નીરખી આશિષ દિલ ધરીએ
કરો ક્રોડ વર્ષ સુકાજ પ્રજાને પાળો
સદા સુખી રહો રાજન પ્રજા દુઃખ ટાળો

આંતેથી ખેરીયત ખુબ ગરીબને કીધી
પુષ્કળ જનની આશિષ રાયે શિર લીધી
અમ ભાગ્ય તણો નહિ પાર પ્રજા એમ ભાખે
કરો ક્રોડ દિવાળી રાજ મુખથી દાખે
ઘેર ઘેર આનંદ ઉત્સવ અતીશે થાયે
દિવાળીથી અધિક આનંદ ઉભરાયે
નગરીમાં નૌતમ નામ રાયનું ગાયે
ભલાં ભોજનનાં ખાનપાન ઘરોઘર થાયે
દુધે વરસ્યા છે મેવ ધન્ય દિન આજે
બિરાજી દર્શન દીધાં જેનખાં રાજે
હું આપું છું આશિષ અર્જ આ મારી
આવા રૂડા દિન રહો સદા સુખકારી
હું માગું છું પરમેશ પ્રિતથી આજે
જેન રાજાને ચિરકાલ શોભાવો તાજે

આમીન.

નામદાર દરબારશ્રી જેનખાનજી સાહેબ બહાદુરને મળેલ અખત્યારનો આનંદોત્સવ.

હરીગીત છંદ.

સંવત સારો ઓગણી, શાલ ઇકોતેર જાણીએ;
વૈશાખ મહીનો શુકલ તીથી, ષષ્ટમી પરમાણીએ.

શુભ વાર ગુરૂ આવીયો, આનંદ આપ્યો ઈશજી;
જશવંત શ્રી જેનખાનને, અખત્યાર મળીયો બેશજી.
સર્વ સ્નેહી ઉર આજે, આનંદે છવાય છે;
સર્વ પ્રજાને સુખ ગુણ, રાયના ગવાય છે.
નેક ટેક ને વિવેક સદ્‌ગુણ રાયના બહુ બેશજી;
જશવંત શ્રી જેનખાનને, અખત્યાર મળીયો બેશજી.
ચાર ગામનો અખત્યાર કલાસ, પાંચમો પરમાણુતાં;
સાત ગામનો અખત્યાર મળીયો, ગુણીજન મન ગાજતાં.
સુદ ચંદ્ર પેરેં આપનો અધિકાર, વાધે ઇશજી;
જશવંત શ્રી જેનખાનજી, અખત્યાર મળીયો બેશજી.
વધામણી શુભ નગ્રમાં, દશે દિશાએ પરવરી;
ધવળ મંગળ ગીત થાએ, શુભ વાણી ઉચરી.
બુલંદ છે સીતાર સુજ્ઞ, જેનખાન નરેશજી;
જશવંત શ્રી જેનખાનને, અખત્યાર મળીયો બેશજી.
છોટી ઉમરથી સર્વનો, સુપ્યાર લીધો રાયજી;
સુકેળવણીને કેળવી, તેનાં રૂડાં ફળ થાયજી.
શુભ ગુરૂનો પ્રસાદ જાણો, રાયજી હમેશજી;
જશવંત શ્રી જેનખાનને, અખત્યાર મળીયો બેશજી.
માતુ આહુબા મન આજે, મોજમાં બહુ મલપતાં;
ખાનપાનને સખાવતોએ, આનંદે સહુ અરપતાં.
સૌભાગ્યવંતાં રાણીને, આનંદ આવ્યો બેશજી;
જશવંત શ્રી જેનખાનને, અખત્યાર મળીયો બેશજી.

અલ્લાહ તાલા આપને, અધિક આનંદ મેળવો;
શુભ રાજ કેરાં કાજ નિત્યે, નવીન તેજે કેળવો.
છો સર્વદા સુજાણ રાજા, ખ્યાતી સર્વ દેશજી;
જશવંત શ્રી જેનખાનને, અખત્યાર મળીયો બેશજી.

આનંદથી આજે મળી, મીજલસ સહુ સોહામણી;
ખાનપાનની ખુબી થઈ, ને પરસ્પર વધામણી.
ગાજાં વાજાં શરણાઈ સુરો, ઢોલ મૃદંગ બેશજી;
જશવંત શ્રી જેનખાનને, અખત્યાર મળીયો બેશજી.

સલામતી શુભ પેરથી, પોલિસની પરખાય છે;
દશ દાન આજે રાયના, સુહસ્તથી અપાય છે.
સર્વ સ્નેહીની આપને, આશિષ છે હુમેશજી;
જશવંત શ્રી જેનખાનને, અખત્યાર મળીયો બેશજી.

દિન દાસ ડાહ્યાલાલને, આનંદ બહુ ઉભરાય છે;
મહિપાળનો મહિમાય રૂડો, હોંશથી ગવાય છે.
આશિષ આજે અમ તણી છે, ગુણીજન નરેશજી;
જશવંત શ્રી જેનખાનને, અખત્યાર મળીયો બેશજી.

શુભ લ્હાણું સર્કરા તણાં, ગુલાબ અત્તર અરચતાં;
સુખપાન નાગર સર્વને, હૃદય સૌનાં હરખતાં.
આવી રીતેથી અધિક આનંદ, વાધો રાય હુમેશજી;
જશવંત શ્રી જેનખાનને, અખત્યાર મળીયો બેશજી.

શુભ સ્કુલમાં પધારીયા, રાજન રૂડા સ્નેહથી;
અધીકારી સાથ પધારીયા, કૃપા કરી બહુ નેહથી.

ભાઇઓ અને સદ્ ગૃહસ્થ આવ્યા, આનંદ બહુ બેશજી;
જશવંત શ્રી જેનખાનને, અખત્યાર મળીયો બેશજી.
વિદ્યાર્થી જમાડીયા, ભોજન મિષ્ટ સ્નેહથી;
ઈનામ વસ્ત્રો આપીયાં, રાજન રૂડા હર્ષથી.
આનંદ ઉત્સવ થાય આજે, ઢોલ શરણાઈ બેશજી;
જશવંત શ્રી જેનખાનને, અખત્યાર મળીયો બેશજી.

દોહરો.

આવી રીતે આપને, આનંદ આપો ઈશ;
ડાહ્યાલાલ વાણી વદે, જય આપો જગદીશ.

તથાસ્તુ.

કલાડા ગામનું નામ જૈનાબાદ પાડ્યું.

જૈનાબાદ મહોત્સવ.

દોહરો.

સકળ સભા સોહામણી, સકળ મનુષ્ય ગુણ જાણ;
જૈનાબાદ આબાદ રહો, પંડીત પઢે પ્રમાણ.

સખી પડવેતે પથે ચાલ્યારે. એ રાગ

૧ જશ બહુ જામજયો જેનરાજારે,
તમે સદા સુખી રહો તાજા;
જશ બહુ જામજયો જેનરાજારે.

૨ જૈનાબાદ પરમ સુખકારીરે,
જેનખાનને પ્રેમ છે ભારીરે;
આજ નગરી બની બહુ સારી. જશ.

૩ જોરભાના સુત બહુ શાણારે,
દેશોદેશ ગુણો વખણાણારે;
જેના જશ સરકારે જણાણા. જશ.

૪ શાન્તિ રૂપ નગ્ર બન્યું સારૂંરે,
જેનખાનજીને પુર્ણ પ્યારૂંરે;
તારૂં નગ્ર રહો સદા સારૂં. જશ.

૫ વોટર વર્કસ બન્યાં શુભકારીરે,
પરોપકારીનું કામ છે ભારીરે;
આપે આશિષ નર ને નારી. જશ.

૬ સખાવત સદા સુખકારીરે,
આ આપે આશિષ જન હુજારીરે;
તારી ગાદી તપો દિવ્ય સારી. જશ.

૭ જીન બન્યું જૈનાબાદ ભારીરે,
થશે વસ્તી ને બહુ લાભકારીરે;
ગોઠવણ કીધી બહુ સારી. જશ.

૮ મોટરકારમાં બહુ મોજ કીધીરે,
સરવે નગરોની સંભાળ લીધીરે;
ગરીબ વસ્તીને મદદ દીધી. જશ.

૯ આર્ચછોબાના પ્રતાપી છો પ્યારારે,
તારા જશ જગે વખણાણારે;
સત વિદ્યા નિતિમાં ગણાણારે. જશ.

૧૦ મદ્રેસા મન માનતી કીધીરે,
શિશુઓને સુવિદ્યા દીધીરે;
તેતો અમર કિર્તિ તેં કીધી. જશે.

૧૧ આર્ચછોબા લાયબ્રેરી કીધીરે,
પબલીક જણાવી દીધીરે;
એતો રૂડી નામના તેં કીધી. જશ.

૧૨ બાગ બગીચો બંગલો ભારીરે,
જેની શીતળતા સુખકારીરે;
રૂડી ગોઠવણ ઉર ધારી. જશ.

૧૩ સરકારમાં માન છે સારૂંરે,
બહુ ઉંચા ગુણે વખાણાંણુંરે;
પ્રેમ પદવી એ સત્ય જણાણું. જશ.

૧૪ સદા ગાદ્દી રહો સુખકારીરે,
વાધો રિદ્ધિ સિદ્ધિ બહુ ભારીરે;
તારી ઇચ્છા ફળો શુભકારી. જશ.

૧૫ પુત્ર પરિવાર વધજયો સારોરે,
દીએ આશિષ જન હજારોરે;
દાસ ડાહ્યાને મોજ દેનારો. જશ.

કવિત્ત.

સુર્યંકે સમાન દિવ્ય, જશ જગ જામતહે;
શશીકે સમાન જાકી, રીતી સુખ શાતાહે.
મેઘરાજ રાજહુકી, રીતી જાકી જામી રહી;
અહો નિશ અમૃતપે, મોજ બરસાતાહે.
સાગર સમાન જાકો, સ્વભાવ તો સાગર હે;
ગુણમેં અધિક જાકે, ગુણ વખણાતા હે.
ડાહ્યાલાલ દિલ કીહી, ખાતરાય જાનત હો;
પુરણ પ્રતાપી જેન, દિલભર દાતા હો.

શ્રી દસાડા, તા. ૨૭-૫-૧૫ ગુરૂવાર.

ચકકરની ચડાઈ

અને

વાવની બહાદુરીનું વાર્ણન.

કવિત. (મનહર.)

૧ આજનો આનંદ મને અધિકો જણાયો ભાઇ,
વેગ કરી વાવ જોવાનેરે હુંતો ચાલીયો;
હાકોટા પડકારા બુમ હોંશ મહીં ચાલી રહી,
નર ઓર નારી સહુ જોરેં કામેં લાગીયો;

ચતુરંગી સૈન્ય જેમ યુદ્ધ મહીં ચડે અતી,
તેવી રીતે રણરંગ અચ્છી પેરે લાગીયો;
કહે ડાહ્યાલાલ કવિ આજનો આનંદ અતી,
વેગે કરી વાવ જોવા પ્રેમે હુંતો ચાલીયો.

૨ વાવ બહુ વેગ કરી ઉભરાય જોર અતી,
શુરવીર સિંહણનું રૂપ અતી ધારતી;
હાકોટા પડકારા જેમ જેમ સાંભળ્યામાં આવે,
તેમ તેમ આઠ ગણો વેગ ઉભરાવતી;
ચતુરંગ સૈન્ય એના ઉપેં અતી ચોંપ કરે,
તોય પણ લેશ ઉરે ડર નવ રાખતી;
કહે ડાહ્યાલાલ કવિ આજનો આનંદ અતી,
પરાક્રમી વાવ આજ મેરે મન ભાવતી.

૩ ચક્કરની ચોટ મેંતો ચાર ગણી જોઇ ભાઇ,
કોસનો પ્રવાહ બહુ પુર વેગે ચાલીયો;
નર ઓર નારી સહુ પુર વેગે ચાલે અતી,
ડોલની ધમાલ મહીં માલે અતી ભાલીયો;
હાકોટા પડકારાની તો ઠોર અતી જામી રહી,
લડાઇનો જોશ બહુ પુર વેગે ચાલીયો;
કહે ડાહ્યાલાલ કવિ આજનો આનંદ અતી,
વેગે કરી વાવ જોવા પ્રેમે હુંતો ચાલીયો.

૪ સૈન્ય જાણે વાવ થકી વેગ અતી ભારે કરી,
જશ બહુ જોર થકી હમણાં જણાવીએ;
હોંશ ભર હડી કરી હાકલ જણાવે અતી,
વાવ તણો તાગ હવે હમણાંજ લાવીએ;
જેમ જેમ વેગ વધે શુરવીર સૈન્ય તણો,
તેમ તેમ વાવ બહુ વેગે ઉભરાવતી;
કહે ડાહ્યાલાલ કવિ આજનો આનંદ અતી,
ચતુરંગી વાવ આજ મેરે મન ભાવતી.

♠ ♠ ♠ ♠

૫ લશ્કરી કમાન્ડરઇન ચિફ્ માસતર,
હમીર ડોસાની હામ હોંશ ભર હાલતી;
ડગમગ ડગમગ વાવને હરાવું હવે,
એમ આઠ ગણી ચોટ વાવ ઉપેં ચાલતી;
પળમાં જણાય એમ હારી જશે વાવ હવે,
ચક્કરની ચોટ બહુ વેગ કરી ચાલતી;
કહે ડાહ્યાલાલ કવિ આજનો આનંદ અતી,
અમૃત સરીખી વાવ, મેરે મન ભાવતી.

♠ ♠ ♠ ♠

૬ જેમ મેઘરાજ અને મહિનો સંગ્રામ થાય,
તેમ વાવ અમૃતપેં નીર ઉચ્છળાવતી;
જળ દેવકીનો વેગ, જોશભર ચાલ્યો અતી,
વાવની મદદ માંહી પતાળેથી આવતી;

હારવું તો કદી નહીં ભલે સંગરામ થાય,
દાદુભાઈ તણો પ્રેમ ઉર માંહી લાવતી;
કહે ડાહ્યાલાલ કવિ આજનો આનંદ અતી,
ચતુરંગી વાવ આજે મેરે મન ભાવતી.

♠ ♠ ♠ ♠

૭ પાણીના પ્રવાહ ચાલે ઉનાળે અધિક જળ,
વરસ્યા ઋતુ તો આજ વાવ દેખડાવતી;
કચરા કાદવ અતી ઉનાળે મચ્યાં છે ભાઈ,
ધરતીનું પેટ આજ વાવ બહુ ઠારતી;
જેમ જેમ પળ જાય તેમ ઉભરાએ અતી,
વાવની બહાદુરી તણી શોભા ખુબ છાજતી;
ચતુરંગી સૈન્ય સામે જોર તો જણાવે અતી,
ગર્જના કરીને શુરવીર વાવ ગાજતી.

♠ ♠ ♠ ♠

૮ વાવને વિચાર થયો વેગ લશકર વાધે,
પણ મારે પાછો પગ જરા ન ડગાવવો;
જગતમાં નામના જણાવવી અધિક મારે,
આઠ ગણો પરવાહ યુદ્ધમાં લગાડવો;
મને જીતનાર કોઈ દુનિઆમાં જાણું નહિ,
એમ વેગ વાવ ઉરે અચ્છી પેરે આવીયો;
કહે ડાહ્યાલાલ કવિ આજનો આનંદ અતી,
વેગ કરી વાવ જોવા પ્રેમે હુંતો ચાલીયો.

♠ ♠ ♠ ♠

૯ જશવંત જેનખાન, જોવાને પધાર્યા જ્યારે;
વાવને વિનતિ કરી, વિચાર જણાવીયો.
તમને જીતવાં એમ, અમારો વિચાર નથી;
ગાળ કાઢવા વિચાર, અમ ઉર આવીયો.
કૃપા કરી અમ કામ, પુરણ થવાને દીયો;
તમ તાગ કોઈ પેરે, અમથી ન આવીયો.
કહે ડાહ્યાલાલ કવિ, આજનો આનંદ અતી;
વેગે કરી વાવ જોવા, પ્રેમે હુંતો ચાલીયો.

♠ ♠ ♠ ♠

૧૦ હરખાતી વાવ હવે, હોંશથી આશિષ દીએ;
ભલે શુભ રાજન, તમારો જશ જામજ્યો.
તમતણા વિચારો તે, સરવે સફળ થાઓ;
પુત્ર પરીવાર યશ, અચ્છી પેરે વાધજ્યો.
સુરજ ચંદ્રની પેરે, પ્રકાશ તમારો વધો;
એમ આશિષનો વેગ, ખુબ ઉચ્છળાવતી.
કહે ડાહ્યાલાલ કવિ, આમિન ભાણું છું બાઈ;
ચતુરંગી વાવ આજ, મેરે મન ભાવતી.



બાગનું વર્ણન.

શ્રી શોભા વખાણું શું બાગ તણી,
  આજ આનંદ લ્હેર આવે છે ઘણી;
દુરથી દેખતાં મુજ દિલ ગયું,
  જોહી પાસ જતાં ચિત્ત શાન્ત થયું.
પ્રિતથી પરવેશ કર્યો પ્રણમી,
  ફરમાસ મળી દરવાન તણી;
બહુ હોંશ કરી વિચર્યો વળતી,
  શુભ શાણા સખા જોડ ત્યાં ભળતી.
મન રંજન બાગ અથાગ બણ્યો,
  શુભ શિતળતા વૃક્ષ વેલી તણો;
ગુલબાસ ગુલાબ અતી ગમતાં,
  અહી વલ્લી અને અન્ય શોભે લતા.
મહીં કેતકી કારમી બેહેકી રહી,
  કદળી કેશું ચંપક ઝુકી રહી;
જહાં શોભિત ઝાડ છે જામફળો,
  ગુણકારી શીતા ફળ સ્વાદ ગળ્યો.
લીંબુ ઝાડ નારંગી શોભાવરણી,
  જહાં ડોલર વાસ છે સુખ કરણી;
કેટલાંક દેખ્યાં મહીં અંબતરૂ,
  મન રંજન છે જહાં જંબતરૂ.
તજનાં તરૂ શેતુર લવંગતણાં,
  મન રંજન મંડપમાં ન મણા;

જ્યાં જુગ્તી બણી શુભ ઝાડ તણી,
    ચતુરાઈથી બેઠક બેશ ચણી.
જુઇ જાઇ ચંબેલી જ્યાં બેહેકી રહી,
    દ્રાક્ષ વેલી માંડવે ઝુકી રહી;
પપનસ પોપઇયા જણાય જહાં,
    અન્ય જાતિનાં ઝાડ ગણાય તહાં.
દિલથી ડાહ્યાલાલ પ્રસન્ન થયો,
    હોજ પાણી તણો જોવા પ્રેમે ગયો;
જોઈ આશિષ શુભ આપી છે અહીં,
    જેનખાન સદા સુખ પાવો સહી.

તથાસ્તુ.

શ્રી આશિર્વચન.

સ્વસ્તી શ્રી શુભ સમાજનું સરવદા, વાધો વિશ્વના વિભુ;
દિન દિન યશ અપાર આજ અધીકો, પ્રસરો મદ્રેસા ત્રિભુ.
વાણી વિમળ વિચાર શુભ સરવદા, સત્ય શ્રી જેનખાનજી;
પરમાનંદ પવિત્ર નૃપ જેનને, મહીમાં વધો માનજી.
અંતર માંહી આલ્હાદ આજ અમને, આવે રૂડા અધીપતી;
દિન દિન વિદ્યા વૃદ્ધિ કરવી, એહ માનશો મહીપતી.
રિદ્ધિ સિદ્ધી સમૃદ્ધિ સહુ સરવદા, થાજ્યો જગમાં નામજી;
ઈચ્છાઓ શુભ સફળ થાઓ, નૃપ તુમ ડાયા દિલ તમામજી.

આમિન.

મોરબી નાગનાથ કંપની દસાડે આવી ને વખતનું ગાયન.

છે આનંદ ઉરમાં આજ, કરૂણા કીધીરે;
પધાર્યા છો નામદાર, તસ્દી લીધીરે.
અમ ભાગ્ય તણો નહિ પાર, દરશન થાયેરે;
દરશન કરતાં નામદાર, દલદર જાએરે.
છે પ્રેમ થકી આશિષ, આનંદ થાજયોરે;
પધાર્યો સકળ સમાજ, અમીરસ પાજયોરે.
નાગનાથ કંપની આશિષ, મુખથી ભાખેરે;
તમ દરશનનો મહિમાય, ઉરમાં રાખેરે.
જશવંત શ્રી જેનખાન, જશવંત ભારીરે;
દયાળુ છો નામદાર, સદા સુખકારીરે.
પુત્ર વધજયો પરીવાર, આશિષ દઈએરે;
સૌ સભા રહો સુખ માંય; દિલથી કહીએરે.

કર્તા ડાહ્યાલાલ મલુશંકર જોશી.

દસાડા.

ઇશ્વર સ્તુતિ.

રાગ—ગરબી.

પ્રભુ તારા પ્રેમની બલીહારીરે,
તેંતો સંભાળ લીધી છે સારી. પ્રભુ.
જશવંત જેનખાન કાવેરે,
સદા આનંદ ઉરમાં આવેરે;
નીજ વસ્તીને લાડ લડાવે. પ્રભુ.
રાજા ધર્મ ન્યાયી બહુ સારારે,
સગાં વસ્તીને છે બહુ પ્યારારે;
ગરીબને સદા પાળનારા. પ્રભુ.
જંતુ ડંખ રાયજીને દીનોરે,
ખુદા સત્વર મદદ કીનોરે;
અભય વચન સિદ્ધ કરી દીનો. પ્રભુ.
નીજ હાથે ઉપાય લડાયોરે,
શસ્ત્ર ધારથી ખુન કઢાયોરે;
વળી વિવેકે ડંખ વઢાયો. પ્રભુ.
પ્રભુ સત્વર આનંદ કીનોરે,
જેનખાનની સંભાળ લીનોરે;
ડાહ્યાલાલ આનંદ કરી દીનો. પ્રભુ.
પુત્ર પરિવાર વધજ્યો સારોરે,
દિન આનંદમાં ગાળનારોરે;
દેજ્યો સમૃદ્ધિ સુખ તે સારો. પ્રભુ.

ગરબી કન્યાઓની.

ધન્ય ધન્ય દિવસ આજ, ધન્ય ઘડી જાણુંરે;
પધાર્યા જેન રાજન, ઉર હરખાણુંરે.
સરસ્વસ્તી મંદિર આજ, પાવન કીધુંરે;
દયા કરી નામદાર, દરશન દીધુંરે.
દિવાળીથી અધીક, ઉચ્છરંગ આજેરે;
દસરથપુરમાં આનંદ, અધીકો રાજેરે.
જશવંતા શ્રી જેનખાન, જશવંત ભારીરે;
કેળવણીમાં નિપુણ, સદા સુખકારીરે.
અખત્યાર ઉજવળ આજ, વધામણી સારીરે;
સૌ બાળાઓને ઉર, આનંદ ભારીરે.
હરખાતાં ગાઇએ ગીત, ઈનામ લઇએરે;
ઉચ્છરંગના આવે ઓઘ, આશિષ દઇએરે.
મનવાંચ્છીત ફળ રાજન, પુરણ પામોરે;
દિન દિન અધીકો આનંદ જશ બહુ જામોરે.

તથાસ્તુ.

લી.

ડાહ્યાલાલ મહુશંકર જોશી.

દસાડા.

આશિર્વાદ.

જશ બહુ જામજ્યો જેનરાજારે,
તમે સદા સુખી રહો તાજા. જશ બહુ.
શાલીઆ દિન સુવર્ણ આજેરે, સહુને ઉર આનંદ ગાજેરે;
આવા દિન રૂડા બહુ છાજે. જશ બહુ.
તારૂં રાજ્ય તપો બહુ સારૂંરે, સર્વ વસ્તીને છે બહુ પ્યારૂંરે;
સદા સુખ શાન્તી એ દેનારૂં. જશ બહુ.
સરકારમાં નામના સારીરે, તારી રાજ્યનીતિ બહુ ભારીરે;
સદા સર્વને આનંદકારી. જશ બહુ.
માત આછોબાના પુત્ર પ્યારારે, જોરભા સમ જશ લેનારારે;
વિદ્યા વૃદ્ધિ સદા ઇચ્છનારા. જશ બહુ.
શાહજાદા સદા શુભ સારારે, મહુમદ અજીજખાનજી પ્યારારે;
સદા સુખી રહો પ્રાણ પ્યારા. જશ બહુ.
સહકુટુંબ સુખી બહુ સારારે, આશિષ ડાહ્યાલાલની છે પ્યારારે;
સદા કૃપા દૃષ્ટિ રાખનારા. જશ બહુ.

આમીન.

લી. આશ્રીત સેવક.
ડાહ્યાલાલ મલુશંકર જોશી.

તા. ૧-૧૦-૧૭ ઇશ્વી. દસાડા (કાઠીયાવાડ.)

જયશ્રીજી.

નામદાર દરબારશ્રી જૈનખાનજી સાહેબને ત્યાં ચિરંજીવી કુંવરશ્રીનો જન્મ થતાં થએલ ખુશાલી અને આશિર્વાદ.

દોહરા.

તોતેર કેરી સાલમાં, અસાડ જે કહેવાય;
જેનખાન દરબારમાં, કુંવર વધાઇ થાય.

ઇશ્વર સ્તુતિ.

છે આનંદ ઉરમાં આજ, કરૂણા કીધીરે;
અલ્લાને આનંદ લ્હેર, અદકી દીધીરે.
શુભ મલેક વંશી રાજ, જેનભા ભારીરે;
થયો આનંદનો ઉત્સાહ, મંગળકારીરે.
રૂકૈયાં બેગમ સાહેબ, કુંવર જન્મ દીધોરે;
ધન્ય આનંદનો નહીં પાર, લક્ષ લાવ લીધોરે.
થયો દરબારે આનંદ, ઉજવળે ભારીરે;
સહુ સગાં સમંધી જેહ, જન સુખકારીરે.
વળી વસ્તી સરવે જેહ, આનંદ નવ માએરે;
નગરમાં નર ને નાર, પ્રેમ છવાએરે.

શુભ વધાઈ શુણીકાન, સુવર્ણ મેહ વરસ્યારે;
ગૃહસ્થ અને પ્રમહંશ, સરવે હરખ્યારે.
સંગીત વાજાં શ્રીકાર, ધામધુમ થાએરે;
દરબારે છાકમ છોળ, સાકર વેહેંચાયેરે.
આતશબાજી શ્રીકાર સરવ ખુશ થાએરે;
સહુ પરસ્પરને સ્નેહ, વધાઇ થાએરે.
રાત્રીએ સંગીત શુભ, વારાંગનાં ગાએરે;
સાથે ઝણુંણુંણું ઝણુકાર, વાજીંત્ર થાએરે.
મળ્યો સરવે ભાઇયો સાથ, આનંદ વાધ્યોરે;
આજ અમુલ્ય હર્ષ શુભ, સરવ દીલ વાધ્યોરે.

કવિત.

જુમે રાત દીન એસો, આનંદે ગવાયો શુભ;
જુમા દીન અધીક, ઉત્સાહ શુભ આયો હે.
વિદ્યાર્થીને વિશેષ તે, સાકર વેંચાણી સાર;
કન્યાશાળા અચ્છી પેર, જશ શુભ ગાયો હે.
વાહ વાહ શુભ એસી, વાણી વદે સર્વ કોઇ;
દશરથપુરમેં ઉજવળ, દી દીખાયો હેં.
ડાહ્યાલાલ કહે સહુ, આનંદમેં આએ અતી;
આચ્છુબા માતાને આજ, લક્ષ લાવ પાયો હે.

આમિન.

નામદારશ્રી શેરૂમીયાં સાહેબનો સુયશ.

(ધોળકપુર) ધોળકા.

હરિગીત.

૧ શેરૂમીયાં સરદાર, ગુણ ભંડાર છો શુભ નામજી;
ધન્ય સારૂં ધોલકપુર, શોભા વર્ણવે તમામજી.
પુરણ છો પ્રખ્યાત પ્યારા, પ્રેમી તમ શુભ કામજી;
શેરૂમીયાં સરદારના જશ, ગાય જન તમામજી.

૨ વિવેક છે વિખ્યાત જેનો, ન્યાય નિશ્ચળ નામજી;
અદલ સુણી ન્યાય પ્રજા, હર્ષ છે તમામજી.
છોટી ઉમરમાં કીરતી શુભ, વાધી સરવે ઠામજી;
શેરૂમીયાં સરદારના જશ, ગાય જન તમામજી.

૩ કુટુંબ તમ ગુણવાન છે, શુભ નામ પ્રાતસ નામજી;
કુટુંબ કબીલો સર્વ છે, શુભ ધર્મમાં ગુલતાનજી.
નોકર ચાકર તમામ સરવે, આહી ગુણવંત ધામજી;
શેરૂમીયાં સરદારના જશ, ગાય જન તમામજી.

૪ શિશુવએ શુભ વિદ્યા આપે, મેળવી શુભ નામજી;
શુભ ગુરૂ શિક્ષણ મેળવી, શોભાવી વિદ્યા તમામજી.
શુભ ગુણનાં વખાણ આજે, ગાય ધોલક ગામજી;
શેરૂમીયાં સરદારના જશ, ગાય જન તમામજી.

૫ પરીવાર શુભ વાધો સદા, કુંવર પ્રતાપવાનજી;
પુરણ પ્રતાપી ભાણેજ, પ્રખ્યાત પામો માનજી.

આનંદમાં ઉભરાઈ, ડાહ્યાલાલ ગાએ ગાનજી;
શેરૂમીયાં સરદારના જશ, ગાય જન તમામજી.

દોહરો.

એવી રીતે આપની, છે કિર્તિ નામદાર;
આશિષ ડાહ્યાલાલની, વારમવાર હજાર.

લી.

પ્રેમના ઝરામાં ઉભરાતો
કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.
દસાડા કાઠીયાવાડ.

નિતિશિક્ષણ.

દોહરો.

નિતિ શિક્ષણ સ્નેહથી, વાંચો ધરીને પ્રિત;
ડાહ્યાલાલ કહે દિલથી, પાળો આપ ખચીત.

સવૈયા.

સદા ન્યાઈ રાજાએ રહેવું, પ્રજા વિદ્યાભ્યાસજ હોય;
ગુરૂ જેમ શિષ્યપેં વરતે, વિદ્યાંની બાબત તેમ સોય.
પીતા પઢાવે પુત્રને જેમ, તેમ રાજાજી રાખોને ટેક;
હિતોપદેશની સાથે વિદ્યા, અરપવી રાખીને નેક.

પ્રજાનો પિતાને મિત્ર, ગણાય છે રાજા શુભપેર;
સંકટ સમૈયે મદદ ધનની, આપો પ્રજાને આનંદભેર.
દુષ્ટ જનને દંડજ દેવો, ન્યાય ધર્મ રાજાજી તેમ;
શુભ ગુણ રાજાજી રાખો, ધર્મ મૂર્તિ જણાએ એમ.
શુભ જ્ઞાન રાજાએ જાણો, દુર્ગુણ આવે નહિ કદી પાસ;
દિલ દરિઆવ છે સદા જેહનું, સદા રાખે જે શુભ સહવાસ.
સદા શાન્ત રાજાએ રહેવું, સમજવાં શાસ્ત્રનાં જ્ઞાન;
વિનયવાન રાજાએ થાવું, કુંવરને શીખવો એ જ્ઞાન.
નોકરને શુભ વિનઇ કરવા, વિનઈ પ્રજા કરો તમામ;
સદ્બોધ સાંભળવો રાજા, દુનિઆમાં થાશે શુભ નામ.
પુત્ર સમ પ્રજાને જાણો, જેથી જગમાં જશ બહુ હોય;
અજ્ઞાની પ્રજાને સુધારો, તેથી ફળતો અધિકું હોય.
જ્ઞાની પ્રજા જેહ રાજાની, તે રાજાને આનંદ લેહેર;
રાજા પ્રજા જો વિવેકી, દિવાળી દિવસ ઘેર ઘેર.
પ્રજાને રંજન રાખવી, સદ્વર્તનથી કાબુમાંય;
આનંદે બોલાવો એને, નીજ પુત્ર સમ તેહ ગણાય.
સુખ અધિકું મળે તેહથી, રાજા પ્રજાને શુભપેર;
આનંદ વાધે સરવે ગામે, સદા સુખ વાધે સૌ ઘેર.

ચોપાઈ.

જુગાર પ્રત્યે જાઓ નહિ કોય, એહ નેમ અંતરમાં હોય;
મદીરા મોટો દુર્ગુણ જેહ, કદી વળગવા ન દેવો તેહ.
નીજ પત્નિ છે આનંદ રૂપ, પર પત્નિ અંગાર સ્વરૂપ;
ઘણાં શાસ્ત્ર બતાવે જ્ઞાન, ઉપદેશ સાથે આપે ભાન.

સ્વ પત્નિની પ્રજા સાર, ઉદ્ધાર કરે કુળનો નીરધાર;
પર પત્નિ સામું નવ જોય, દુખદારૂણ કહે સઉ કોય.
પર પત્નિની પ્રજા થાય, તેથી દુખ સદા મનમાંય;
માટે પ્યારા સહુ રાજન, સત્ય શિખામણ ધરજ્યો મન.
જેથી થાએ કુળ ઉદ્ધાર, જગમાં જશ પામો બહુ સાર;
દુષ્ટનો તો દંડ કરાય, સુપાત્રનું તો પાલન થાય.
પ્રજા પાલન કરવું વિર, ધર્મ કાર્ય કરો રણધિર;
ધન ન્યાયથી મેળો સાર, જેથી સુખ વધે નીરધાર.

દોહરા.

પંડીતોને પ્રણમી, લીયો રૂડેરાં જ્ઞાન;
સંત પુરૂષને સેવવા, દીયો અધિક સન્માન.
વડીલને વિવેકથી, દેવાં આદરમાન;
યજ્ઞ સત્કર્મ કરી, થશો અતિ બળવાન.

હરિગીત.

જે ભૂમિમાં ભાતભાતનાં, સુખદાઈ ફળો થાય છે;
હવા ઘણી સારી અને, લતા બહુ વખણાય છે.
પશુ પક્ષિના નાદ રૂડા, કર્ણ માંહી જાય છે;
જયાં જળ ને અનાજ પુષ્કળ, ઘાસ સુખ જણાય છે.
ઉંચી જગ્યા પર પ્રેમથી, શુભ શહેર વસાવો સહી;
પાણી જહાં થોભે નહિ, એ ઉરમાં રાખો સહી.
પાણી નજીક ભરાઈ રહી, જમીનમાં સડાયતો;
હવા બગાડે હરઘડી, આનંદ સુખ જાય તો.

શહેરના મધ્ય ભાગમાં, રાજ્ય મંદીર બંધાવવું;
વાવ, કુવા, તળાવને, ટાંકી કરી શોભાવવું.
નીજ નગરની આસપાસ, ચોકીદાર રૂડા રાખવા;
મોટા રસ્તાને લોકોપયોગી, બાગ તે નવ ચુકવા.
દેવ મંદીર ને પાઠશાળા, સંન્યાસી મઠ આદરો;
ધર્મશાળા હોંશથી, રાજન તે ભાવે કરો.

સવૈયો.

મુસાફરને ઉતરવાને, ધર્મશાળા સારી હોય;
દેખરેખ તેની રહે તો, પાજી ફાવી ન શકે કોય.
મુસાફરને પુછી નોંધો, ક્યાંનો છે ને જાએ ક્યાંય;
વાહન કે હથીયાર શું પાસે, કોણ તણી ધરાવે સ્હાય.
કઈ જાતનો સર્વ હકીકત, પુછી વાકેફ થવાય જેમ;
કેટલા દિવસ રહેવું અહીંયાં, પુછી નોંધ લીયોજી ત્યેમ.
સાયંકાળે મુસાફરની, ગણત્રી તો પ્રિતે થાય;
ઓરડીયો બંધ સૌની જોઇએ, ચોકી પહેરા ત્યાં મુકાય.
ચોકીદારો પહોરે પહોરે, બદલો પ્રિતે રાત્રી માંય;
સવારમાં સૌ ગણી કરીને, છોડી મુકો જ્યાં જે જાય.
બીકણ કે જોખમવાળાને, વળાવીયાની જરૂર હોય;
પ્રિતેથી આપો તે સાથે, તેમાં નકાર ભણો ન કોય.

ચોપાઇ.

રાજ્ય અલંકાર ધરવા વીર, પોશાક શુભ ધારો રણધિર;
શસ્ત્ર નવ ચુકોજી નાથ, હોંશ ધરી રાખોજી સાથ.

આનંદ તો ઉર માંહી ધરો, સુખેથી રાજા વિચરો;
બીજ તણું વખાણુજ હોય, તોપણ ફુલાવું નહિ કોય.
રાજાંથી ડરીને નર જેહ, સત્ય વાત ન બોલે તેહ;
સારૂં બોલી મનવે સાર, તે સિદ્ધિ નવ કરે લગાર.
કડવું પણ સાચું ઉચરે, તેજ રાજમિત્ર છે ખરે;
સુણજ્યો રાજા ચતુરસુજાણ, તેહ તમારો મિત્ર પ્રમાણ.
મંત્રી સો વિચારજ લીયો, નોટ કરી ગણત્રી દીયો;
ઝાઝા મત જણાએ જેહ, નિત્ય પ્રસાર કરોજી તેહ.
એમ કરવાથી સુખજ થાય, આનંદ દિન દિન અધિકો થાય;
હાથી, ઘોડા, બળદ, ગાય, અન્ય જનાવરજ કહેવાય.
સાવધ સેવકને સોંપો તેહ, જેથી સચવાશે બહુ તેહ;
દરેક વર્ષે પણ એકવાર, મહાલયમાં જવું નીરધાર.
અધિકારી જઇને શું કરે, પ્રજા તેથી શું દિલ ધરે;
બારીક તપાસ કરવી વિર, અધિકારી રૂબરૂ નહીં ધીર.
અધિકારીની રૂબરૂ થાય, તેતો પાછળથી પીડાય;
રૂબરૂ સાચું બોલે કેમ, અધિકારી ડર હોયે તેમ.
જો સૌ પ્રજા સત્યજ સોય, તો બારીક તપાસજ હોય;
નોકર ભુલ ગણો રાજન, સુધારો એવા સૌ જન.

કુંવરશ્રીને શિક્ષણ.

દોહરા.

અભિમાન ન આદરો, રાય તણા કુમાર;
માતા પિતા બંધુના, ઉપર રાખો પ્યાર.
ગુરૂજનને ભગની વળી, વહાલાં અદકા હોય;
સભ્યતાથી ચાલવું, ખામી ન ગણો કોય.
અધિક નવ ઉડાવવું, હદ રાખો કુમાર;
પીતાને પ્રિય થવું, એહ ઉત્તમ આધાર.
અપમાન કોઇનું નવ કરો, દુઃખ ન દો લગાર;
આજ્ઞા પીતાની લઈ, કરવાં સઘળાં કાર્ય.
આજ્ઞા ગુરૂની પાળવી, માતાનું બહુ માન;
સહોદરને સુખી કરો, એહ પરમ છે જ્ઞાન.
નોકર કે કોઈ ના કહે, પીતા કોપીત થાય;
ભ્રાંતી ભાગો વિનયથી, તર્ત ક્રોધ દુર થાય.
પ્રભાતમાં ઝટ ઉઠીને, નમવું પીતા માત;
ગુરૂને નમવું પ્રિતથી, એહ ધર્મ સાક્ષાત.
એવી રીતી રાખતાં, પીતા પ્રસન્ન થાય;
પ્રભુ પણ રાજી રહે, એ સમજો મન માંય.
પ્રજાને બહુ પ્રિતથી, રાજી રાખો કુમાર;
શિક્ષણ સારૂં સ્નેહથી, જાણજ્યો વારંવાર.

ઉત્તમ હજુરી.

ચોપાઇ.

હજુરી ઉત્તમ કહેવાય, હવે તેનો કહું છું મહિમાય;
પ્રયત્ન જેના છે બહુ સાર, સત્ય વચન બોલે નીરધાર.
કાર્ય નિપુણ પવિત્ર હોય, ધર્મશીળ ને નીડર સોય;
ખોટાથી જે દુર રહેનાર, રાજા ઉપર અદકો પ્યાર.
રાયકુંવર સમજાવે સાર, દિન દિન પ્રિતિ વધે નીરધાર;
રાજાને શીખામણ દીએ, અવગુણ હોય તે ધીરે કીએ.
સત્ય થકી સમજાવે રાય, તેહ ખરો સેવક કહેવાય;
રાજા આજ્ઞા પાળક હોય, પાસવાન અદકો ગુણ સોય.
દાન જ્ઞાન સમજાવે તેહ, અવળે માર્ગે ચડાવે ન તેહ;
રાજ્યકુટુંબમાં શાન્તિ જોય, એહ પાસવાન ઉત્તમ હોય.
ગર્વ ઈર્ષા ને ક્રોધજ જેહ, ચીવટથી ટાળતો હોય તેહ;
ખરાબ સ્પર્ધા ન કરે દાસ, ઈર્ષા નવ આવે જેહ પાસ.
મળે અલંકાર વસ્ત્રજ જેહ, પ્રિત કરીને ધારે તેહ;
નિશદીન હાજર રહેતો હોય, જીતેંદ્રિય વિદ્વાનજ સોય.
દયાળુ શુરવિર સાત્વિક વિર, એહ દાસ પ્યારો રણધીર;
રાજા અવગુણ ઉરમાં લહે, પ્રિત થકી ટાળવાનું કહે.
એવા ગુણ હોયે ખાનદાન, જેનું અધિકું દીસે જ્ઞાન;
પાસે એવા રાખો દાસ, કહે રાજનીતિ એ ખાસ.

ચોપાઈ.

બદલી કરવી રાયજી, નોકર ચાકર જેહ;
મદોન્મત બને નહિ, મર્યાદા રહે તેહ.
લાયક માણસને દીયો, પ્રમોશન રાજન;
અન્ય જન લે દાખલો, રાજા છે ગુણજ્ઞ.

જે નોકર વફાદારીથી, કરે રાજનાં કાજ;
વૃદ્ધ થયે તે તનુજને, ખાસ રાખવો રાજ.
ચડતી આપો રાયજી, અચળ જે ગુણવાન;
ખુબ વધારો તેહને, જેનું અદકું જ્ઞાન.
લખાણુ સરવે વાંચીને, સમજવું મન માંય;
સમજીને કરવી સહી, સુજાણ રાજા ત્યાંય.
લેખ પત્ર પણ વાંચીને, એમજ સહી તો થાય;
યુવરાજ પ્રધાન સહુ, એહ રીવાજ રખાય.
થોડા ગુન્હા કારણે, પગાર કાપે ન કોય;
તેમજ પગાર આપવા, વિલંબ કદી નવ હોય.
બહુ ટુંકા પગારતે, રાખો નહિ રાજન;
પગાર પુરતો આપવો, રાખી દિલ પ્રસન્ન.
ટુંકા તે પગારથી, જ્યારે પુરૂં નવ થાય;
લાંચ આદી લેવા તણું, કરે ચીતવન મનમાંય.
ખર્ચ નભે નહિ જ્યાહરે, રીબાવે રૈયત સાર;
પગાર પુરો દઇ કરી, સખ્તાઈ કરો નીરધાર.
તેહવારના દિવસે, રજા પાળવી રાજ;
અન્ય દિવસે પ્રેમથી, કરો રાજનાં કાજ.
અગત્યના કોઈ કારણે, રજા માગે કદી કોઇ;
ચડતે પગારે આપવી, વાર્ષિક ધારો હોય.
સંવત સારો ઓગણી, સાસઠ શાલ કેવાય;
મૃગશર સુદ એકાદશી, વાર ગુરૂ ગણાય.
નિતિ શિક્ષણ વર્ણવ્યું, પુરણ ધરીને પ્રિત;
ડાહ્યાલાલ કે દિલથી, પાળો આપ અચીત.

આમિન.

જેનખાન જશસાગર.

ભાગ ૨ જો.

નામદાર દરબારશ્રી જેનખાનજી સાહેબ હિંદુસ્તાનના પ્રવાસે પધાર્યા તે સમયનું દસાડાના રહીશ થોભ મીરાંજીનું બનાવેલ ગીત.

સંવત ઓગણીસને સાયઠ તણી સરા,
હતો માસ પોષ સુદ ત્રીજકો હિસાબ.
હીંદુસ્તાન દેખવા હજુર રવાના હુવા,
માસ્તર માર્કરને મલુક મુસાબ.
નેક ડોસુ હજુરીને રસોયો રાઠોડ નજુ,
મળી પાંચ જણે કીધો પાટડી મુકામ.
કદરદાન સુરજમલેં ઘણો સનમાન કીધો,
કાયમ દિલ રાખીને કરી આવો કામ.
પછી રેલ ગાડીમાંહીં અમદાવાદહી પોતા,
ઠીક વાસો રહી કીધો મુંબાઇએ ઠરાવ.
રાણીબાગ, ટંકશાળ, શહેનશાહકો શેહેર,
સરે દીન દસબાર કીધી મોજ દરીઆવ.
નીજંમકો મેહેલ દેખ્યો હીંદ શરેફલકનુંમાં
મકા મસજીદ શેર વચમાં મીનાર.
બેંગલુરનો બગીચો કબાનપારક બેશ,
ચમતકારી કાવેરી વીજળી ચીતાર.

મહીશુર મહેલ જોઈ શ્રીરંગપટણ માંહી,
કબાનશેકીંગ આર્ચ ટીપુનું મકાન.
સોનાની ખાણુ તણી નવીન અધીક શોભા,
તાવીજ ત્યાં હૈદરને ટીપુ સુલતાન.
મોટી હાઈકોરટ અને કીલોમદ્રાસ માંહી,
દીવાદાંડી તણો બેશ અતીશે દેખાવ.
બંગલા અજાયબ ઘર કલકતા પુલબાગ,
બગીચો ઇમામવાડો લખનો બનાવ.
જાણુવા લાયક જહાં દેવળ ઇંગ્રેજોનાં,
ગદરનું મેદાન તેહ કાનપુર ગામ.
તેજ શીકંદરા આગ્રા મુકરબો શુજાતદોલા,
કારીગરી તાજબીબી રોજા તણું કામ.
મુગલાંકો શેહેર દીલી જાહેર મસીતજુમા,
કમાલ લાલ કીલો અને મીનારો કુતબ.
જગપુરની બાંધણી સર્વથી સરસ જોઈ,
શોભે અજાયબ ઘર નોખનોખ શબ.
ખ્વાજા હીન્દલવલી અતાએ રસુલ ખુબી,
ચીસ્તીઆ ખાનદાન રાગરંગ ચાવ.
મેઓ કોલેજ વળી દીઠી અજમેરમાંહી,
તારાગઢ પાશ આના શાગર તળાવ.
સુંદર તળાવ નકી ટેકરી ગુરૂ શીખર,
ગીરી આબુરાજ પરે દેલવાડા ગામ.

તબીયત ખુશહાલ રહી અતીશે હજુરતણી,
કાયમ ત્યાં શીતળ હવા તણું કામ.
મહીશાણે પધાર્યા ત્યાંહી સૈયદ ઉસમાન મળ્યા,
વીરમગામ ટેમેં મળયા મોતીશા દીવાન.
આનંદે ખુશીની સાથે પાટડી મુકામેં આવ્યા,
મહીપતી સુરજમલેં દીધાં ઘણું માન.
સ્વારી અટંકી રૂડી ડંકાને નીશાન સાથ,
મળી સારા સામૈયાને કઠાડે મુકામ.
વેણીશંકરભાઈ અને થાણદાર વખતશંગ,
હોંશે આવ્યા એન્ડ સાથે મળવાની હામ.
મુત્સદી વર્ગ સર્વે થાણા પાસ આવી મળ્યા,
ચોંપ કરી કીધો માજી શાબે લાવચાવ.
કારણમા ચોપદાર કરતનકી પુકાર,
દસાડે આતશબાજી રોશની દેખાવ.
ધનોધનો ભાગે આવ્યા ગાદીએ દશાડાધણી
નવેનીથી ગાથી પાયા જોરાવરાનંદ.
ઉમંગે વધાયા માજી શાબ કું પોરબ આયા
મોજાં માણે જેનખાન બુધીકાશમંદ.

નામદાર દરબારશ્રી જેનખાનજી સાહેબને રાજકોટ કિંગ કોલેજમાંથી કસરતના મળેલ

ચાંદની મુબારકબાદી.

કવિત્ત.

સર્વહી સર્વજ્ઞ જેન, સત્યકો પ્રકાશ કીનો;
લીનો શુભ લાવ પ્યારે, સુજશ તેં કીનોહે.
ઇંડીયા સરકાર મહીં, ખ્યાતહે અપાર તેરી:
માલીક સુમાન્યવંત, ચાંદ તુને લીનોહે.
નેકી ઓર ટેકી તેરી, વિશ્વમેં વિખ્યાત હુઇ;
એહી એ કિરતકી, નિશાની ચિન્હ ચિન્યોહે.
જેન જોરભાકે નંદ, દાતા હો દાનેશમંદ;
બુદ્ધિ બલવંત તેને, લક્ષ લાવ લીનોહે.

આજકો આનંદ મેરે, ઉરમેં અપાર ભયો;
ગાયો ગુણ જેનખાન, ઉત્સાહસુ આયોહે.
મલેક રાજન તેરા, માનકો પ્રકાશ સુણી;
સર્વહી સમંધી આજ, પુર્ણ ફ્રગ પાયોહે.
પ્રતાપી પવિત્ર રાય, દસાડા પ્રકાશ કીનો;
દેશોદેશ ખ્યાતી એસો, જશ જગ છાયોહે.
દસાડા નૃપાળ જેન, ચંદકો આનંદ તેરો:
કહે ડાહ્યાલાલ કવિ, ગુણી જન ગાયોહે.

લી. સેવક,
કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.
દસાડા (કાઠીયાવાડ.)

ૐ

નામદાર દરબારશ્રી જેનખાનજી સાહેબ બહાદુરની પવિત્ર શેવામાં.

કવિત્ત ચાલ–સ્તુતિ.

ખુદાકે પ્યારે દીલ મેરે વશે હો તુમ,
રટું મેં દીન સારે બપૈયે જયું મેહકોં;
પંકજ પેખત જૈદ પ્રભાતેં પ્રભા કર,
ખીલત વિધ વિધ રંગ આણી બહુ નેહકોં.
ચકોર ચંદ કીસમ ચિત્ત પ્રોવાયું મોહી,
રજની દીવસ ધ્યાન રહે હજુરકોં;
પલ એક જુદા કયું રેને જાય જેનખાન,
જાનત સુજાન આપ પ્રીતનકી રીતકોં.

૨

પતિવ્રતા નારી જયું પ્રીતમસેં પ્યાર લગ્યો,
જેસો પીયાર લગ્યો દુધપેં વારીકો;
મીન લગ્યો હે પ્યાર વારીસેં વાર વાર,
કુરંગ પીયાર લગ્યો ઝાંઝ ઝણુકારીકોં.
મેઘ મહારાજ સંગ બીજુકો પ્યાર લગ્યો,
કાનકુંવર સંગ પ્યાર બ્રજ નારીકોં;

આપના દાસકું એસો આપસેં પીયાર લગ્યો,
જુદા કર્યું રીયો જાય જેન પલવારીકોં.

લી. ચર્ણરજ સેવક

ડાહ્યાલાલ મલુશંકર જોશી

ના ચણાજ માન્યપુર્વક પુનઃ પુનઃ સલામ સાથ અનેક આશિર્વાદ.

દસાડા, તા. ૧૩-૮-૦૮.

પુરણ પવિત્ર જશ જેનખાન રાય તાકો,
પ્રિતેંથી મેં વર્ણવ્યો આલ્હાદ ઉરલાઇકેં;
જોરાવર નંદહો પ્રવિણ જ્ઞાન ગુણ મહી,
આપકો દિદાર કીયો, અત્યંત સુખ પાઇકેં.
બાપુમીયાં મીત્ર આપ શુદ્ધ ગુણ હે અમાપ,
જોડ રામ લક્ષ જેસી નિર્ખું ચિત ચાઇકેં;
ડાહ્યાલાલ દિલ આજ આનંદમેં આવે અતી,
રાય જેનખાનકે પવિત્ર ગુણ ગાઇકેં.



દરબાર શ્રી જેનખાનજી સાહેબ બહાદુરના
સતકાર્યોનો પ્રકાશ.

કવિતાનું છેલ્લું ચરણ પાદ પુર્તી અપાયુ હતું.

કવિત.

આચ્છોબાના નામેં રાયેં, લાયબ્રેરી અચ્છી કરી;
દોઢીને દરબારમાં, સુધારા શુભ કરાવ્યા છે.
નીજ ગામોમાંહીં નૃપેં, નબ શીખ નેહ કરી;
નવાણુના કામ તર્ફે, દામ તો ધરાવ્યા છે.
કેટલાક ગામડામાં, બાંધકામ પ્રીતેં કર્યા;
અંત કરી ખેતીનાં, સાધન સુધરાવ્યાં છે.
નિતિના નીપુણ અને, પ્રજાના પાળક એવા;
જેનખાને બંગલા ને બગીચા બનાવ્યા છે.

લી. શેવક
ડાહ્યાલાલ મલુશંકર જોશી.
દસાડા. કાઠીયાવાડ.

તારીખ ૧૯-૨-૧૧ રવીવાર સવારના સાત બજે

ૐ

દરબારશ્રી જેનખાનજી સાહેબ બહાદુરનો

સત્ય સ્વભાવ.

કવિત.

સત્યકો સ્વરૂપ શુદ્ધ, ધર્મકો ધરત ધ્યાન;
ન્યાયમેં નીપુણ જેહી, મલેક સુવંશી હે.
જ્ઞાનમેં ગંભીર જેહી, પ્રજા પાલવેમેં પુર્ણ;
સગાં સબંધીપેં પ્રેમ, દુષ્ટજનનો દવંશી હે.
શુદ્ધ વાણી સરલ હે, સરલ સ્વભાવ જેહી;
પરમ પવિત્ર રાય, જેહી જગ જંશી હે.
ડાહ્યાલાલ દિલમહીં, ખુદા જાકું રમી રહ્યો;
એસો જેનખાન નૃપ, ઓલીયાકો અંશી હે.

♠ ♠ ♠ ♠

જુઠ જેહી વદે નાંહીં, વદતહે વાણી સત્ય;
કૃત્યકાં કારણ જેહી, જય જગકારી હે.
ધર્મપેં અપાર લક્ષ, પક્ષ નાંહી કોઈ પંથકો;
હિંદુ મુસ્લમીન પરેં, અધીક આભારી હેં.
શાણી સરકાર પહેં, પ્રેમ જાકો પુર્ણ પેખ્યો;
સત્ય દિલમેંહી ન્યાય, સદા શુભ ભારી હે.
ડાહ્યાલાલ અરપું આ, જશ કાવ્ય જેનભાકું;
માલીક સુજાણ જેહી, સદા સુખકારી હે.

આમિન.

લી. સેવક,
ડાહ્યાલાલ મલુશંકર જોશી.

તા. ૧૩–૯–૧૨ રમઝાન ૪૬. દસાડા (કાઠીયાવાડ.)

ॐ

દરબાર શ્રી જેનખાનજી સાહેબ બહાદુરને નવું વર્ષ મુબારક.

કવિત.

સર્વહીં સર્વજ્ઞ જેન, વિશ્વમેં વિખ્યાત નૃપ;
દસાડા નૃપાલ તેરો, જશ જગ જાને હેં.
રાજનિતિ રિતિ તેરી, સર્વકું સંતોષ દેત;
અક્કબર શાહ રિતિ, પ્રજા તોહીં માને હેં.
ન્યાયમેં નીપુન રાય, પ્રજાકો અપાર પ્રેમ;
રાજ્યપીતા તેરો નેમ, નીશદીન દાને હેં.
ડાહ્યાલાલ વાલપહેં, હિંદુ મુસ્લમીન પહેં;
સર્વકું સમાન નૃપ, પુત્ર સમ પાલે હેં.

સંવતસુ ઓગનીપેં, અગ્નોતેર સાલ હુઈ;
કારતીક શુકલપક્ષ, પ્રતિ શનિવાર હેં.
કચેરી ભરાઈ શુભ, શોભતહે નૃપ રૂડા;
હિંદુ મુસ્લમીન સહુ, આનંદ અપાર હે.
પ્રિતસેં પેખત નૃપ, માન સન્માન દઇ;
સમદૃષ્ટી રાય ઓહી, ધર્મ અવતાર હે.
ડાહ્યાલાલ રામરાજ્ય, રાજનીતી પેખી કહું;
પ્રજા પ્રતિપાળ નેક, જેન દરબાર હે.

ૐ

દરબાર શ્રી જેનખાનજી સાહેબ બહાદુરને
નવું વર્ષ મુબારક.

કુંડળીયો.

સંવત સારો ઓગણી, અગ્નોતેરની સાલ;
કાર્તિક શુકલ પ્રતિપદા, આવે ઉરમાં વાલ.
આવે ઉરમાં વહાલ, નૃપ નીરખ્યા મેં નયને;
આનંદ દીયો અપાર, પ્રેમથી દિદાર દઇને.
કહે કવિ ડાહ્યાલાલ, નીરખું રાજા ગુણવંત;
આનંદ આજ અપાર, શુભ બેઠો છે સંવત.

છપ્પો.

અલ્લાહુતાલા અપાર, આપને આનંદ આપો;
જેનખાન રાજન, રિદ્ધી સિદ્ધી શુભ થાપો.
મલેક કુળ રાજન, ઇચ્છા મનની શુભ પાવો;
કિર્તિ વધો સહુ દેશ, જગતનો દયો શુભ લાવો.
જેનખાન રાજનનો, જશ દિનદિન શુભ જામજયો;
ડાહ્યાલાલ કે દિલથી, પુર્ણફળ નૃપ પાવજયો.

તથાસ્તુ.

લી.

શેવક ડાહ્યાલાલ મહુશંકર જોશી.

દસાડા. કાઠીયાવાડ

ૐ

નામદાર દરબારશ્રી જેનખાનજી સાહેબની
પવિત્ર હજુરમાં
દિવાળી પ્રસંગે

કવિત.

દિવાળીકો દિન શુભ આનંદ અપાર ભયો;
જેનખાં રાજન રૂડા સભા રંગ છાયો હે,
અમીર ઉમ્રાવ સહુ શોભત અપાર આજ,
કચેરીકો રંગ રૂડો દિવ્યહીં દેખાયો હે.
પ્રજાકો અપાર પ્રેમ પ્રતક્ષ પ્રકાશી રયો;
પરસ્પર પ્રેમ આજે અપાર ઉર છાયો હે,
ડાયાલાલ સત્ય કેવે આશિષ અપાર દેવે,
બેસતા વર્ષમેં મેંહી પ્રેમ રસ પાયોહેં.

આમિન !

લી સેવક,

કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.

દસાડા-કાઠીયાવાડ.

કાર્તીક શુકલપક્ષ પ્રતિપદા સોમવાસરે.

શુભં ભવતુ:

નામદાર દરબારશ્રી જેનખાનજી જોરાવરખાનજી સાહેબ.

દસાડા—કાઠીયાવાડ.

કવિત.

સુરત તમારી રાય શોભીત સુચંદ જેસી,
જેસી બની સુરત એસોહી ગુન છાયોહેં;
પરમ પવિત્ર પેખી નિર્મળ નિગાહ તેરી,
નર ઓર નારી છબી લક્ષલાવ પાયોહેં.
આપ રાજ્યમાંહી સદા શાન્ત રસ છાઈ રહ્યો
પ્રજાને સુસુખ પાયો ધર્મ રાજ્ય ગીનાયોહેં;
જેન જોરભાકે નંદ દીવાલી આનંદ કંદ,
બેસતા વર્ષમેં મેનેં સત્ય ગુન ગાયોહેં.

૨

જેસા રાજા તેસી પ્રજા ગુનમેં ચલત આઈ,
રાજાહેં પવિત્ર એસો પ્રજા ગુન પાયોહેં,
પવિત્ર પ્રવાહ તેરો નોકરોને પાઈ લીનો,
અલછન કોઈ નાંહીં સર્વ શુભ ગીનાયોહેં.
સુલછન દેખી રાજા કદર કરત અચ્છી,
કુલછનવાલાકું તો દાબહી દીખાયો હેં;

ડાયાલાલ સત્ય કેવેં આશિષ અપાર દેવેં,
નરપતી તેરો ન્યાય મંગલ મનાયો હેં.

આમિન !

વિક્રમાર્ક સંવત ૧૯૭૦ કાર્તિક સુકલપક્ષ પ્રતિપદા.

બનાવનાર કવિ.
ડાહ્યાલાલ મલુશંકર જોશી.
દસાડા–કાઠીયાવાડ.

દરબારશ્રી જેનખાનજી સાહેબની
કીર્તિનો પ્રકાશ.

કવિત.

સત્યકો સ્વરૂપ શુભ, સુધાપેં સમાન દ્રષ;
જેનખાન જશ આજ, જગમેં ગવાયો હે.
જ્ઞાન ગુણ હે અપાર, શુરતાહે બેશુમાર;
વિવેકી વિલોકવેમેં, શાન્ત રસ છવાયો હે.
શાન્ત હે સ્વભાવ ભુપ, ઉદારતા હે અનુપ;
પ્યારકો અતાગ કુપ, ગુણિજન ગાયો હે.
ડાહ્યાલાલ સત્ય કેવે, આનંદ અપાર લેવે;
જશપતી જગેં તેરો, માનહી મનાયો હે.

ન્યાય કે નિપુણ રાય, ધર્મનકી હો ધજાય;
જેનખાન જશ રાય, સદા દ્રષ્ટિ શાતામેં.
ધર્મકી સદા કથાય, પ્રેમરસ જ્ઞાન થાય;
જેનખાન નૃપ પાસ, પ્રેમીરસ પાતામેં.
સજ્જનકે શોધ કહો, સત્ય સખા સાથ ચહો;
પરસ્પર પ્રેમ લહો, જ્ઞાનગુણ બાતામેં.
અલ્લાકો આકીન તેરો, ઇલ્લાહીસેં પુર્ણ નેરો;
ડાહ્યાલાલ દાસ તેરો, સત્ય ગુણ ગાતામેં.

આમિન.

લી. સેવક,
કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.
દસાડા કાઠીયાવાડ.

દિવાળી મહોત્સવ.

નામદાર દરબારશ્રી જેનખાનજી સાહેબ બહાદુરને સંવત ૧૯૭૧ નું નવું વર્ષ મુબારક.

કવિત.

દિવસ દિવાળી આજ, આનંદ અપાર ભયો;
મલેક રાજન રૂડા, સિંહાસન શોભે હેં.

અમીર ઉમ્રાવ સહુ, હોંશભર હાજર હે;
તખ્તપેં હે નામદાર, દેખી મન લોભે હે.
નયને આનંદ અતિ, નૃપ શોભા બની રહી;
નર ઓર નારી ઓહી, થીર મન થોભે હે.
રાજા જેનખાન જહાં, ધર્મ રાજ કરત હે;
દુષ્ટ ઓર દુરીજન, કેરાં મન ઓભે હે.

૨

ધર્મરાજ નીતિ આજ, જેનખાન નૃપ તેરી;
સકળ પ્રજાએં તેરો, જશ જગ ગાયો હે.
દેશ દેશ ખ્યાતી બહુ, દીન દીન બઢત હે;
શાણી સરકાર કેરો, માન શુભ પાયો હે.
સરવ સંબંધી સદા, આપ નામ ચાહત હે;
એસો હે પ્રતાપ આપ, સત્ય ગુણ ગાયો હે.
ડાહ્યાલાલ દીલ દાખે, આશિષ અપાર ભાખે;
ધર્મ રાજ પેખી સભા, પુર્ણ ફળ પાયો હે.

આમિન.

વિક્રમાર્ક સંવત ૧૯૭૧ કાર્તિક શુકલપક્ષ
પ્રતિપદા માંગલ્ય વાસરે.

લી.

કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.

દસાડા-કાઠીયાવાડ.

દરબારશ્રી જેનખાનજી સાહેબના યશસ્વી વિવાહનું
યશસ્વી વર્ણન.

ધોળકા.

બેઠક સુ દેખી મુને આનંદ અપાર ભયો,
જેનખાં રાજન રૂડા બેઠા તખ્ત ભારીપેં;
અમીર ઉમ્રાવ સહુ શોભે છે સભામાં અતી,
પ્રજાકો સમાજ શોભે આસન સુધારીપેં.
ઉમર ચોપદાર ચિત્ત ચતુરાઈ શોભી રહી,
હાકલ કરત એહી હરખ હજારીપેં;
અમલદાર વરગસુ આસનપેં શોભી રહ્યો,
જશવંત સભા તેરી નજરે નીહારીમેં.

ડંકો શુણી બંકો કવિ આનંદમેં આયો અતી,
હરખ હજારી આજ ઉર્મે ઉભરાય છે;
શાણા શાહુકાર આજ શોભેછે સભામાં અતી,
વારંવાર નીરખવા નયન લોભાય છે.
તારાગણ બીચ જેમ ચંદરમા શોભી રહ્યો,
જેનખાં રાજન તેમ તખ્તપેં શોભાય છે;
આજકી સભાકો રંગ જામીયો જણાય અતી,
ડાહ્યાલાલ દિલ આજ આનંદ છવાય છે.

કવિત્ત.

પ્રતક્ષ જણાય આજ જેનખાન જશ તેરો,
દાન બોત દીનો તેને દસાડા શોભાયો હે;
દાદા પરદાદા કેરી આબરૂ બઢાઇ દીની,
ધોળકેમેં ધામધુમ અચ્છો જશ પાયો હે.
સ્વારી કેરી શોભા જોવા નારી સૌ અટારી ચડી,
પુરૂષ બખાન કીયો પુર્ણ પ્રેમ પાયો હે;
ડાહ્યાલાલ સત્ય કેવે આશિષ અપાર દેવે,
જેનખાં રાજન વિવા મંગળ મનાયો હે.

મીયાંશ્રી પીરૂમીયાં સાહેબના કુંવરશ્રી દોસ્ત મહમદખાનજી સરદારપુરથી ધોળકે પરણવા પધાર્યા તે સમયનું.

કવિત.

સને તેરમાનું શુભ ઉપરહેં ઓગન્તીશ,
જમાદી આખીર માસ જુમેરાત દિન હે;
બ્યાવે મહમદખાન પીરૂભાકે સુત પ્યારે,
નિતિમેં પ્રવિણ જેહી પુસ્તકેં પ્રવિણહે.
જાકો જગ બીચ આજ જાણ્યોહે અપાર ગુણ,
દિનદિન શોભા રૂડી નીરખી નવીન હેં;
સગે સરમંધ બીચ આનંદ અપાર ભયો,
ડાહ્યાલાલ કહે સહુ જોવાને તલ્લીન હે.

ધોળકેથી આવતાં.

કવિત.

પ્રત્યક્ષ તૈયારી કીની સ્ટેશનપેં, જાવા શુભ,
નગારાં નિશાન સાથ ડંકો જબ દીનો હે;
પોલીશકી પ્રેટ રૂડી પ્રતક્ષ પ્રકાશી રહી,
સરસ દેખાવ લાવ શહેરી જને લીનો હે.
સ્પેશ્યલપેં સ્વારી ચડી આજની આનંદ ઘડી,
પાટડી પ્રિય દેખાવ સર્વે શુભ ચિન્યો હે;
સ્ટેશન તે આવ્યું જહાં દોલતભા મળ્યા તહાં,
જેનખાન સાથ નૃપેં આનંદ શુભ કીનોહે.

દરબારશ્રી બાપુમીયાં સાહેબના વિવાહનો

આનંદોત્સવ.

કવિત.

અલ્લાને આનંદ કીયો, બીહાકી બધાઈ દીની:
મલેક રાજન આજ, આનંદ ઉત્સાયો હે.
બાપુ મીયાં સાહેબકી, સાદી અજમેર હુઈ;
ખાનદાન કુટુંબમેં, બિહા શુભ ગીનાયો હે.

દસરથપુરેં આજ, ધામધુમ કીની અચ્છી;
રંગ રાગ જામ્યો અચ્છો, જશ જગ ગવાયો હે.
ડાહ્યાલાલ દિલ આજ, આનંદમેં આયો અતી;
બાપુ મીયાં વિવા આજ, મંગલ મનાયો હે.

૨

સને તેર તેતીસકી, શાલ હીજરી ગીનાઈ;
શુભ હે સફ્ર માસ, ચાંદ ચોવી ગાયો હે.
સગે સરબંધ બીચ, આનંદ મનાયો અતી;
નિજ ભ્રાતૃઓમેં આજ, આલ્હાદ ઉત્સાયો હે.
જેનખાન જશવંત, જગમેં જાહીર જાણું;
ભ્રાત ઓર સખા શુભ, સબંધ જણાયો હે.
મનકી મુરાદ જાકી, સફ્ળ જણાઈ આજ;
જશવંત જેનખાન, હર્ષ ઉર આયો હે.

આમિન.

લી.

કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.

દસાડા, કાઠીયાવાડ.

તા. ૧૨-૧-૧૫ મંગળવાર.



પાલણપુર રાજકવિ લખીધીરે ડાહ્યાલાલને આપેલ પાદપુર્તિ "માનને ઘટાડનાર ધંધો માગવાનો છે" તે ઉપરથી કવિ ડાહ્યાલાલે નીચેનું કવિત તૈયાર કરી આપ્યું.

કવિત.

આપ પાસ અર્જ કરૂં, સાંભળોને સ્નેહ કરી;
મમતા મુકોને યારો, જુગ જાગવાનો છે.
પારકી ન આશ કરો, પગલાં પાછળ ધરો;
નફટ ધંધો એ સદા, દિલ દાઝવાનો છે.
માન અપમાન થાય, પુરૂષની પતીત જાય;
આપણે સહુએ હવે, તેહ ત્યાગવાનો છે.
ડાહ્યાલાલ સત્ય દાખે, લાખાજીની કહું શાખે;
માનને ઘટાડનાર, ધંધો માગવાનો છે.

દરબારશ્રી જેનખાનજી સાહેબની ઈદની સ્વારીનું વર્ણન.

દસાડા, તા. ૧૩-૮-૧૫.

કવિત.

કીનીહે તીહારી જબ કુતબા પડનેકે કાજ,
દીનો જબ ડંકો તબ સ્વારી શુભ ચડી હે;
ચોપદાર હાકલ જયું હાકેમકી પાસ હુઈ,
નગારાં નીશાન ધુમ આકાશપેં અડી હે.

પોલીશકી પ્રેટ હુકે આનંદ અપાર દીસે,
સ્વારીકી બધાઈ શુભ સર્વ ચિત્ત ચડી હે;
જેન દરબાર કેરી સ્વારી દેખનેકે કાજ,
નર ઓર નારી સહુ ખાસ આજ ખડીહેં.

૨

સુંદર સવારી જોઈ સર્વકું આનંદ હોત,
જેનખાં રાજન આજ શોભા બહુ સારીહે;
ડોસુમીયાં સાથ મહીં શેરૂમીયાં શોભતહે,
સવારીકી શોભા આજ હાકીમ હજારીહે.
ઢોલ શરણાઇ બાજે અધીક આનંદ દેત,
સવારીકી બીચમેંહી સદા સુખકારીહેં;
કહે ડાયાલાલ કવિ આજકો આનંદ અતી,
માતુ આબ્જુબાકે દીલ હર્ષ બહુ ભારીહે.

૩

રૂકૈયાં બીબી સાહેબ ઉરમેં આનંદ ઓત,
રોજીદકી બંદગીમેં સદા સુખકારી હેં;
અન્ય દરબારી સહુ આનંદમેં આએ અતી,
કુતબા પડનેકી આજ સર્વકી તૈયારી હે.
દસ્તગીરકો નીશાન સર્વસેં અગાડી દીસેં,
અત્યંત આનંદ આજ ઇદ પુર્ણ પ્યારીહે;
ડાયાલાલ દિલમેંહી આનંદ અપાર ભયો,
જેનખાં રાજન આજ આશિષ અપારી હે.

આમિન !

મદ્રેસા મહોત્સવ.

દોહરા.

મદ્રેસા ઉત્સવનો ઉજ્વળ દિવસ આજ,
આનંદસૌના ઉરમાં મળ્યો સકળ સમાજ.

કવિત.

પુરણ પ્રતાપી યશ જેનખાં રાજન તેરો,
દસરથપુરે તેને નામ શુભ કીનો હે;
શિશુકું સુબિધ્યા દીની સત્યકો પ્રકાશ કીનો,
મલેક રાજન એ તેં લક્ષ લાવ લીનોહેં.
સખાવત સમો કોઇ લાવ દુનિઆમેં નાંહીં,
ઓહી તત્વહુકો તેને સિદ્ધાંતસુ ચીન્યોહેં;
ડાહ્યાલાલ સત્યકેવે આશિષ અપાર દેવે,
મલેક રાજન રૂડો કલ્પદાન કીનોહે.

દોહરા.

ઇચ્છા સરવે આપની સફળ કરો જગદીશ,
સહુ કુટુંબ સુખી રહો એવી અમ આશિષ.

આમિન !

લી૦

કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.

દસાડા—કાઠીઆવાડ.

તા. ૧૮-૬-૧૬ રવીવાર.

દરબારશ્રી જેનખાનજી સાહેબ બહાદુરની કુતબો પડવાની સ્વારીનું વર્ણન.

ઈદ મુબારક.

કવિત.

કીનીહે તીહારી જબ કુતબો પડને કે કાજ,
દીનો જબ ડંકો તબ સવારી સુ ચડીહે;
ચોપદાર હાકલ જયું હાકેમકી પાસ હુઈ,
નગારાં નીશાન ધુમ આકાશપેં અડી હે.
પોલીશકી પ્રેટ શુભ સર્વકું આનંદ દેત,
જેનખાન રાજનકી સ્વારી એસેં ચડીહે;
ડાહ્યાલાલ કેવે શુભ રાયકી સવારી જોવા,
નર ઓર નારી ઓહી ખાસ આજ ખડી હે.

૨

દોડતા તોખાર ઓહી મૃગકી સમાન દેખા,
ચાલતા તોખાર ઓહી હંશકી સમાન હે;
ચાતુરંગ સૈન્ય હુકી ચાતુરી દેખેંહી કાજ,
નર ઓર નારી સહુ ગીચ ગુલતાન હે.
સજ્જન શૃંગાર ધરી સંગ મહીં ચલત હે,
અત્યંત આનંદ આજ મલેક મુલતાનહે;
ડાહ્યાલાલ વદતહે સરસ સવારી મહીં,
ગાડી બીચ શોભે એહી રાય જેનખાનહે.

આશીર્વાદ.

કવિતની ચાલ.

જાહીકો જશ જગમેંહી સદા જામતહે,
જગત નીભાવનાર જગમેં ગવાયો હે;
અખીલ બ્રહ્માંડમહીં આણુ જાકી જામી રહી,
સચરાચર સર્વ દાતા જ્ઞાની મુખ ગવાયોહે.
સાગર સ્વભાવ જાકો સર્વ સુખદાઈ જેહી,
પીર પીગામ્બર મુખ ગરીબનીવાજ ગવાયોહે
ઓહી આપકુંહી સદા આનંદ બઢાવે અતી,
જેનકું આશિષ ડાહ્યો પ્રેમીફલ પાયો હે.

આમિન !

લી૦
કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.

તા ૨૧-૭ ૧૭. દસાડા—કાઠીઆવાડ.

દરબારશ્રી જેનખાનજી સાહેબની ઈદની સ્વારી.

ઈદ મુબારક.

કવિત.

ઇદકી સવારી આજ આનંદ અપાર ભયો,
જેનખાં રાજન તેરી શોભા બહુ ભારી હે;
નોબત નિશાન શુભ ડંકાકો દેખાવ એસો,
આનંદ ઉત્સાહ વાધે સ્વારી સુખકારી હે.

પોલીશ પરેટ સાથ આનંદે આવાર દેખા,
સુરા જેનખાન તેરી સ્વારી પુર્ણ પ્યારીહે;
ડાહ્યાલાલ દિલકી આશિષ નામદાર શુભ,
આજકી સવારી નામદાર બહોત સારીહે.

ઇંદ્રકી સવારી કેસી પેરેં કહો ડાહ્યાલાલ ?
શ્રવણે સુણાવું જેસી કાવ્ય ઉર ધારીમેં;
વરસ્યા રૂતુ હે ખાસ ઈંદ્રકી સવારી પર્વ,
ડંકા નિશાન બેન્ડ દેવકી સવારીમેં.
ગર્જના ઉપમાહે ગન મેઘાડમ્બર છત્રપહેં,
વીજળી ચમકાર ગન છુટે જોયું ધારીમેં;
વરસાદકી ધારા છુટે તેસી પેઠે છુટે દામ,
જેનખાં રાજન તેરી ઈંદ્રકી સવારીમેં.

આમિન !

લી. આશ્રીત સેવક,
કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.
દસાડા-ઝાલાવાડ.

તા. ૨૮-૯-૧૭ ઇસ્વી.

દરબારશ્રી જેનખાનજી સાહેબનો
શાલગીરા ઉત્સવ.

કવિત.

સને તેર સતીશકી શાલતો જણાઇ શુભ,
જાહીર જીલહજ માસ ચાંદ તેર આયોહે;
દસાડા રાજન ગુણુ બેશ જેનખાન તેરા,
શાલીગરા દિન જગ જાહિર જણાયોહે.
પ્રભાતમાં પ્રેમકો ઉત્સાહ સર્વ વ્યાપી રહ્યો,
નગારાં નિશાન ડંકો શ્રવણે સુણાયોહે;
જેનખા રાજન તેરા જશકો પ્રવાહ આજ,
કહે ડાહ્યાલાલ કવિ ઉજવળ ગણાયોહે.

દિનદિન વૃદ્ધિ યશ જેનખાં નૃપાળ તાકો,
શાલીગરા દિન આજ સુવર્ણ ગણાયોહે;
નીજ રાજનીતિ રિતિ કિરણુ પ્રકાશ કીનો,
ઓહી સુ સ્વભાવ તેરા ભાવસેં ભણાયોહે.
વસ્તીકો સુધારો કીનો વિધવિધ મદદ દીનો,
ઉત્તેજન અચ્છી પેરેં શ્રવણેં શુણાયો હેં;
ઘોડાકી શરત કીની ઇનામ અપાયો શુભ,
જેનખાં રાજન જશ જાહીર જણાયોહે.

નામદાર દરબારશ્રી જેનખાનજી સાહેબ બહાદુરને બેસતા નૂતનવર્ષે ૧૯૭૪ કાર્તિક શુકલપક્ષ પ્રતિપદા ગુરૂવાસરે આશિર્વચન.

કવિત.

દીવાળીકો દિન આજ, આનંદ અપાર ભયો;
જેનખાં રાજન આજ, શોભા બહુ સારી હે.
ડોસુમીયાં સંગ મહીં, શેરૂ મીયાં શોભત હે;
વસ્તીને વિશેષ દર્શ, સદા સુખકારી હે.
પ્રભુકો પ્રતાપી અંશ, શાસ્ત્રમાં લેખાત રાય;
બેસતા વર્ષપે એહી, દર્શ લાભ ભારી હે.
ડાહ્યાલાલ સત્ય કેવે, આશિષ અપાર દેવે;
સત્ય કે સ્વરૂપ તેરી, સુર્ત પુર્ણ પ્યારી હે.

આમિન.

કવિત.

પ્રિય દર્શ પાયો મોકું, આનંદ અપાર ભયો;
જેનખાં રાજન તેરી, સુર્ત બોત સારી હે.
જશકો જહાજ તુમ, દાનમેં દરિયાવ દેખ્યો;
નતિમેં નીપુણ તેરી, પ્રીતિ બહુ ભારી હે.
અમીર ઉમ્રાવ ઓર, પ્રજા ઉપરેં કો પ્રેમ;
સગે સરબંધ બીચ, પ્રિતિ પુર્ણ પ્યારી હે.

ડાહ્યાલાલ સત્ય કેવે, આશિષ અપાર દેવે;
મહિપતી તેરી મોજ, સદા સુખકારી હે.

૨

આચ્છોબા માત, સાક્ષાત હે દેવાંશી અંશ;
દાનમેં દાતાર જેની, કિર્તિ બહુ ભારી હે.
જાડેજા જે કુળ. ઓહી, ક્ષત્રિમેં પ્રતાપી જેહુ;
મોસાળ પક્ષકો અંશ, સદા સુખકારી હે.
શ્વશુર પક્ષકો માન, જગમે જાહીર જાણું;
રાણીજી સ્વભાવ સત્ય, નીતિ પૂર્ણ પ્યારી હે.
સહકુટુંબ સુખી રહો, સદા જેનખાન નૃપ;
તેરા પ્રેમ કે પ્રસાદેં, સર્વકો આભારી હે.

દોહરા.

દસરથ કે દરબાર તુમ, સદા રહો સુખ માંય;
આશિષ ડાહ્યાલાલકી, ધરજ્યો ઉરકી માંય.

આમિન.

શ્રીમન ચિરંજીવી પ્યારા બીબી સાહેબની
બિસ્મિલ્લાહનો આનંદોસ્તવ.

કવિત

સને તેરછતીશકી, શાલ તો જણાઈ શુભ;
રબીઉલઆખીર માસ, ચાંદ ચોવી આયોં હેં.
બિસ્મિલ્લા પડાઈ પ્રિતેં, પ્યારા બીબી સાહેબકું;
સર્વને અપાર હર્ષ, પૂર્ણ ફળ પાયો હેં.

ગાન તાન માન મહીં, પ્રીત સરવ કોઇ;
સરસ ઉત્સાહ આજ, સર્વે ઉર છાયો હે.
ડાહ્યાલાલ સત્ય કેવે, આશિષ અપાર દેવે;
જેનખાં રાજન મેને, સત્ય ગુણ ગાયો હે.

હરિગીત.

દરેક લીટીનો પહેલો અક્ષર વાંચો.

પ્યારા પ્રભુ આનંદ આજે, આપીયો પ્રેમે ઘણો;
રાજનશ્રી જેનખાનના, દરબારમાં આનંદ ઘણો.
બિસ્મલ્લા શુભ પ્રિતથી, પડાઇ આજે પ્રેમથી;
બિબિ પ્યારોની બિસ્મિલ્લા, વધાઇ આજે સ્નેહથી.
સારો દિવસ આજે ભયો, દિવાળી દિન ગણાય છે;
હેત વ્યાપે સહુના ઉરમાં, પ્રગટ પ્રેમ જણાય છે.
બહુ વિદ્દની વધાઇ આજે, પરસ્પર થાય છે;
નિશાળીયાને હોંશથી, ઇનામ શુભ અપાય છે.
બિસ્મિલ્લાના શુભ લ્હાવમાં, ભોજન શુભ જમાય છે;
સ્મિતહાસ્ય છે સહુના મુખે, જેહો દિલમાં ઉભરાય છે.
લાખો ઘણેરો લાવ આજે, પૂર્ણ સોકો પામીયા;
હરદમ હર્ષ જણાય સહુના, ઉર આનંદ જામીયા.
મુબારકી સહુને પરસ્પર, પ્રેમથી આપે ઘણી;
બા આચ્છોને આનંદ, ઉરમી ઉરમાં આવે ઘણી.
રહો અધિક આનંદ સર્વદા, આશિષ ડાહ્યાલાલ કે;
કરતાર જગદાતાર, મનવાંચ્છીત ફળ શુભ આપજે.

દોહરા

આવા દિવસ ઉજળા, આપો શ્રી જગદિશ;
ડાહ્યાલાલની વિનતી, સફળ કરો હે ઈશ.

આમિન.

કવિત્ત.

પ્યારા પ્રેમાળ પ્રિતેં, નિર્ખુ દિવાન શુભ;
પ્રેમશંકર નામ જેહી, ગુણવંત જ્ઞાની હેં,
રાત દિન સ્વામી કી, સેવામેં તૈયાર જેહીં;
કામકાજ કરવેમેં, જરા નહીં ખામી હેં.
સરસ સ્વભાવ જેહી, માનું હું મીલનસાર;
પ્રજા ઉપેં પ્યાર રખે, દયાવંત દાની હેં,
શાણા સુજાણ જેહી, શોભે દરબાર મહી:
રાત દિન સત્ય વાત, સદા મનમાની હેં.

ઈચ્છાભાઇ દિલ જેહી, સદાહે આનંદ મહીં;
નાયબ દિવાન એહી, સદા ગુણવાન હે,
સરસ સ્વભાવ જેહી, સદાહી પ્રેમાળ પેખું;
વસ્તીપેં વિશેષ પ્રિય, જેનું શુભ માન હે.
વહીવટદાર લક્ષ્મીશંકર શુભ નેમ થકી;
કરે દરબારી કામ, જેહી ગુણવાન હે.
રમણુલાલ જેહી શુભ, એકાઉન્ટર જણાય એહી;
ગુણીહે આહક જેનૃ, સદા શુભ જ્ઞાન હે.

નુરમહમદ જેહી, સદાહી હે નેકવંત;
કરે દરબારી કામ, હાંશ તે હુજારી હે.
રાત દિન સ્વામિકી, સેવામેં તત્પર જેહી;
શાન્ત હે સ્વભાવ જેહી, સદા સુખકારી હે.
હરિપરસાદ ઉચ્ચ, હોંશી તો જણાય જેહી;
સરદારભાઇ શુભ, ગુણ તે અપારી હે.
ગુલામમહમદ જેહી; રાજકાજમેં નીપુણ;
શાણા ને સુજાણ આજ, સર્વ દરબારી હે.

♠ ♠ ♠ ♠

મામા કલ્યાણસિંહ, કામ દરબારી કરે;
સતત પ્રયાસ જેનો, સ્વભાવ બહુ ભારી હે.
અહોનિશ કામ માંહી, નિપુણ સદાય જેહી;
ભાણેજ સેવામાં જેહી, સદા સુખકારી હે.
જાડેજા વિર બળાધિર, જ્ઞાન ગુણ જેહી;
લક્ષણ સદાય શુભ, સદા ગુણકારી હે.
નીતિ હે નિપુણ નેક, જાણું હું જરૂર જેહી;
શાન્ત હે સ્વભાવ જેહી, સદા રીત સારી હે.

♠ ♠ ♠ ♠

પ્રથમ વહીવટી કામ, કરી તુળજાશંકર;
પ્રાંતમેં વકીલ હાલ, ગણાય દરબાર કે.
સદાય પ્રકૃતિ શુભ, શાણા સરદાર એહી;
ગુણી હે વકીલ જેહી, નૃપકે આભારપે.

ડોલરરાય એ શુભ, દરબારી વકીલ જેહી;
કરે દરબારી કામ, આનંદ અપારપેં.
સદાય પ્રકૃતિ શુભ, જણાય છે શાન્ત જેહી;
સર્વહી નોકર આજ, નેકી ગુણસાર હેં.

આમિન.

કવિત્ત.

આચ્છોબા માત મેરી, વાત સુણો સ્નેહ કરી;
આપને કીયાતા માટે, જાકડામેં લાયા હું.
ઇચ્છા મેરી એસી હુઇ, દીદાર કરનેકું જાઉં;
સત્વર કરકે કામ, વેગે વેલા આયા હું.
ડોસુંભાઇકું વેગે કીયા, દજુકું સુણાઇ દીયા;
વહીવટદાર પાસ, તુર્ત લાભ પાયા હું.
બંદોબસ્ત તુર્ત કીયો, જાકડો ભરાઇ દીયો;
આનંદે ઉત્સાહેં મેં તો, ફીર પાછા આયા હું.

કામદાર પ્રેમશંકરભાઇનો શાન્ત સ્વભાવ.

ચોપાઇ.

સ્વસ્તિશ્રી ઉભડા શુભ ધામ, જનખાનજીનું શુભ ગામ;
તારીખ સતાવીશ જણાય, મે માસ અઢાર ગણાય.
માંખળ શુભ જણાઇ જ્યાંય, પ્રિત થકી પેઠો હું ત્યાંય;
પ્રેમી પ્રેમશંકરભાઇ ત્યાંય; નીમતાણો લેછે શુભ જ્યાંય.

ગામના મળીયા છે સૌ લોક, નીમતાણુાનો જોવા નોક;
કામ ચાલે છે રૂડી પેર, સત્ય તોલની ચાલે લેર.
પટલીયા ને પુરના લોક, વિનતિ કરવાનો જે શોખ;
વિનતિ કરે છે વારમવાર, કામદાર સુણે ધરી પ્યાર.
બાળક વૃદ્ધ આવે સૌ કોય; માન થકી બોલાવે તોય;
અરજ સાંભળે પ્રેમજ કરી, વારમવાર કહે છે ફરી.
ઉતાવળે બોલે સૌ લોક, હોંશે સાંભળવાનો શોખ;
સાંભળી શુભ ખુલાસો કરે, ધીમાશથી વાણી ઉચ્ચરે.
બાર બજ્યાનો ટાઇમજ થયો, નીમતાણો ત્યાં પુરો ભયો;
નીમતાણો થયો શુભ પેર, આનંદે સૌ ચાલ્યાં ઘેર.
કામદાર ઉતારા માંહી, પ્રેમશંકર આવ્યા છે ભાઇ;
જમવાનો ત્યાં વખતજ થયો, પ્રેમ સાથ હું જમવા ગયો.
તોળાટી સાથે કેવાય, જમતાં આનંદ અધિકો થાય;
જમીને બેઠા કરવા કામ, કામદાર પ્રેમી શુભ નામ.
પુરના પ્રેમે આવ્યા લોક, હિસાબ કરવા થોકે થોક;
હિસાબ સરવે શ્રવણે કાન, સમજાવે આપી શુભ ભાન.
સમજાવતાં તો રાતજ પડી, દીવાબતી ત્યાં નજરે ચડી;
વાળુ કરવા ચાલ્યા લોક, જલદી આવ્યા થોકે થોક.
હિસાબ સઉનો પુરો થયો, જમીનનો સુધારો ભયો;
વંચણુ પ્રિતે કીધી સાર, બાર બજ્યા પ્રિતે નીરધાર.
એમ કરતાં રાત અરધી થઇ, કલાક એક તે ઉપર ગઇ;
સરવને સમજાવી સાર, પોઢવાને ચાલ્યા ધરી પ્યાર.
પોઢયા છે પ્રિતે શુભ નામ, ત્યાં આવ્યા જણ બે શુભ કામ;
અરજ કરવાનું છે મન, જગાડયા છે હુલાવી તન.

કામ તણું જણાવ્યું નામ, અરજદાર બેઠા તે ઠામ;
મોડા પોહચાતા શુભ વિર, તોપણ વાત શુણી રણધીર.
ક્રોધ નવ કીધો નીરધાર, શાન્ત કર્યા છે અરજદાર;
જોતાં મુજને આનંદ થયો, સરલ સ્વભાવ મુજ મનમાં ભયો.
ધન્ય રૂડા આવા કામદાર, સદા સારો ચાલો કારભાર;
એવો મુજને આનંદ થયો, પ્રિતેં હું પથારી ગયો.
પથારીમાં શુભ આનંદ થાય, કામદાર શુભ શાન્ત ભણાય;
જેથી કવિતા કરી શુભ પેર, આનંદ આવ્યો અદકી લેહેર.
કવિતા કીધી છે શુભ પેર, સ્વભાવ શાન્ત જોઇ તે લ્હેર;
ડાહ્યાલાલ કવિતા શુભ કીધ, અત્યંત આનંદ ઉરમાં લીધ.
આશિષ આપું વારમવાર, કામદાર સુખ પામો સાર.

તથાસ્તુઃ.

કવિત.

સ્નેહ[1] જાકો અર્થ થાય ગણુપતી[2] કો જે પીતાય,
ભાગ્યવંત[3] અર્થ જેહી નામકો જણાય છેઃ
કરૂણાહે[4] જાકો નામ બાણુ[5] હીકો કિનો કામ,
દોઇ વાકય[6] જોડી જેહી નામ[7] તે ભણાય છે.
શુભ[8] જેમાં અર્થ ભયો બડા[9] કી પદવી ભયો,
દસરથપુરેં જેનો જશ તે ગણાય છેઃ

૧ પ્રેમ. ૨ શંકર. ૩ દિ+વાન દિ=દિવસ+વાન=વાળો=દીવાળો કે ભાગ્યવંત. ૪ દયા. ૫ શંકર. ૬ દયાશંકર. ૭ દયાશંકર. ૮ જે. ૯ ખાન=જયખાન કે જેનખાન.

બન્નેની જોડી કેવાય સુખમાં રહો સદાય,
ડાહ્યાલાલ દીલ થકી આશિષ કેવાય છે.

તથાસ્તુ.

વીસાવડી ગામમાં જૈનપરાની રચના.

ચોપાઇ.

પ્રભાતેં વિચારજ થયો, જૈનપરૂં જોવા હું ગયો;
ભુપતને મેં સાથે લીધ, વિચાર મુજ જણાવી દીધ.
સરોવર કાંઠે દીઠું સાર, જેની શોભાનો નહિ પાર;
એક મોતીયે ઘર દેખાય, જોતાં આનંદ અધિકો થાય.
ઘર બાંધ્યાં છે રૂડી પેર, જાણે સુંદર બાંધ્યું શેહેર;
ચોક રૂડા ને શેરીસાર, જાણે પાટણપુર બજાર.
નીરખી આનંદ મુજને થયો, દરેક ઘર જોવાને ગયો;
દરેક ઘરનો નકશો જેહ, સગવડથી બનાવ્યો તેહ.
કામ કરે છે નરને નાર, જેના હરખતણો નહીં પાર;
કામ કરતાં ગાએ ગીત, જેનું ચોટયું છે શુભ ચિત્ત.
હોંશોંથી હાલરડાં ગાય, પેખી પારણાંની શોભાય;
સુતાર દીઠા કરતા કામ, જેને મુખ પ્રભુનું નામ.
પ્રભાતીયાં પ્રિતેથી ગાય, જે સાંભળતાં આનંદ થાય;
બાળક નાનાં પ્રિતેં રમે, જે જોતાં સોકોને ગમે.

ગાય ભેંસ ને બળદ દેખાય, જેની કિંમત શુભ લેખાય;
જોઈ હીંચોળાની શુભ ખાટ, પ્રિતેં બાંધી આનંદ માટ.
પરસ્પર બોલે નરનાર, જેનપરૂં બન્યું બહુ સાર;
વાહ જેનખાં શુભ રાજન, રાજી કર્યા સરવનાં મન.
સંકડાશની તો ભાવડ ગઈ, મન માનતી મોકળાશજ થઇ;
એમ સહુ વખાણુજ કરે, તાળી દઇ આનંદે ફરે.
જેનાં રાજી છે બહુ મન, સુખીયાં જેનાં દીસે તન;
નીરખી મુજને આનંદ ભયો, જૈનપરૂં જોઇ ખુશી થયો.
જેનપરાનો નકશો જેહ, હજુરનો બનાવેલ તેહ;
જેમાં ખામી નહીં લગાર, પ્રેમશંકર પણ બહુ હુશિયાર.
ઉતાવળથી કીધું કામ, અરજણ ઓડતણું છે નામ;
ટુંક મુદતમાં પુરૂં થયું, સરવનું દિલ ખુશી થયું.
આવું પરૂં જોઈ શ્રીકાર, આવ્યો ઉતારા મોઝાર;
કામદાર પ્રેમશંકર જેહ, કામ શુભ કરતાતા તેહ.
તેમની પાસ આનંદે ગયો, વાત કરી ખુશી હું થયો;
પ્રેમશંકરભાઈ પ્રેમી જેહ, પ્રિતથકી બોલ્યા છે તેહ.
પરૂં શુભ બન્યું આવાર, જેની શોભાનો નહિ પાર;
જેનપરૂ પાડયું શુભ નામ, જેનખાનજીનું શુભ કામ.
ડાહ્યાલાલ આપે આશિષ, સદા સુખી રાખોજી ઇશ;
જેનખાન વિચારજ જેહ, સદા સફળ કરોજી તેહ.

આમિન.

શ્રીમન કુંવરશ્રી મહમદ અઝીઝખાનજી સાહેબની

શાલગીરાનો આનંદોત્સવ.

ઈશ્વીસન ૧૯૧૮ જુન તા. ૨૧ શુક્રવાર (જુમ્મા.)

દોહરા.

આજે આનંદ સર્વને, કહેતાં નાવે પાર:
શાલગીરા કુંવર તણી, વધાઈ સુણી સાર.
ઉજવળ દિવસ આજનો, ધન્ય ઘડી પળવાર:
વર્ષ એક પુરૂં થયું, પુરણ વાધ્યો પ્યાર.

હરિગીત.

૧ મહમદ અઝીઝખાનજી પ્રતાપ જગમાં જામજ્યો:
કુંવર શ્રી જેનખાનના અપાર સુખો પામજ્યો;
વૃદ્ધિ સદા વિદ્યા તણી, વિધ વિધ થાજ્યો ઈશજી,
મહમદ અઝીઝખાન સુખમાં રાખો શ્રી જગદીશજી.

૨ સદાય સારા પુણ્ય પ્યારા, વસ્તીને વાલા ઘણા,
શુભ શાલ ગીરા આવતાં આનંદ માંહી નહિ મણા;
માતુ આચ્છોબા ઉરમાં આનંદ છે બહુ બેશજી,
મહમદ અઝીઝખાન સુખમાં રાખો શ્રી જગદિશજી.

૩ દરબારમાં મુબારકી બહુ હોંશથી શુભ થાય છે,
સૌ નગરનાં નરનાર આનંદ લ્હેરથી છવાય છે:

પરસ્પર વધામણી શુભ સ્નેહ વાધે એશજી,
મહુમદ અઝીઝખાન અવિચળ રાખો શ્રી જગદિશજી.

૪ ખાનપાનની શુભ ખુબીયો વાજીંત્ર વિધવિધ થાય છે,
લાણું સદા શુકન તણાં શુભ સર્કરા વહેંચાય છે;
વિદ્યાર્થીને પ્રેમથી ઇનામ આપ્યાં અધીશજી,
મહુમદ અઝીઝખાન સુખમાં રાખો શ્રી જગદિશજી.

૫ સખાવતો શુભ સ્નેહથી આનંદ આજે અપાય છે,
સૌ નગ્રમાં વધામણી વાહ વાહ સૌ મુખ થાય છે;
કિરતી સદા કુંવર તણી, વાધો અધીકી ઇશજી,
મહુમદ અઝીઝખાન સુખમાં રાખો શ્રી જગદિશજી.

દોહરો.

આવા દિવસ ઉજળા સદા દીયો જગરાય,
જેનખાન દરબારમાં અધિક વધાઇ થાય.
મનવાંચ્છિત ફળ આપજ્યો સદા જગતના ઇશ,
આશિષ ડાહ્યાલાલની સફળ કરો જગદિશ.

આમિન.



ઈદ મુબારક.

શ્રીમન દરબારશ્રી જેનખાનજી સાહેબ બહાદુરની રોજીદની સ્વારીનું વર્ણન.

સંવત ૧૯૭૪ અસાડ સુદ ૩ તા. ૧૧-૭-૧૮ ઈશ્વી.

કવિત.

કીનીહેં તીહારી જેન કુતબા પડનેકે કાજ,
આનંદ અપાર ભયો સરવ દરબારમેં;
દસ્તગીરકો નિશાન પેખ્યો પુર્ણ પ્યાર મહીં,
ડંકાકો અવાજ શુણ્યો જેનલ દરબારમેં.
અમીર ઉમ્રાવ સહુ હોંશ ભર હાજરહે,
ગાડી ઘોડા મોટર તે પેખું પુર્ણ પ્યારમેં;
કહે ડાહ્યાલાલ કવી આનંદ અપાર ભયો,
રોજીંદકી સ્વારી દેખી આનંદ અપારમેં.

૨

પોલીશકી પ્રેટ પેખી અત્યંત આનંદ ભયો,
વાજીંત્રકો શુર સુણી શાન્ત રસ છાયોહે;
માતુ આઍોબાકે ઉર આનંદ અપાર ભયો,
રૂકૈયાં બીબી સાહેબ પુર્ણ ફલ પાયો હે.
બેગમ સાહેબ આજ આનંદ અપાર દીસે,
પ્યારો બીબી સાહેબ તે શુભ રંગ છાયોહે;

કુંવર સાહેબ આજ, કાન્તીવંત જોયા શુભ,
કહે ડાહ્યાલાલ કવિ, ગુણુ આપ ગાયો હે.

દોહુરા.

દસરથ કે દરબાર તુમ, સદા રહો સુખ માંય;
આશિષ ડાહ્યાલાલકી, ઘરજયો ઉરકી માંય.

આમિન.

લી. શુભેચ્છક સેવક,
કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.
દસાડા, કાઠીઆવાડ.

તા. ૧૧-૭-૧૮ સવારના નવ.

દોહુરા.

આનંદથી આવીયો, આચ્છોબાની પાસ;
હોંશ કરી બોલાવીયો, આચ્છોબાએ ખાસ.
બેઠો આસન પ્રિતથી, પુરણુ ધરીને પ્યાર;
પ્રેમ કરીને બોલીયાં, આચ્છોબા નીરધાર.
શાલીગરા પૌત્રતણી, હતી વધાઈ સાર;
પ્રિત કરીને વર્ણવી, કાવ્યકળા નીરધાર.
દરબારી માણુસ સહુ, બેઠાં ધરી જે પ્યાર;
કાવ્ય સુણાવી પ્રેમથી, કવિએ ધરીને પ્યાર.
મનુભાઈ મુશાળ જે, હાંસુભાઇ કોઠાર;
મોતીભાઈ શુણે સચ, પુરો ધરીને પ્યાર.

દ્વારપાલ ગુલાબને, જે નાના મોટા વિર;
કાવ્ય સુણી રાજી થયા, ધારણવંતા ધિર.
વાલો દરજી વેગથી, બોલ્યા તેણી વાર;
કાવ્ય શુણાવી પ્રેમથી, ડાહ્યાલાલ નિરધાર.
દલા દરજી ત્યાંકણે, નોતા તેણી વાર;
વાલાએ સંભારીયા, પુરણ ધરીને પ્યાર.
માતુ આચ્છોબા તણા, માણુસ જે કેવાય;
શાણી સરવે સુંદરી, ઉરમાં આનંદ નવ માય.
રાજીયા બેગમ શાબને, ખાલા બીબી જેહ;
મેડી ઉપર સાંભળે, સારો ધરીને સ્નેહ.
શૌભાગ્યવંતાં રાણીજી, રૂકૈયાં બીબી નામ:
પ્રેમ કરીને સાંભળે, સુંદર કાવ્ય તમામ.
આનંદ ઉપજ્યો સરવને, હોંશ હૈયે નવ માય;
ડાહ્યાલાલના દિલમાં, હર્ષ કહ્યો નવ જાય.
આચ્છોબા ખુશી થયા, આપ્યું શુભ ઇનામ;
ડાહ્યાલાલના દિલનું, સરીયું સુંદર કામ.
રૂડા ઇદના દિવસે, ચંદરફ કવિતાય:
પ્રેમ કરી સંભળાવી જે, દાદા બીબી માય.
જેનખાન જશવંત તે, હુતા માતાની પાસ;
હુજુર તથા સહુ માણસો, શુણી સરવ પાસ.
આનંદ ઉપજ્યો સરવને, કેતાં નાવે પાર:
સર્વ જનના ઉરમાં, છે ઉત્સાહ બહુ સાર.

બક્ષીતખાં બહુ પ્રેમથી, આપે સૌને ધ્યાન;
જેસરખાં હાજર નહીં, જેનું અદકું માન.
દાદાંબીબી પ્રેમથી, આપ્યું શુભ ઇનામ;
કવિ પણ રાજી થયા, સરીયું સુંદર કામ.
હુજુર ઉઠયા હોંશથી, જેનલ જે જશવંત;
હાકલ ચોપદારે કરી, પુરણ ધરીને ખંત.
એવી રીતે સરવને, થયો આનંદ નીરધાર;
ડાહ્યાલાલકે દિલથી, પુરણ વાધ્યો પ્યાર.
આશિષ આપું સર્વદા, ભલું કરો જગદિશ;
ડાહ્યાલાલની વિનતિ સફળ કરો હે ઇશ.

આમિન.

રોજા ઈદ.

ઇશ્વી ૧૯૦૮.

મામા સાહેબ કાનજી શુણે ધરીને પ્યાર,
આલમખાં મામા શુણે હરખ હૈયા મોઝાર.
ડોસુભાઇનો દીકરો ભાઇ મીયાં છે નામ,
મુશાબતે કુંવરતણા શુણો ધરીને કાન.
નાના મોટા ઉશમાનને સીખી આદીક જેહ,
મોટર માસ્તર પ્રેમથી શુણે ધરીને સ્નેહ.

નથુભાઇનો દીકરો શુણે ધરીને સ્નેહ.
અલુ શુણે સ્નેહથી સરસ પ્રેમ છે જેહ.
દોલુભાઈ પણ દીલથી શુણે કવિતા સાર,
કોટવાલ વશરામને પુરણુ વાધ્યો પ્યાર.

જય થાઓ.

કવિત્ત.

પવિત્ર પ્રતાપી જેન, જશ જગ જામ્યો શુભ;
મલેક રાજન તાકો, નિત્ય નેમ ભારી હે.
દયા, દાન, સત્ય ન્યાય, ઉદારતા શોહે અતી;
ગંભીર હે ગ્નાન તાકો, નીતિ રીતિ સારી હે.
વિદ્યા કે વિલાસી વિર, સત્ય કે સ્વરૂપ જેન:
દાન સનમાન એહી, રીતિ પુર્ણ પ્યારી હે.
કહે ડાહ્યાલાલ કવિ, જેન દરબાર તાકી:
ધર્મ ધ્યાન હુકી રીતિ, બાત મુને પ્યારી હે.

૨

નીવાજકો નેમ તેરો, નિત્ય નિત્ય પેખ્યો શુભ;
નમ્રતા નીતિ સ્વભાવ, સત્ય ગુણ ભારી હે.
પેખી પુર્ણ પ્રિત કરી, વિદ્વાનોને આપી માન:
કદર કરો છો સારી, એહી ટેક ધારી હે.

ગરીબુંકી શુણી દાદ, મદદ આપો છો સદા;
જોર ભાકે નંદતાકી, વૃત્તિ સદા સારી હે.
કહે ડાહ્યાલાલ કવિ, વિચાર તમારા રાય;
સદા સત્વ ગુણી ઓહી, સર્વ સુખકારી હે.

દોહરા.

દસરથ કે દરબાર તુમ, જેનખાન ગુણ ધામ;
સતગુણમાં નીપુણ છો, સુયશ શોભે નામ.
નીતિ રીતિ આપની, જગમાં શુભ ગવાય:
પરઉપકારી કામથી, અધિક યશ ઝળકાય.
દયા દાન સત ન્યાય તેં, ધાર્યા ધારણ ધીર;
ઉદારતા તુજ અંગમાં, સદા શોભે બળ વિર.
એવા જેનલખાનને, વારંવાર આશિષ:
ડાહ્યાલાલકે દિલથી, ભલું કરો જગદિશ.

આમેન.

શ્રીમન નામદાર દરબારશ્રી જેનખાનજી સાહેબને ઈદ મુબારક.

તા. ૧૭-૯-૧૮ મંગળવાર.

કીર્તિ પ્રકાશ.

કવિત.

સુર્ય કે સમાન જાકો, જશ જગ જામત હે;
મેઘકી સમાન જાકી, મજા જગ જાન્યો હે.
ધીરમેં મેરૂ સમાન, શીતળતા ચંદ જેસી;
ઉદારતા આજ જાકી, હાતમ ગીનાયો હે.
ધર્મકે સમાન જાકી, સત્યતા જણાઈ સદા;
વચન પાળક વિર, માન્યવંત માન્યો હે.
કહે ડાહ્યાલાલ કવિ, જેન મહીપાળ આજ;
સાગર સમાન રાજ, ગંભીર ગણાયો હે.

૨

સુધારા સદાય જીસ, રાજ શોભે સત્ય ન્યાયે;
કાયદા કાનુન ધર્મ, રીત જગ જાણે હે.
રાજનીતિ રીતી સદા, શોભત હે સુવર્ણપે;
ધર્મ પ્રતિપાળ રાજ, સર્વકો પીછાણે હે.
જોરાવર નંદ સુખ કંદ, જશ જગતમેં;
કવિયન કાવ્ય સદા, સત્યસેં પીછાણે હે.
કહે ડાહ્યાલાલ કવિ, જેન દરબાર રૂડા;
કાયમ કચેરી તેરી, સતયુગ પ્રમાણે હે.

જય થાઓ-આમિન.

શ્રી જૈનાબાદમાં ઓરસ અને ઘોડાની સરત.

તા. ૧૮-૯-૧૮.

ચોપાઇ.

આજે આનંદ અધિકો તન, સરત જોવાનું છે મન;
જૈનાબાદ નામે શુભ ધામ, જેનખાનજીનાં શુભ ગામ.
ઓરસ પીર તણો કેવાય, સરવ લોક ત્યાં જોવા જાય;
જેનખાન તૈયારી થઈ, મોટર પલક માંહી ગઈ.
માણુસ મળ્યાં છે ભલી ભાત, ઓરસ જોવાની જે ખાંત;
પીરનાં દીદારજ થાય, ધારેલ કામ સફળ સહુ થાય.
ગીત ગાય છે નર ને નાર, જેના હુરખ તણો નહિ પાર;
વાંશળીયો પ્રીતે કોઈ વાય, શરોદા સારંગી થાય.
ઢોલ બજાવે રૂડી પેર, તાળ તણી આવે છે તેર;
શુભ વસ્ત્ર શોભે નરનાર, અલંકાર શોભે બહુ સાર.
હાટ મંડાયાં રૂડી પેર, જણુસ લેવાની છે લેર;
રમકડાં છે વીધ વીધ ભાત, બાળક સૌ લેછે ધરી ખાંત.
અન્ય જણુસોનો નહિ પાર, પ્રીતે લેછે નર ને નાર;
મીઠાઇ મનમાનતી વેચાય, લોક પ્રીતે લઇ રાજી થાય.
હજુરનો ઉતારો જેહ, ગગા વજીર ઘેર રાખ્યો તેહ;
કુંવરી સાહેબ જે ગુણધામ, પ્યારો બીબી છે શુભ નામ.
પધારીયાં હજુરની સાથ, ઓરસ જોવા છે ખાંત;
ચાર બજ્યા છે જેણીવાર, હજુર તરત થયા તૈયાર.

હજુરના શુભ માણુસ જેહ, પ્રીતે જોવા ચાલ્યા તેહ;
પ્રથમ દીદાર પીરનાં કીધ, પછી સરતની વરધી દીધ.
કાબરા કલંકી જેહ, ઘોડા પ્રિતે આવ્યા તેહ;
અરબ્બીને સિંધી સાર, ઈરાની પર આવે પ્યાર.
કચ્છી ઘોડા શોભે સાર, કાંઠીયાવાડી પાણી અપાર;
પંચ કલ્યાણી શોભા અપાર, પ્રીતે જોવે નર ને નાર.
સરતનો શુભ ડંકો થયો, અશ્વ સાથ ગોઠવાઈ ગયો;
ધીમી ચાલ હંશની જેહ, સારસ પેરે ચાલે તેહ.
દોડતા હરણ જણાય, ભાથાનું તીર જેમ જાય;
બંદુક ગોળી પેરે જાય, જે જોતામાં આનંદ થાય.
શેલંકા શોભે અશવાર, જેની શોભાનો નહીં પાર;
આનંદ સૌને અધીકો તન, સરત જીત્યાનું છે મન.
જેનખાનજી રાજા જેહ, પ્રિતથી જુવે છે તેહ;
મોર જનારનાં નામ નોંધાય, ગણુતરી પ્રિતેથી થાય.
ફોજદાર જેશંકર જેહ, બંદોબસ્ત રાખે તેહ;
ઈનામ પ્રીતે શુભ અપાય, જે લઈને સહુ રાજી થાય.
મારવાડી વીકાનેર જેહ, પ્રિતેં ઉંટજ આવ્યા તેહ;
પારકરને થળના સાર, જેની શોભાનો નહિ પાર.
કરલીયા દોડે બહુ સાર, સરત જીતે છે નીરધાર;
મરદાની ત્યાં સરતજ થઇ, તરત લેન ગોઠવાઈ ગઈ.
કોથળા પેરી દોડયા સાર, ઈનામ લીધાં છે નીરધાર;
આંખે પાટા દોડે વીર, આનંદે શુરા રણધિર.

છુટા પાર્ટિ દોડયા ત્યાંય, ઇનામ પ્રીતે શુભ અપાય;
આનંદ લીલા જામી રહી, નટ તણી તૈયારી થઈ.
રમત કીધી છે શુભ ત્યાંય, ઇનામ પામ્યા પલકજમાંય;
સરત ટાઇમજ પુરો થયો, કવિ કવિતા લઈને ગયો.
કવિતા વંચાણી જે વાર, હજુર દિલમાં હરખ અપાર;
કુટુંબી નશીબખાંભાઈ, સાથ પધાર્યા છે શુભ આહી.
કાનજીમામા રાજી થાય, કવિતા કવિતણી ગવાય;
હજુરને આવ્યો ઉમંગ, દારીદ્ર કવિનું કરૂં ભંગ.
ઇનામ પ્રિતે આપ્યું સાર, કવિ હૈયામાં હરખ અપાર;
અન્ય સખાવત કીધી સાર, રાજી કર્યા છે નરનેનાર.
આશિષ પ્રિતે આપે એહ, સદા સુખી રહોજી તેહ;
આશિષ કવિ આપે ધરી પ્યાર, સદા સુખી રહો નામદાર.

દોહરો

એવી રીતે સર્વને, આનંદ થયો અપાર;
ડાહ્યાલાલ વાણી વદે, વરત્યો જેજેકાર.

પવિત્ર પ્રતાપી જેની, સુરત જણાય જહાં;
અમીરસ નીગાહ જેની, સદાય જણાય છે.
દયાળુને દાન વિર, ઉદાર અપાર આજ;
સત્ય ન્યાઈ રાજા જેન, ભાવથી ભણાય છે.

ધર્મ પ્રતિપાળ આજ; વિદ્યા વૃદ્ધિ કરે કાજ;
પ્રજા પાળવાનો જેનો, દોરતો ગણાય છે.
એવા જેનખાનજીનાં, દિદાર કરૂં હું દિન;
ડાહ્યાલાલ વદે વાણી, કવિત બણાય છે.

આમિન.

લી. શેવક.
કવિ ડાહ્યાલાલ મહુશંકર જોશી.
દસાડા-કાઠીયાવાડ.

શ્રીમન નામદાર ચિરંજીવી કુંવરી સાહેબ શ્રી પ્યારો બીબી સાહેબની શાલગીરા ઉત્સવ.

તા. ૨૭-૯-૧૮.

કવિત્ત.

આજકો આનંદ મુને, અધીકો જણાયો શુભ;
કુંવરી પ્યારો બીબીકો, શાલીગરા દીન હે.
સરલ સ્વભાવ જાકો, મધુર હે વાણી સદા;
વીવેક વિદ્યામેં પ્યારો, પેખ્યાં મેં પ્રવીણ હે.
મંદમંદ હાસ્ય જેહી, શુદ્ધ હે ઉચ્ચાર જાકો;
પ્રેમાળુ સ્વભાવ સદા, નમ્રતા નવીન હે.
કહે ડાહ્યાલાલ કવિ, જેન ભાકે કુંવરીકો;
શાલીગરા દીન રૂડો, સર્વ કો તલ્લીન હે.

૨

આશિષ અમારી રાજ, પ્રેમસેં પ્રમાનો શુભ;
અલ્લા તાલા આપકો, આનંદ ખુખ આપેગો.
દાન સનમાન સદા, જેન દરબાર હુકો;
દેશ પરદેશ સહુ, પ્રેમસેં પીછાને ગો.
આચ્છોબા માત સાક્ષાત હે, દેવાંશી અંશ;
રાણીજી સ્વભાવ સત્ય, ધર્મ મોજ માણેગો.
પ્રતાપી કુંવરકો મેં, પ્રેમસેં નીહાળુ સદા;
નેકી ઓર ટેકી એહી, સદાહી પ્રમાણેગો.

દોહરો.

અલ્લા તાલા આપનું, સદા કરો કલ્યાણ;
આશિષ ડાહ્યાલાલની, માની લ્યો પ્રમાણ.

આમિન.

શ્રીમન નામદાર દરબારશ્રી જેનખાનજી સાહેબને

નવું વર્ષ મુબારક.

સંવત ૧૯૭૫ કાર્તિક શુકલપક્ષ પ્રતિપદા સોમવાસરે

ગીતી.

જશવંતા જેનખાન, જગમાં કીર્તિ સદાય તમ જામો;
દિન દિન ચડતી થાજયો, સહકુટુંબ અપાર સુખ પામો.

કવિત.

શાન્ત હે સ્વભાવ જેહી, સત્યતા સદાય શુભ;
પરમ પવિત્ર જાકો, જશ જગ જાન્યો હે.
દિલકો દરીયાવ જેહી, નીતિમેં નીપુણ સદા;
જોરાવર નંદ ઓહી, જેન મન માન્યો હે.
નોતિ ઓર રીતી જેહી, સદાય પવિત્ર શોભે;
રાજાકાજ મેંહી સદા, નીપુન પ્રમાન્યો હે.
કહે ડાહ્યાલાલ કવિ, દસાડા નૃપાલ જેન;
સુર્યકે સમાન જશ, જગેંહી પીછાન્યો હે.

૨

જેનખાન જશવંત, જગમાં જણાય શુભ;
મોતીલાલ કેરી જેણે, કદરતો કીની હે.
નોકરી પ્રમાણ જોઈ, ખાનદાન જેનરાયે;
ચાર હજાર રૂપીયાકી, મોજ મોટી દીની હે.
મોતીલાલ કેરા તન, રમણપેં કૃપા કરી;
એહી કારભાર જગા, માતૃ કેરી ચીની હેં.
કહે ડાહ્યાલાલ કવિ, જેન દરબાર તેરી;
ઉદારતા સદા એગ્રી, કીર્તિ આપ લીની હે.

૩

આચ્છોબા માત, સાક્ષાત હે દેવાંશી અંશ;
સદા દિલ ધર્મ પહેં, ધર્મ યશ દાની હેં.
સદાય સંતોષ ઓહી, સત્યમેં સદાય જેહી;
ધર્મ પતિપાળ માત, જ્ઞાન ગુણ ખાની હે.

સૌભાગ્યવંતાં રાણીજી તે, નીતિમેં નીપુણ સદા;
કુંવર પ્રતાપી જેહી, મોજ મન માની હે.
કહે ડાહ્યાલાલ કવિ, પ્યારો બીબી કુંવરી તે;
શાણું ને શુશીલ ગુણ, વચન પ્રમાની હે.

૪

કામદાર નામ જાકો, મણિલાલ જાણું શુભ;
નાગર સાગર ઓહી, ગુણવંત જ્ઞાની હે.
દીલ દરીઆવ જાકો, શુશીલ સ્વભાવ જેહી;
વિવેક અપાર જેહી, સદાય નીર્માની હે.
ખાનદાન કુળ મહીં, જનમ જણાય જાકો;
સદા સુવિચાર ઓહી, શાન્ત દિલદાની હે.
કહે ડાહ્યાલાલ કવિ, જેન મહિપાળ તાકો;
દિવાન વિદ્વાન શુભ, પવિત્ર પ્રમાની હે.

૫

એક અર્જ મેરી આપ, કચેરી કબુલ કરો;
નીતિ રીતી પાળો સહુ, નેમ ઉર ધારીને.
વિસવાસઘાત કેરો, તન મન ત્યાગ કરો;
આપ દરબાર રીતી, સદા ઉર ધારીને.
પાક દિલ રક્ખો સહુ, પુરણ પવિત્ર થઈ;
પ્રજા ને નોકર સહુ, વેગેં ચિત્ત વારીને.
કહે ડાહ્યાલાલ કવિ, સત્યગુણ રાખો સદા;
સંતોષ આપો સદાય, હાકેમ હજારીને.

આશિર્વચન.

જેનખાન જશવંતને, માતુ આચ્છાબા માત;
રાણી કુંવર કુંવરી, સદા રહો રળીયાત.

આમિન.

લી. શુભેચ્છક સેવક,
કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.

તા. ૪-૧૧-૧૮ સોમવારે. દસાડા, કાઠીયાવાડ.

શ્રીમન કુંવરશ્રી મહમદ અઝીઝખાનજી સાહેબની

રમણિય રમત.

તા. ૪-૧૧-૧૭ સોમવાર મશાલની સલામ પછી કુંવરશ્રીનું બીજું વર્ષ મુબારક ચાલતાં.

દોહરા.

કાગળ વરસે કારમા, હઝીઝખાનકે હાથ;
તે દેખી આનંદ ભયો, હરખ્યો સકળ સમાજ.
લક્ષ્મી લાખેણી તહાં, સુંદર ધરીને રૂપ;
કવિ કર આપી કારમી, અઝીઝખાનજી ભુપ.
આનંદ સૌના ઉરમાં, વાધ્યો અપરંપાર;
આશિષ ડાહ્યાલાલકી, વારમવાર હજાર.

આમિન.

લી. સેવક,
કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.
દસાડા-કાઠીયાવાડ.

શ્રીમન નામદાર દરબારશ્રી જેનખાનજી સાહેબને
આશિર્વચન.

સંવત ૧૯૭૫ કાર્તિક શુકલપક્ષ દ્વીતિયા માંગલ્યવાસરે. તા. ૫-૧૧-૧૮.

રાગ-મુજ ઉપર ગુજરી.

તમેં જેનખાન દરબાર મહા સુખ પામો,
તમ આનંદનો નહિ પાર સુજશ જગજામો.
તમ નામ સદા ગુણવાન શોભે છે સારૂં,
તમ રાજ્ય તપો રાજન પ્રજાને પ્યારૂં.
નીતી રીતી રાજન તમારી સારી,
ધર્મ ઉપર નામદાર પ્રીતી બહુ ભારી.
તમ પ્રજા પામે સુખ સદા સહુ સારૂં,
તમ રાજ્ય તપો નામદાર પ્રજાને પ્યારૂં.
નહિં વસ્તીને કાંઇ દુખ સુખી દીન જાએ,
દિન દિન આનંદ અપાર સુખી સહુ થાએ.
છો પંડીતના પ્રતિપાળ સદા ગુણ સારા,
તમેં સદા રહો સુખમાંય જેનખાં પ્યારા.
તમ રાજ્ય સભા નીપુણ સત્ય મેં ધારી,
તમ પર ઉપકારી કામ કરો છો ભારી.
સગાં સમંધી સહુ ગુણે બહુ સારાં,
તે ધર્મ નીતની રીતથકી ચાલનારાં.
દરબારી માણસ સહુ સદા શુભકારી,
નહિ અવગુણ નરકે નાર નીતિ બહુ સારી.

જોરાવરખાંના સુત શોભો છો સારા,
આચ્છોબા માતુ સદા તિર્થ રૂપ સારાં.
તમ રાણીજી ગુણવાન નિતી પાળનારાં,
શ્રીમન કુંવર ગુણવાન થજ્યો બહુ સારા.
કુંવરી સાહેબ ગુણવાન વાણી બહુ સારી,
સહુ કુટુંબ સાગર દિલ પ્રેમ ઉર ભારી.
કહે ડાહ્યાલાલ આશિષ સુખ બહુ થાજ્યો,
જશ જેનખાન દરબાર જગ ગવાજ્યો.

આમિન.

લી. સેવક,
કવિ ડાહ્યાલાલ મહુશંકર જોશી.
દસાડા-કાઠીયાવાડ.

નામદાર દરબાશ્રીને દીવાળી પ્રસંગ

ઉજવળ આશિર્વાદ.

સંવત ૧૯૭૫ કાર્તિક શુકલપક્ષ સપ્તમી રવીવાસરે.

કવિત્ત.

દસાડા દરબાર તુમ, સદા સુખમાંઇ રહો;
શુભ નિતિ રીતિ સદા, આપ પાળનારા હો.
દયા દાન નેક ટેક, જગમેં જાહીર હુઈ;
ખાનદાન જગમહીં, સદા શોભનારા હો.

દિલ દરીયાવ આપ, સત્ય હે સ્વભાવ જાકો;
દિન દિન સદ્‌વૃતિ, આપ ધરનારા હો.
કહે ડાહ્યાલાલ કવિ, દસાડા દરબાર તુમ;
સદા દિલ પાક રાખી, નેક વર્તનારા હો.

♠ ♠ ♠ ♠

દાદા નસીર ઓલાદ, સદા સુખમાંઇ રહો;
ખાનદાન શુભ સદા, સાગર સમાન હો.
દિન દિન વૃદ્ધિ શુભ, આપતણી ઇચ્છત હું;
દિલ દરીયાવ રાજ, સદા ગુણવાન હો.
સદાહે સ્વભાવ સત્ય, અસત્યે અભાવ જેહી;
પ્રજા પાળવે મેં સદા, આપ આગેવાન હો.
કહે ડાહ્યાલાલ કવિ, મલેક રાજન તુમ;
અમ શીરતાજ ઓર, સદા નિગેહુબાનહો.

દાહરો.

મલેક વંશી રાજવી સદા હજો કલ્યાણ,
આશિષ ડાહ્યાલાલની માની લ્યો પ્રમાણ.

આમિન.

લી. શુભેચ્છક શેવક,

કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.

દસાડા કાઠિયાવાડ.

તા. ૧૦-૧૧-૧૮. સવારના સાત.

વઝીર સાહેબ ઉસમાનમીયાં જાફરભાઇ.

દસાડા-જૈનખાનજી સ્ટેટ.

બહિર્લાપિકા.

મનહર.

ઉત્તમ વિચાર જેના, ઉરમાં જણાય શુભ;
સરસ સ્વભાવ જગ, જાહીર જણાય છે.
માનસીક વિચારો તે, વિદવતા ભરેલ ભાસે;
નમ્રતા સદાય જ્ઞાન, ગંભીર ગણાય છે.
મીજલસ સદા જેની, વિવેકી જણાય આજ;
યારી બહુ સારી સુજ્ઞ, જનોની ભણાય છે.
આદર આપે સદાય, આનંદ અપાર થાય;
વ્યાખ્યાન સદાય વાત, નીતિની છણાય છે.

૨

અચળ દ્રઢતા જેના, ઉરમાં વસે સદાય;
નેક ટેક સદ્‌વૃતિ, સદા ઉર ધારી છે.
આચાર સદાય જેના, પ્રભુ સુખકારી સદા;
નંદ જાફરકે ઉર, હોંશ તો હજારી છે.
દરેક મનુષ્ય જેના, ગુણનાં વખાણ કરે;
થરથરે લુચ્ચા ચોર, બીક જેની ભારી છે.
યોગ્ય ન્યાય આપે સદા, અનીતિ ન ઉરકદા;
છે વહાલાં નીતિ વેણ, રીતિ બહુ સારી છે.

દોહરા.

વઝીર શ્રી જેનખાનના, સદા રહો સુખમાંય;
આશિષ ડાહ્યાલાલની, સફળ કરો જગરાય.

આમિન.

દોહરા.

જેનખાન દરબારનો, ગ્રંથ લખ્યો શુભ કાજ;
વાંચી આનંદ પામીયો, સુજ્ઞ સકળ સમાજ.
આનંદ આજે ઉરમાં, કેતાં ન આવે પાર;
ભુલચુક ક્ષમા કરો, જેનખાન દરબાર.
પ્રિતિ પુરણ આપની, સદા રહો નામદાર;
આશિષ ડાહ્યાલાલની, વારમવાર હજાર.

તથાસ્તુ.



વધારો.

શ્રી જૈનાબાદ ઉત્સવ.

દોહરા.

સંવત સારો ઓગણી, પંચોતેર કેવાય;
ચૈત્ર વદી બીજને, વાર ગુરૂ ગણાય.
ઉત્સવ જૈનાબાદમાં, વરત્યો છે શુભ પેર;
ડાહ્યાલાલ કે દિલથી, આવે ઉરમાં લ્હેર.
સ્નેહી પધાર્યા સ્નેહથી, હર્ષ કચો નવ જાય;
પ્રજા વર્ગ સર્વને, આનંદ અંગ ન માય.

રાગ—દસરથપુર નામે શહેર દીસે છે સારૂં.

૧ તમે મહુમ્મદ અઝીઝખાન, મહા સુખ પામો;
તમ કીરતી દેશો દેશ, કુંવર શુભ જામો.
૨ છે આનંદ પુર્ણ આજ, સહુ મન છાજે;
દરબારે લીલા લ્હેર, સહુ દિલ રાજે.
૩ ઉત્સવ કીધો શુભ આજ, નગર નરનારી;
જૈનાબાદ મુકામ, ઉત્સવ બહુ ભારી.

૪ નવ સૈયદ પીર નામદાર, માનત શુભ કીધી;
સખાવત શ્રી જેનખાન, પુરણુ શુભ દીધી.
૫ નગરમાં નર ને નાર, પુરણુ જશ ગાએ;
વાજીંત્ર વિધ વિધ રાગ, ગુણીજન ગાએ.
૬ ઉચ્છરંગના સૌને ઓઘ, આવે છે ભારી;
છે પરસ્પર વધાઇ, નર ને નારી.
૭ જોરાવરખાંના સુત, જેનખાં રાજા;
છે દિલતણા દરીયાવ, સદા શુભ તાજા.
૮ માતુ આચ્છોબા માત, દિલનાં દાતા;
છે રાણીજી ગુણવાન, સદા દિલ શાતા.
૯ ઉજવ્યો છે રૂડા હર્ષ, જેનભા રાએ;
સૌ નગરીમાં નરનાર, જશ શુભ ગાએ.
૧૦ સખાવત કીધી સાર, પ્રીતિ બહુ સારી;
વાધ્યો નગરીમાં બહુ હર્ષ, નર ને નારી.
૧૧ દિલથી જોઈ ડાહ્યાલાલ, મહા સુખ પામ્યો;
સહુ પુર તણાં નરનાર, હર્ષ શુભ જામ્યો.
૧૨ હું આપું છું આશિષ, અર્જ આ વારી;
આવા રૂડા દિન રહો, સદા સુખકારી.
૧૩ જય રાજાશ્રી જેનખાન, સદા યશ પામો;
તમ કીર્તિ દેશો દેશ, રાજન શુભ જામો.

આ.મેન.

કવિત.

અલ્લાકો પ્રતાપ આપ, ઉપે અતી માન્યો શુભ;
જેનખાન રાય તાકો, જશ જગ જામ્યો હે.
જોરભા કે નંદ સુખ, કંદ જેનખાન રાય;
દિવ્ય જશ ડંકો તેરો, સદા વૃદ્ધિ પામ્યો હે.
નીતિ ઓર રીતિ તેરી, જગમેં જણાઈ શુભ;
પરોપકાર વૃત્તિ સદા, પ્રજા પ્રેમ પામ્યો હે.
કહે ડાહ્યાલાલ કવિ, જેન દરબાર તુમ;
મલેક રાજન સદા, સુયશ તું કામ્યો હે.

દોહરો.

આવી રીતે ઉજળા, આનંદ આપો ઈશ;
ડાહ્યાલાલની વિનતી, સફળ કરો જગદિશ.

આમિન.

જય થાઓ.

ભુજંગી છંદ-ચાલ.

૧ સદા શાન્ત વૃત્તિ નીતિ ગુણુ સારા,
પ્રજા પ્રતિપાળ દિલના ઉદારા;
સદા નીરમાની પવિત્ર અપારા,
રાજા જેન સર્વ પ્રજા દિલ પ્યારા.

૨ દયાવંત દાના સખાવત ભારી;
રૂડા ગુણુ ગાએ, સહુ નરનારી;

જેહી નામ સર્વ દિલે વસનારા,
રાજા જેન સર્વ પ્રજા દિલ પ્યારા.
૩ જેહી ન્યાય સર્વ પ્રજાસુ વખાણે,
નીરંતર વૃતિ સદા શુભ જાણે;
સદા કીધ વિદ્યા વૃદ્ધિના સુધારા,
રાજા જેન સર્વ પ્રજા દિલ પ્યારા.
૪ સદા સર્વ ગામે સખાવત સારી,
કીધા રૂલ સારા સુખી નરનારી;
સદા લોક પ્રિય ઉદાર વિચારા,
રાજા જેન સર્વ પ્રજા દિલ પ્યારા.
૫ માતુ આચ્છોબાની સખાવત સારી,
જેહી ગુણુ વરણે સહુ નરનારી;
સદા દિલ દાતા દુઃખ હરનારાં,
રાજા જેન સર્વ પ્રજા દિલ પ્યારા.
૬ રાણીજી સખાવત અત્યંત ભારી,
જેહી ગુણુ નીતિ રીતિ શુભ ધારી.
સદા સત્ય દાનાં સરસ વિચારા,
રાજા જેન સર્વ પ્રજા દિલ પ્યારા.
૭ પ્યારેબીબી કુંવરી સદા શુભ પ્યારાં,
બોલે મીઠું મીઠું લાગે બહુ પ્યારાં;
કુંવરશ્રી સદા શુભ, જ્ઞાની અપારા,
રાજા જેન સર્વ પ્રજા દિલ પ્યારા.
૮ દરબારી જનો સહુ વિવેક ભારી,
જેહી શુભ દિલે વિવેક અપારી;

સહુ નીજ ધર્મ ગણે શુભ પ્યારા,
રાજા જેન સર્વ પ્રજા દિલ પ્યારા.

દોહરા.

એવી રીતે આપના, સત્ય તણો પ્રકાશ;
ડાહ્યાલાલ વાણી વદે, જેનરાયના પાસ.
આનંદ આજે ઉરમાં, કેતાં નાવે પાર;
આશિષ ડાહ્યાલાલની, વારમવાર હજાર.
રીદ્ધિ સીદ્ધિ આપને, સદા દીયો જગરાય;
ડાહ્યાલાલ કે દિલથી, દિન દિન વૃદ્ધિ થાય.

આમિન.

લી. સેવક,
કવિ ડાહ્યાલાલ મલુશંકર જોશી.
દસાડા–કાઠીયાવાડ.
તા. ૧૫–૪–૧૯ ગુરૂવાર. મુ. જૈનાબાદ.

નવસૈયદ પીરના દીદારે જવાની ધામધુમ.

છો પ્રતાપના કુળદીવા એ રાગ

૧ જયરાય જેનભા ભારી, તમ કીર્તી ગાયે નરનારી;
જૈનાબાદ નામે ગામ, તહાં આપે કર્યો વિશ્રામ;
કીધી માનતા પીરની ભારી, તમ કીરતી ગાયે નરનારી.
૨ વાજીંત્ર વિધવિધ થાએ, બેન્ડ વાજામાં જશ ગાએ;
મળ્યાં પુરતણાં નરનારી, તમ કીરતી ગાયે નરનારી.

૩ સખાવત સારી કીધી, સઉ લોકની આશિષ લીધી;
ભોજન જમાડયાં બહુ ભારી, તમ કીરતી ગાયે નરનારી.
૪ પાંચ બજ્યાની વેળા થઇ, જશ ડંકામાં વધાઇ;
પીરદીદારે ચાલ્યાં નરનારી, તમ કીરતી ગાયે નરનારી.
૫ ધામધુમથી સરગસ ચાલ્યું, પુર વચ્ચે થઇને માલ્યું;
આવ્યું પીરતણે દરબારી, તમ કીરતી ગાયે નરનારી.
૬ નવ પીરસૈયદ નામદાર, છે હાજરાહજુર શુભકાર;
તેમના દીદાર કર્યા ધરી પ્યારી, તમ કીરતી ગાયે નરનારી.
૭ ગલેપ પીરને ચડાવ્યો, જેનબાને આનંદ આવ્યો;
સાથે સ્નેહી વર્ગ અપારી તમ કીરતી ગાયે નરનારી.
૮ સ્તુતિ પીરની શુભ કીધી, પીરતણી પ્રીત શુભ લીધી.
થાએ સરવે આનંદ ભારી, તમ કીરતી ગાયે નરનારી;
૯ મશાલની વેળા થઈ, ચોપદારની છડી શુણાઈ;
મળ્યાં સર્વે સજ્જન પ્રિત ધારી, તમ કીરતી ગાયે નરનારી.
૧૦ ગુણીજન જશ બહુ ગાએ, જેન રાજા અતી હરખાએ:
ખુશી થાએ સહુ નરનારી, તમ કીરતી ગાયે નરનારી.
૧૧ સરઘસ સરવે ચાલ્યું, જઇ જીન મુકામે માલ્યું:
બેઠા સભા ભરી નામદારી, તમ કીરતી ગાયે નરનારી.
૧૨ તીહાં કવિતા વિદ્યાર્થી ગાએ નરનારી સહુ હરખાએ.
હર્ષ આવે બહુ આ વારી, તમ કીરતી ગાયે નરનારી.
૧૩ ઉત્સવ આ શુભ ઉજવાયો, દાસ ડાહ્યાને આનંદ આવ્યો;
આપે આશિષ વારમવારી, તમ કીરતી ગાયે નરનારી.

આમિન.

જૈનાબાદ પટલઈની પાઘડી.

હરિગીત.

૧ આનંદ આજે ઉરમાં, અપાર અમને થાય છે;
પટલઇ જૈનાબાદની, સુહર્ષથી અપાય છે.
સૈયદ સેદુભાઇને, વહોરા મહમદ શુભ નામજી;
આનંદ વરત્યો સર્વને, રાજી પ્રજા તમામજી.

૨ છે ગુણ સારા દિલ ઉદારા, વિવેકવંત વિરજી;
ધર્મપરાયણ સત્યવંત, ધારણવંતા ધીરજી.
સદા નીતિ દિલપાક, રૂડાં લક્ષણ શુભ કામજી,
આનંદ વરત્યો સર્વને, રાજી પ્રજા તમામજી.

૩ શુભ નગરમાં થઇ જાણ, સૌકો લોક હર્ષ પામીયા;
આજે અધિક આનંદ, સર્વ દિલ હર્ષ જામીયાં.
વાહવાહ સૌ મુખ થાય, રાજી થયું રૂડું ગામજી;
આનંદ વરત્યો સર્વને, રાજી પ્રજા તમામજી.

૪ સદા નીતિ રૂડી પાળીને, કરો રાયનાં શુભ કામજી;
સદ્વૃત્તિ રાખો દિલમાં, યશવંત શોભે નામજી.
શુભ કર્મથી રાજા પ્રજાની, પ્રીતિ લીયો શુભ નામજી;
આનંદ વરત્યો સર્વને, રાજી પ્રજા તમામજી.

દોહરો.

દિન દિન શુભ કર્મો કરી, જશ પામો જગમાંય;
નીતિ રીતી પાળીને, કામ કરો સુખ થાય.

આમિન.

નામદાર દાદા નસીરોદ્દીનની
સંદલની ધામધુમ.

દસરથપુર નામે શાહેર દીસે છે સારૂં--એ રાગ.

૧ થયો આનંદ ઉર અપાર જેનખાં રાજા,
સંદલ ચડાવા કાજ સદા શિર તાજા.
૨ થયો ડંકો જાણીવાર બેન્ડ શુભ વાગ્યું,
આનંદ થયો અપાર સહુ શુભ લાગ્યું.
૩ રાત્રીના નવનો અમલ થયો છે જ્યારે,
મળીયો સજ્જનનો સાથ સદા શુભ ત્યારે.
૪ કુટુંબી ભાઇયો પ્રેમ કરીને આવ્યા,
મુત્સદ્દી વર્ગ પ્રેમ બહુ મન લાવ્યા.
૫ મળીયો માઝનનો સંઘ પ્રિત બહુ ભારી.
નગરીનાં નર ને નાર મળયાં શુભ કારી.
૬ વાજાં વાગે શ્રીકાર આનંદ બહુ થાએ,
સુંદરીઓ ગાએ ગીત ઉર હરખાએ.
૭ દારૂખાનાની ધુમ મચે છે સારી,
રોપાયાં આતસ ઝાડ બહુ રંગ ધારી.
૮ છે રોશનીનો આનંદ મગન મન થાએ,
છુટે નવરંગી ઝાડ દિલ હરખાએ.
૯ સરગસ ચડીયો શ્રી કારપુરની માંહે,
આવ્યું છે આનંદભેર દાદા પીર જ્યાંહે.

૧૦ સંદલ ચડાવ્યો શુભ જેનલા રાએ,
ગવૈયા ગાએ ગીત આનંદ બહુ થાએ.
૧૧ કવિયો ગાએ કવિત શુણે શુભ રાજા,
છે દિલ તણા દરીઆવ સદા શુભ તાજા.
૧૨ તુબરખ વહેંચી અપાર પ્રિત બહુ ભારી,
લે નગરીનાં નરનાર હોંશ દિલ ધારી.
૧૩ કરી પીર તણાં દીદાર સહુ જન ચાલ્યાં,
આવ્યાં જેન તણે દરબાર મહાસુખ માલ્યાં.
૧૪ એમ આનંદ થયો અપાર ગુણીજન ગાએ,
દાસ ડાહ્યાને આનંદ ઉર નવ માએ.
૧૫ છે વારમવાર આશિષ જેનખાં રાજા,
તમે સદા રહો સુખમાંય ગરીબ નીવાજા.

આમિન.

તા. ૨૭-૪-૧૯ રવીવાર

દાદા પીરની સ્તુતિ. દસાડા.

તા. ૨૭-૪-૧૯ રવીવાર.

ભુજંગી છંદ.

૧ દાદા પીર સ્તુતિ કરૂં પ્રેમ ધારી;
કૃપાળુ દાદા અર્જ શુણો અમારી,
દયાવંત દાતા સદા શુભ કારી;
દાદાપીર વિનતી આ શુણો અમારી.

૨ નગર નરનારી સહુ ગુણ ગાએ;
સ્તુતિ આપ કરતાં સુખ બહુ થાએ,
સલામો કરે સહુ વારમવારી;
દાદાપીર વિનતિ આ શુણો અમારી.

૩ પ્રજા આપની છે સદા યશ નામી;
મલેક રાજન સદા ગુણ ગામી,
સદા સદ્વૃત્તિ સહુ દિલ ધારી;
દાદાપીર વિનતિ આ શુણો અમારી.

૪ પ્રિતિ પીર આપ તણી બહુ ભારી;
સદા શુભ સંભાળ રાખો અમારી,
સલામો કરૂં પીર વાર હજારી;
દાદાપીર વિનતી આ શુણો અમારી.

૫ પરચો તમારો સદા પીર ભારી;
મલેક મહારાજ કૃપા અપારી,
કૃપા પીર આપ તણી બહુ સારી;
દાદાપીર વિનતિ આ શુણો અમારી.

૬ સ્તુતિ આપ કરતાં પ્રિય પીરમાગું;
કૃપા શુભ પ્યારા લગી પાય લાગું,
સદા મેહેરબાની રાખો બહુ સારી;
દાદાપીર વિનતી આ શુણો અમારી.

દોહરો.

દસરથકે મહારાજ તુમ દાદાપીર દયાલ,
સ્તુતિ કરૂં હું સ્નેહથી આવે ઉરમાં વહાલ.

દસરથકે દરબાર શુભ મલેકવંશી જેહ,
આનંદ બક્ષો સર્વદા માગુ મુખથી એહ.
સ્તુતિ કરતાં આપની દુઃખ દળદર દુર થાય,
ડાહ્યાલાલ કે દિલથી આનંદ અંગ ન માય.

જય થાઓ.

આમિન.

તા. ૧૬-૫-૧૯ શુક્રવાર.

નામદાર દરબારશ્રી જેનખાનજી સાહેબ દસાડા.

મનહર.

શાન્ત હે સ્વભાવ જાકો સત્ય હે સ્વભાવ જેહી;
નીતિમેં નીપુણ રાજા જેનમન માન્યો હેં,
સાગર સ્વભાવ જેહી સદા ધર્મ જ્ઞાની રાય;
પરોપકાર વૃત્તિ એહી પ્રેમસેં પીછાન્યો હેં.
સરલ સ્વભાવ રાજા વિદ્યાકો વિલાસી વિર;
પ્રજાપ્રતિપાળ રાજા જેનખાન જાણ્યો હેં,
કહે ડાહ્યાલાલ કવિ જોરભાકે નંદ આજ;
દિલ દરીયાવ રાજા પ્રેમસેં પ્રમાન્યો હેં.

૨

રૂડી રાજ નીતિ સદા ન્યાયવંત શોભી રહી;
પ્રજા પાલવેમેં રાજા તત્પર તૈયાર હે,

સદાય સુધારામાંહી ચિત્ત જાકો ચોટત હે;
ગંભીર હે જ્ઞાન જાકો, હાકેમ હુશિયાર હે.
સગાને સમંધી જેહી ચાહત હે ચિત્ત મહીં;
સર્વ પ્રજા ઉપરેં અપાર જેનો પ્યાર હે,
કહે ડાહ્યાલાલ કવિ દસાડા દરબાર જેન;
સત્યકો સાગર ઓહી ગુણકો ભંડાર હે.

ભુજંગી છંદ.

૧ સદા શાન્ત વૃત્તિ નીતિ ગુણ સારા;
પ્રજા પ્રતિપાળ દિલના ઉદારા,
સદા સત્ય જ્ઞાની વિવેક અપારા:
રાજા જેન સર્વ પ્રજા દિલ પ્યારા.

૨ નેકી શુભ ટેકી જગેં સહુ જાણી;
સદા ગુણ સારા નીતિમેં પ્રમાની,
કીધા રૂલ સારા પ્રજા સુખ કારી;
રાજા જેન સર્વ પ્રજા દિલ પ્યારા.

૩ સદા શુદ્ધ વૃત્તિ, દયાવંત ભારી:
રૂડા ગુણ ગાએ, સહુ નર નારી.
અન્ય ગુણ શોભે, સદા સહુ સારા:
રાજા જેન સર્વ, પ્રજા દિલ પ્યારા.

૪ સદા શુભ પ્રિતી સર્વકો પીછાણે:
સગાં સંમધીની રીતિ જેહી જાણે,

સદા શુભ ઇચ્છાએ કીધા સુધારા;
રાજા જેન સર્વ પ્રજા દિલ પ્યારા.

દોહરા.

૧ સત્વ ગુણે શોભે સદા જેનખાન દરબાર;
ડાહ્યાલાલ વાણી વદે અધિકો આવે પ્યાર.
૨ આશિષ વારંવાર એ, છે પ્યારા દિનનીશ;
ડાહ્યાલાલની વિનતી સફળ કરો જગ દિશ.

આમિન.

દસાડા તા. ૧૬-૫-૧૯. વૈશાખ વદી બીજ સંવત ૧૯૭૫.

શ્રી

પટલાઇની પાઘડી.

દોહરા.

સંવત છે શુભ ઓગણી પંચોતેર કેવાય;
વૈશાખ વદી બીજને શુક્રવાર ગણાય,
ઉજવળ દીવસ આજનો શુભરાતનો દીન;
મુળજી નથુને પાઘડી પટલાઇની નવીન.
સ્નેહી મળીયા સ્નેહથી આનંદનો નહિ પાર;
બંધાવે છે પાઘડી જેનખાન દરબાર,
સૌને આનંદ આવીયો હર્ષ કયો નવ જાય;
ડાહ્યાલાલ કે દીલથી વાહવાહ મુખ થાય.

હરિગીત છંદ.

૧ આનંદ આજે ઉરમાં અપાર અમને થાય છે;
પટલાઇ મુળજી ચાવડાને હર્ષથી અપાય છે,
શુભવાર શુક્ર આવીયો શુભરાતકેરો દીનજી;
મુળજી નથુને પાઘડી પટલાઈની નવીનજી.

૨ છે ગુણ સારા દીલ ઉદારા વિવેકવંતા વીરજી;
રાજકાજમાં નીપુણને ધારણવંતા ધીરજી,
નીતિરીતિ સારી સદા શુભ કામમાં પ્રવીનજી;
મુળજી નથુને પાઘડી પટલાઈની નવીનજી.

૩ સજન મળીયા સ્નેહથી આનંદ સૌને થાયછે;
અધિકારીને આનંદ આજે ઉરમાં છવાયછે,
નાના મોટા સહુ સજનો આનંદમાં તલ્લીનજી;
મુળજી નથુને પાઘડી પટલાઇની નવીનજી.

૪ શુભ ગામમાં થઈ જાણને આનંદ સૌકો આવીયા;
પરસ્પર વધામણી દરબારમાં પધરાવીયા,
શુભ વાત શુણી શ્રવણે મગ્ન થયા પ્રવીનજી;
મુળજી નથુને પાઘડી પટલાઈની નવીનજી.

૫ સર્કરા વેહેંચી સ્નેહથી અત્તર ગુલાબ અર્ચાયછે:
નાગરવેલી પાનનાં બીડાં પ્રિતે અપાય છે,
ગાએ ગવૈયા ગાન કવિતા કવિયો પ્રવીનજી;
મુળજી નથુને પાઘડી પટલાઇની નવીનજી.

॥

દોહરા.

એમ ભલો ઉત્સવ થયો આનંદ સૌનેથાય,
ડાહ્યાલાલ કે દિલથી આનંદ અંગ ન માય;
પટેલ તમો પ્રિતથી કરો રાજનાં કાજ,
નીતિ રીતિ રાખતાં હરખે સકળ સમાજ.
આશિષ ડાહ્યાલાલની સકળ સભાને એહ,
સહકુટુંબ સુખી રહો યશવાધો સહુ એહ;

આમિન.

ગરબી.

તા. ૧૯-૫-૧૯ સોમવાર

૧ રાજા જેનખાન સદા ગુણ જાણુ છો જો;
રૂડી નિતિ રિતિ પ્રમાણુ છો,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.

૨ રૂડાં વિદ્યાનાં વિશેષ બીજ વાવીયાં જો;
સત લક્ષણનાં બીજ રોપાવીયાં,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.

૩ ન્યાઈ નેકવંત સદાય શોહામણા જો;
રૂડી રાજ નીતિમાં નહિ મણા,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.

૪ સદા સખાવત રાજ્યમાં શોભી રહી જો,
તેથી કીર્તિ સદાય વૃદ્ધિ થઈ,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.

૫ આપ રાજ્યમાં સુધારા કીધા છે ઘણા જો;
પ્રજા ઉન્નતિના કામમાં નહિ મણા,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.

૬ દયા દિલમાંહી દાના આપને ઘણી જો;
નિત્ય સંભાળ રાખો ગરીબ તણી,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.

૭ માન વિદ્વાનોને આપો છો અતી ઘણાં જો;
થાય કદર ખુશી દિલ તે તણાં,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.

૮ હવા મહેલ ને બગીચાની શોભા ઘણી જો;
વોટરવર્કસ ને જીનની શોભા બણી,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.

૯ રૂડી મદ્રેસા બનાવી મનમાનતી જો;
સદા સત્ય વિદ્યાથી આપે શાનતી,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.

૧૦ ગામો ગામ બહુ ઝાડવાં રોપાવીયાં જો;
આપ વસ્તીને સુખ બહુ આવીયાં,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.

૧૧ મોટરકાર સદાય છે સોહામણી જો;
જોહી આનંદ સદા આપે ઘણી,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.

૧૨ એવા અનેક સુધારા તે આપે કર્યા જો;
નીજ પ્રજાનાં દુઃખ તે દુર કર્યા,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.
૧૩ પ્યારેબીબી કુંવરી મીઠું બોલે છે ઘણું જો;
સદા પ્રેમાળ દિલ છે તેઓ તણું,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.
૧૪ કુંવર મહમ્મદ અઝીઝખાં ગુણી ઘણા જો;
સદા લક્ષણ શુશિલ કુંવરશ્રી તણાં,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.
૧૫ રૂડા દિવાન મણિભાઇ શોભતા જો;
સત્ય ન્યાયથી અધિક રૂડા ઓપતા,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.
૧૬ વજીર ઉસમાનભાઇ, વિવેકવંત છે જો;
રાજ કામ કર્યાની જેને ખંત છે,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.
૧૭ ફોજદાર જેશંકર ગુણવાન છે જો;
જેનાં કામ સદા પરમાણ છે,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.
૧૮ પિચ્છાભાઇ અધિક જ્ઞાને ઓપતા જો;
સત્ય સ્વભાવે સદા જેહી શોભતા,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.
૧૯ સહુ દરબારી મનુષ્ય નીતિવાન છે જો;
જેનું ઉંચા પ્રકારનું જ્ઞાન છે,
રાજા જેનખાન, સદા ગુણવાન છો જો.

૨૦ રૂડી પ્રજા સદાય ધર્મવંત છે જો;
જેને નીતિ પાળ્યાની ઘણી ખંત છે,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.
૨૧ દાસ ડાહ્યાને, રાખો છો રૂડી રીતથી જો;
જેણે ગરબી ગાઇ છે બહુ પ્રિતથી,
રાજા જેનખાન, સદા ગુણ જાણુ છો જો.

શ્રી

સિંહાસન.

દોહરા.

૧ સિંહાસન સોહામણું, સુંદર રૂપ અપાર:
દેખી ડાહ્યાલાલને, પુરણ પ્રગટ્યો પ્યાર.
૨ પગથીયાંનો પાટ તે, ચાંદીમય કહેવાય:
જડીયો ભરગચી થકી, અધિક શોભા થાય.
૩ સિંહાસન સ્વરૂપ તે, સિંહતણું કહેવાય:
બે બાજુ શોભી રહ્યા, જોતાં આનંદ થાય.
૪ પંજા પેખી સિંહના, વાધ્યો પ્રેમ અપાર;
સાથળ છાતી નીરખતાં, આનંદનો નહિ પાર.
૫ સુંદર મુખ રળીયામણું, સુવર્ણ કેરાં દંત:
જીભ બનાવી પ્રિતથી, કારીગરની ખંત.
૬ હોઠ સુંદર શોભી રહ્યા, હસતાં મુખ જણાય:
તે દેખીને ઉરમાં, નવીન હર્ષ ઉભરાય.

૭ કેશ રૂડા રળીયામણા, જોયા ધરીને પ્રિત;
આંખોમાં હીરા જડયા, તે પર ચોટયું ચિત્ત.
૮ કાનતણી શોભા કહું, મુખે કહી નવ જાય;
ગરદન દેખી પ્રેમથી, અધિક અંગ હરખાય.
૯ વાંસો જોઈ વિવેકથી, કટી લંક જોવા મન;
પુછડીએ પાનાં જડયાં, નીરખી આનંદ તન.
૧૦ ગાદી ભરગચી તણી, જડી સિંહાસન માંય;
પાછળનો શુભ ભાગતે, જોયો પલકજ માંય.
૧૧ તાજતણો આકાર તે, સુંદર રૂપ અનુપ;
ચાંદી સોનાથી જડયો, જેનું રૂડું રૂપ.
૧૨ આખું સિંહાસન તે, ચાંદી સોના સાર;
બની કોરને કાંગરી, કારીગર હુશિયાર.
૧૩ સુંદર જાળી ચોક તે, શોભે છે બહુ સાર;
બહુ વિધ કરી બનાવીયું, શોભાનો નહિ પાર.
૧૪ એવા શુભ સિંહાસને, બીરાજે દરબાર;
રાજા જેનને નીરખતાં, પુરણ પ્રગટે પ્યાર.
૧૫ સંવત સારો ઓગણી, પંચોતેરની સાલ;
જેષ્ટ સુદી પુર્ણિમા, ઉરમાં આવે વ્હાલ.
૧૬ ડાહ્યાલાલ કે દિલથી, પ્યારા અમ આશિષ;
સહકુટુંબ સુખી રહો, ભલું કરો જગદિશ.

આમિન.

કવિત.

સિંહાસન દેખી શુભ, આનંદ અપાર ભયો;
જેન દરબાર તેરો, તખ્ત બહુ ભારી હે.
ઠામ ઠામ કારીગરી, કીની બહુ પ્રેમ કરી;
સિંહાસન કેરી શોભા, રાય બહુ સારી હે.
નીરખી આનંદ મુને, અધિક અધિક ભયો;
પેખ્યો બહુ પ્રેમ કરી, સદા સુખકારી હે.
ડાહ્યાલાલ દિલ આજે, આનંદમેં આયો અતી;
સિંહાસન જોવા મુને, હોંશ તો હજારી હે.

જય થાગો.

આમિન.

કામદાર સાહેબ મણિશંકરભાઈ.

તા. ૨૫-૫-૧૯ રવીવાર

ચોપાઇ.

૧ શુભ દિવાન મણિભાઈ નામ, જેનું ઉંચું દીસે જ્ઞાન;
શુભ ન્યાઈ નેકી કહેવાય, ન્યાય સદા જેનો વખણાય.
૨ પ્રજાને સમજાવે સાર, હોંશ અતી સદા હુશિયાર;
રાજ્ય તણાં શુભ કામો જેહ, ન્યાય થકી ચલાવે તેહ.
૩ ધર્મવંત ને ધારણ ધીર, શાન્ત પ્રકૃત્તિ છે શુભ વિર;
ખાનદાન કુળના છે જેહ, પ્રજા ઉપર અદકો સ્નેહ.

૪ ફરજ બજાવે રૂડી પેર, સૌને આનંદ અદકી લ્હેર;
નાગર કુળ સદા શુભ કામ, મણિભાઈ શોભાવ્યું નામ.
૫ પ્રજાનો પુરણ પ્રેમ લીધ, રાજ્ય તણાં કામો શુભ કીધ;
દાના દિલ સદા દરિઆવ, સત્ય ન્યાય તણો લે લાવ.
૬ ધર્મ શુભ વખણાએ જેહ, પ્રેમ થકી પાળે છે એહ;
શુભ વૃત્તિ સદાય ગણાય, મણિભાઈ સદા વખણાય.
૭ ડાહ્યાલાલ તે દિલથી કહે, અધિકો આનંદ ઉરમાં લહે;
જોઈ દિવાન તણાં શુભ કામ, આનંદ આવે આઠેજામ.
૮ એવા દિવાન મણિભાઈ જેહ, સદા સુખી રહોજી તેહ;
ડાહ્યાલાલની એહ આશિષ, સદા સફળ કરો જગદિશ.

દોહરા

વૃજલાલભાઇના સુત તે, મણિભાઇ ગુણ જાણ;
નેક ન્યાયથી શોભતા, પવિત્રતા પ્રમાણ.
સદ્‌વર્તનથી સર્વદા, કરો રાયનાં કામ;
આશિષ ડાહ્યાલાલની, રહેજ્યો અવિચળ નામ.

તથાસ્તુ.

વજીર ઉસમાનમીયાં.

તા. ૨૫-૫-૧૯ રવીવાર.

દોહરો.

૧ વજીર ઉસમાનભાઈ તે, ધારણવંતા ધિર;
સાચા ને સુલક્ષણા, વિવેકવંત વજીર.
૨ નીતિ ને શુભ રીતિથી, કરે રાજનાં કાજ;
કામ કરે શુભ ન્યાયથી, હરખે સકળ સમાજ.
૩ ઉત્તમ જ્ઞાને ઓપતા, જાફરભાઈના તન;
દાના ને દાનેશ્વરી, જેનું નિર્મળ મન.
૪ સખાવત સારી સદા, નીતિમાં નિપુણ;
સત્યવંત સુલક્ષણા, ઉત્તમ એહી ગુણ.
૫ નીજ ધર્મે નિપુણ જે, ન્યાયી નેક વજીર;
હોદ્દો પર્સનલ ભોગવે, ધારણવંતા ધીર.
૬ ગરીબ ગરબાને વળી, આપે ઉત્તમ દાન;
વિદ્વાનોને પ્રિતથી, સદા દીએ સન્માન.
૭ નિજ રાજાના કામમાં, તન મન અરપે એહ;
નિમકહલાલી નોકરી, સદા કરંતા જેહ.
૮ ઉત્તેજન આપે સદા, વિદ્યાનાં શુભ કામ;
જાફરભાઈના પુત્રનું, નવખંડ રહેશે નામ.
૯ સૈદુમીયાંભાઈ તેહના, બન્નેભાઇની જોડ;
કરે રાજનાં કામ તે, ન મળે ખામી ખોડ.

૧૦ પ્રેમી દિલ છે જેહનું, દિલ સદા દરિઆવ;
જેનખાન દરબારનાં, કરે કામ ધરી વ્હાલ.
૧૧ એવા સૈયદ વિરનું, સદા હુજ્યો કલ્યાણ;
આશિષ ડાહ્યાલાલની, સદા રહો પ્રમાણ.
૧૨ તારીખ પચીસ મેહની, રવિવાર કહેવાય;
સને ઓગણઓગણી, આશિષ શુભ અપાય.
૧૩ ડાહ્યાલાલ વાણી વદે, ઉજવળ રાખી મન;
સહકુટુંબ સુખી રહો, જાફરભાઇના તન.

આમિન.

કવિત.

સદા નેક ટેક ઓહી, દિલમેં જણાય જેહી;
જાફરભાઈ નંદ ઉસમાન, આજ જાણ્યો હે.
નીતિ શુભ રીતી જાકે, દિલમેંહીં શોભે સદા;
પવિત્ર પ્રમાણી શુભ, પ્રીતસેં પ્રમાણ્યો હે.
દિલ દરિયાવ જેહી; દાનમેં નિપુણ સદા;
જાફરભાઈ નંદ શુભ, પ્રેમસેં પીછાણ્યો હે.
કહે ડાહ્યાલાલ કવિ, સૈયદ સુજાણ આજ;
વઝીર ઉસમાન આજ, ઉરમેંહી આણ્યો હે.

જય થાઓ.

આમિન.

ઇચ્છાભાઈ.

દોહરા.

૧ ડેપ્યુટી કામદાર જે, ઈચ્છાભાઈ ગુણવંત;
કામ બજાવે સ્નેહથી, કામ કર્યાની ખંત.
૨ સાચાને સુલક્ષણા, નિર્મળ જેનું મન;
કામ કરે છે પ્રિતથી, આનંદ રાખી તન.
૩ નેક ટેક સારી સદા, ન્યાયવંત કહેવાય;
પ્રજા સરવે પ્રિતથી, ગુણ રૂડેરા ગાય.
૪ સત્યવાદી શોભે સદા, પ્રેમી ગુણ અપાર;
કામ કરે દરબારનાં, પુરણ લાવી પ્યાર.
૫ નિર્મળ મન છે જેહનું, ધર્મવંત ગણાય;
ઈચ્છાભાઈના ગુણ તે, ગુણીજન મુખથી ગાય.
૬ સદાય વૃત્તિ શુદ્ધ છે, નીતિમાં નિપુણ;
ઇચ્છાભાઇ સુલક્ષણા, ગવાય જેના ગુણ.
૭ એવા ઇચ્છાભાઇને, સદાય અમ આશિષ;
ડાહ્યાલાલ કે દિલથી. ભલું કરો જગદિશ.

આમિન.

ફોજદાર જેશંકરભાઈ.

કવિત.

ફોજદાર જેશંકર, ફરજ બજાવે અતી;
સદા ગુણ ધામ જેહી, સત્યગુણ જ્ઞાની હે.
કરે દરબાર તણાં, કામ બહુ પ્રિત કરી;
સાચા સુજાણ ઓહી, અદલ ઇમાની હે.
સુશિલ સ્વભાવ જાકો, સત્યહે સ્વભાવ જેહી;
સદા હુશિયાર જેહી, શુભ ગુણ ખાની હે.
કહે ડાહ્યાલાલ કવિ, દયાળજી સુત આજ;
સદા ગુણધામ ઓહી, સત્ય સનમાની હે.

૨

નિડર સ્વભાવ જાકો, નમ્રતા અપાર દીસે;
કામકાજમેં નિપુણ, અદલ ઇમાની હે.
ન્યાયી સદા નેકવંત, સત્ય ગુણ જાણ્યો સદા;
ખાનદાન કુળવંત, સદા ગુણ ખાની હે.
દયાળજી સુત સદા, નેકવંત દીસત હે;
અદલ ઇન્સાફ ઓહી, પવિત્ર પ્રમાની હે.
ડાહ્યાલાલ સત્ય કેવે, આશિષ અપાર દેવે;
ફોજદાર જેશંકર, સદા ગુણ જાની હે.

રમણુલાલભાઈ.

દોહરા.

૧ મોતીલાલના દીકરા, રમણુલાલ શુભ નામ;
સત્ય દીલ શોભે સદા, કરે રાયનાં કામ.

૨ નીતિમાં નીપુણુને, ધારણુવંતા ધીર;
નિર્મળ દિલ છે જેહનું વિવેકવંતા વિર.

૩ કરે કામ દરબારનાં, પુરણુ લાવી પ્યાર;
સાચા ને સુલક્ષણા, હિમતવંત હુશિયાર.

૪ બહુ પ્રેમથી રાયનાં, કરે સદા શુભ કામ;
આનંદ રાખે ઉરમાં, કામ કર્યાની હામ.

૫ માતુ આજોબા તણા, કામદાર કહેવાય;
ન્યાયવંત શોભે સદા, નીતિ સદા વખણાય.

૬ સદા દીલ શુભ જેહનું, નિર્મળ જેનું મન;
મોતીલાલના દીકરા, રમણુલાલ રતન.

૭ દીલ સદા દરીયાવ છે, દાન સદા વખણાય;
મોતીલાલના દીકરા, ગુણવંત એહ ગણાય.

૮ કુળ સદા આહુામણું, ખાનદાન ગણાય;
ડાહ્યાલાલ કે દીલથી, સત્યવંત લેખાય.

૯ સાકર સુત સુલક્ષણો, સુણી કવિતા સાર;
ઇનામ આપ્યું હોંશથી, પુરણુ લાવી પ્યાર.

૧૦ એવા રમણુલાલને, સદા શુભ આશિષ;
સુખી રહોજી સર્વદા, ભલું કરો જગદીશ.

આમિન.

વહીવટદાર નુરમહમ્મદ
અને
ગુલામમહમ્મદ કાદરી.

દોહરા.

૧ નુરમહમદને કાદરી વહીવટદાર ગણાય,
કામ કરે બહુ નેકથી સત્યવંત જણાય.
૨ સ્વભાવ જેના શાન્ત છે, છે દાના રણવીર,
પ્રજા ઉપર પ્રિતતે સદા રાખે બળ ધિર.
૩ કામકાજે નીપુણ એ રૂડાં જેના મન,
બન્ને વહીવટદારતે રાજ્ય તણાં રતન.
૪ સાચાને સુલક્ષણા નિર્મળ જેનાં મન,
કામ કરે છે રાયનાં આનંદ રાખી તન.
૫ અહોનિશ દરબારનાં કામ કરે ધરી પ્યાર,
નુરમહમદને કાદરી હિસાબમાં હુશિયાર.
૬ એવા બન્ને વિરને સદા અમ આશિષ,
ડાહ્યાલાલ કે દીલથી ભલું કરો જગદીશ.

આમિન.

વિનતી પત્ર.

દોહરા.

વિદ્વાનોને વિનવું પુરણ લાવી પ્યાર,
જશ સાગર પ્રિતેં લખ્યો યથામતિ અનુસાર.
આનંદ આવ્યો ઉરમાં ગ્રંથ લખ્યો ધરી પ્યાર,
ભુલચુક ક્ષમા કરો જ્ઞાની ગુણ ભંડાર.
વિદ્યાસાગર રૂપ છે કોય ન પામે પાર,
જગકર્તાની પ્રિતથી ગ્રંથ લખ્યો નીરધાર.
મલુશંકરનો સુત હું ડાહ્યાલાલ છે નામ,
દસરથપુર સોહામણું એ વસવાનો ઠામ.
પ્રિતી ઈચ્છું સર્વની સદા ઈચ્છું કૃપાળ,
ઇષ્ટદેવ કૃપા થકી અધિકો આનંદ થાય.
આશિષ આપું સર્વને સદા હજ્યો કલ્યાણ,
આશિષ ડાહ્યાલાલની માની લ્યો પ્રમાણ.

આમિન.

શુભં ભવતુઃ



શુદ્ધિ પત્રક.

લીટી	અશુદ્ધ.	શુદ્ધ.	પાનું.
૧૩	અપાય	અમાપ	૩
૧૭	કામદારને	કામદાર	૮
૧૯	માણસોને	માણસો	૮
૧૨	બંગલાની બારી નજદીક	બંગલા ઉપર બારીની નજદીક	૧૧
૬	મને બનાવવાની	બનાવવાની	૧૫
૭	પ્થારો	પ્યારો	૭
૮	સ્વભાભ	સ્વભાવ	૭
૧૮	રજન	રજની	૧૧
૨૩	સરકારી	સરકારીરે	૧૭
૧૧	સરગસોં	સરગસેં	૪૧
૧૦	સહુ સાર	બહુ સાર	૪૨
૧૪	આ વાર	નીરધાર	,,
૧૧	અપારરે	અપાયરે	૪૩
૫	જોડજી	જાડેજી	૫૫
૧૩	ઇચ્છે છે	આપે છે	૫૭
૪	સાર	સારા	૬૦
૮	માતા મારી	માત અમારી	૬૧
૧	કાર્જ	કારજ	૬૨
૪	સોથલખાનજી	સોયલખાનજી	૬૩
૧૧	સ્વભાવેં	સ્વભાવ	૬૭
૯	જેનખાનજી	શ્રીજેનખાનજી	૬૮
૮	જગપાળ	જગપાળક	૭૩

લીટી	અશુદ્ધ	શુદ્ધ	પાનું.
૨૦	વાધો	વાદ્યો	૭૪
૨	અપારી	અપારહે	૭૬
૩	લેત	લેતેહે	,,
૧૯	પ્યારતેં	પ્યાર તે	,,
૨	ધર્મવાન	ધર્મ વાત	૭૭
૮	તુમ, ધર્મપેંહીં	શુભ, ધર્મપહેં	,,
૫	ફેશનમાં	ફેશનમેં	૮૦
૧૪	ચિરકાલ	ચિરંકાલ	૮૭
,,	આ આપે	આપે	૯૧
૬	વેગે	વેગેં	૯૫
૭	કાદેવ	કાદવ	૯૬
૧૨	શુરવીર	શુરવિર	,,
છેલ્લી.	સુખ તે સારો	સુખ હજારો	૧૦૧
૪	સરસ્વસ્તી	સરસ્વતિ	૧૦૨
૪ છેલ્લેથી.	ઉજવળેં	ઉજવળ	૧૦૪
૫	જ્ઞાન	જ્ઞાની	૧૦૮
૧૦	જનાવરજ	જનાવર જે	૧૧૧
૭ છેલ્લેથી.	મહાલયમાં	મહાલમાં	,,
૪ ,,	તે તો	તો તો	,,
૫	અદકા	અદકાં	૧૧૨
૪	નગણો	નગણે	,,
છેલ્લી.	જાણુજયો	ભણુજયો	,,
૯	કાપે	કાપો	૧૧૪
૧૫	જગપુર	જયપુર	૧૧૭
છેલ્લી	માણે	માણો	૧૧૮

લીટી	અશુદ્ધ	શુદ્ધ	પાનું.
૮	ડંકા	ડંકાને	૧૪૦
છેલ્લી.	સુણે સચ	સુણે સહી	૧૫૫
૧૭	ચંદરફ	સુંદર આ	૧૫૬
૨૦	માણુસો	માણસે	,,
૧૨	તેર	લ્હેર	૧૬૧
૨૦	જોવા છે ખાંત	જોવાની છે ખાંત	,,
૧	પાર્ટિ	પાટી	૧૬૩
૧૫ નીચે	↑	કવિત	,,
૧ કવિત.	જહાં	શુભ	,,
૭	રાજાકાજ	રાજ કાજ	૧૬૬
૧૫	ધરીને રૂપ	જેનું રૂપ	૧૬૮
૧૬	અઝીઝખાનજી ભુપ	અઝીઝખાન ગુણ રૂપ.	,,
૧૧	સહુ સારૂં	બહુ સારૂં	૧૬૯
૧૩	દરબાશ્રીને	દરબારશ્રીને	૧૭૦
૧૩	પ્રસંગ	પ્રસંગે	,,
૧૪	હજો	હજયો	૧૭૧
૬ છેલ્લેથી	પ્રભુ	પ્રજા	૧૭૨
૧૩	હરનારાં	હરનારા	૧૭૭
૨	ધામધુમ	ધામધુમ–દસાડા	૧૮૧
૨	માગુ	માગું	૧૮૪
૩	સગાને	સગાંને	૧૮૫
૧૨	સજનો	સજજનો	૧૮૭
૬	યશવાધ્યો	યશ વાધ્યો	૧૮૮